# કલ્યાણ

વર્ષ ૧૩ : અંક ૧૧ : જાન્યુઆરી : ૧૯૫૬



સંપાદક: સોમચંદ ડી. શાહ

5530

# વિષય દર્શન


| લેખ | લેખક | પેજ |
|---|---|---|
| ક્યાં ઉભા છીએ ? | શ્રી | ૭૧૩ |
| જ્ઞાનગોચરી | શ્રી ગવેષક | ૭૧૫ |
| જૈનદર્શનનો કર્મવાદ | શ્રી ખુબચંદ કેશવલાલ શાહ | ૭૧૯ |
| મધપૂડો | શ્રી મધુકર | ૭૨૬ |
| યોગબિન્દુ | શ્રી વિદૂર | ૭૨૯ |
| આત્મજાગૃતિ | શ્રી પદ્મકુમાર | ૭૩૩ |
| જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા | શ્રી કિરણ | ૭૩૫ |
| રાજદુલારી | શ્રી મોહનલાલ ચુ. ધામી | ૭૪૩ |
| શંકા-સમાધાન | પૂ૦ આ૦ શ્રી વિજયલબ્ધિસૂરિજી મ૦ | ૭૪૮ |
| પવિત્ર પંથ | કુ૦ રંજનબેન દીવાન | ૭૫૧ |
| દ્રવ્યાનુયોગની મહત્તા | પૂ૦ પં૦ શ્રી ધુરંધરવિજયજી ગ૦ | ૭૫૫ |
| જીવનપમરાટો | શ્રી ચંદ્રકાંત પ્રાગજીભાઈ | ૭૫૯ |
| ઈનામી હરિફાઈ | કાર્યાલય તરફથી | ૭૬૨ |
| નિબંધનું પરિણામ | ,, | ૭૬૩ |
| પદોનાં વિવેચનો | શ્રી મણીલાલ મો. પાદરાકર<br>શ્રી વલ્લભદાસ નેણસીભાઈ | ૭૬૬ |
| સ્પષ્ટ ખુલાસો | પૂ૦ મુ૦ શ્રી અભ્યુદયસાગરજી મ૦ | ૭૬૯ |
| જ્ઞાન અને કર્મ | શ્રી ભવાનભાઈ પી૦ સંઘવી | ૭૭૦ |
| સમાચાર સંચય | સંકલિત | ૭૭૨ |
| વહેતાં વહેણો | શ્રી પ્રવાસી | ૭૭૫ |


## આપનું ધ્યાન ખેંચીએ છીએ !

**શ્રી** વર્ધમાનતપ વિશેષાંક ખલાસ થતાં તે સાહિત્ય પુસ્તક રૂપે તૈયાર થયું છે. ગ્રાહક થનાર માટે રૂા. ત્રણ.

લવાજમ પૂરું થતાં એક મહિના અગાઉ ગ્રાહકોને જણાવવામાં આવે છે છતાં કેટલાક ભાઈઓ કશો ખૂલાસો કરતા નથી અને જ્યારે વી-પી થાય છે ત્યારે વી-પી પાછું વાળે છે, પણ એથી 'કાર્યાલય'ને નાહક નવ આનાનો ખર્ચ થાય છે.

આફ્રિકા ખાતે જે જે ગ્રાહક બંધુઓને અંક ન મળ્યાની ફરીયાદ હોય તેઓએ ત્રણ મહિનામાં એક વખત જણાવવાથી જે અંકો નહિં મળ્યાં હોય તે મોકલી આપીશું.

'કલ્યાણ'ના ટાઈટલ ઉપર તીર્થના કે મહોત્સવોના સારા એવા ફોટાઓ કે બ્લોકો મોકલવા.

### ઉ૦પ૦યો૦ગી

નવા દશ ગ્રાહકો બનાવી આપનારને એક વર્ષ 'કલ્યાણ' ફ્રી મોકલીશું.

લવાજમ કે પત્રવ્યવહાર કરતી વખતે 'ગ્રાહક નંબર' અવશ્ય લખવો જેથી કામની સરળતા રહે.

'કલ્યાણ' માસિકની ફાઈલો જુજ છે. બાર વર્ષની ફાઈલોમાં ૧-૨-૩ વર્ષની ફાઈલો મળતી નથી, બાકીની પણ ફાઈલો ગણત્રીની છે, બાઈન્ડીંગ કરેલી તૈયાર ફાઈલના રૂા. પાંચ. પોસ્ટેજ અલગ.

માસિક દર અંગ્રેજી મહિનાની ૧૫ મી તારીખે પ્રગટ થાય છે, તા. ૨૨ મી સુધીમાં ન મળે તો સ્થાનિક પોસ્ટઓફીસમાં તપાસ કરીને કાર્યાલયને જણાવવું.

લેખોની પસંદગી થયા પછી અસ્વીકાર થયેલા લેખો પાછા મોકલવાનો અમારો નિયમ નથી.

વાર્ષિક લવાજમ રૂા. પાંચમાં વર્ષે ૮૦૦ પેજ ઉપરાંતનું વાંચન આપનાર જૈન સમાજમાં આ એક જ માસિક છે,. ગ્રાહક બની-બનાવી સહકાર આપવા નમ્ર વિનંતિ છે.

# ❁ સર્વ કોઈના લાભની એક વાત ! ❁

'કલ્યાણ'નો જાન્યુ૦ નો અંક તમારા હાથમાં છે. મહિના દરમ્યાન કેટ-કેટલી વિવિધ પ્રકારની સાહિત્યસામગ્રી 'કલ્યાણ' સમાજ સમક્ષ મૂકી રહ્યું છે. એ તમને કહેવાનું ન હોય ! હાથનાં કંકણને જોવા, આંખો જ જ્યાં કામ કરતી હોય, ત્યાં આરિસાની જરૂર કેમ હોઇ શકે ?

કલ્યાણે બાર વર્ષ સુધી, અને તેરમા વર્ષના ૧૧ અંક સુધી જે સાહિત્ય પીરસ્યું છે, તે વિવિધ વિષયો ઉપર અને હેતુલક્ષી શૈલીપૂર્વક, એ માટે અમારે વિશેષ કહેવાનું રહેતું નથી.

**આજે** ૧૩ મા વર્ષનો ૧૧ મો અંક તમારી સમક્ષ છે. આ અંકમાં ગુજરાતના સુપ્રસિધ્ધ કથાલેખક અને સિદ્ધહસ્ત કલાકાર શ્રીયુત મોહનલાલ ધામીની વાર્તા 'રાજદુલારી' શરૂ થઈ ગઈ છે. જે ઐતિહાસિક વાર્તા, તમને ભારતવર્ષના હજારો વર્ષ જૂના ભવ્ય ભૂતકાલનું સુખદ સંસ્મરણ કરાવશે. પાને-પાને વાર્તારસ અદ્ભૂત તથા ચમત્કારિક શૈલીએ જામતો જશે, જે તમારા હૈયાને હચમચાવી જશે.

**તદુપરાંત**; 'મધપૂડો' વિભાગ નવી શૈલીયે નિયમિત દર અંકે પ્રસિદ્ધ થશે. 'જ્ઞાન-ગોચરી' વિભાગ પણ તમને અવનવી જુદા-જુદા સામયિકોની ઉપયોગી તથા મહત્ત્વની વાંચનસામગ્રી પીરસશે. 'શંકા-સમાધાન' વિભાગ તમને અનેક ઉપયોગી વિગતો સમજાવશે. 'યોગબિંદુ' અને 'દ્રવ્યાનુયોગની મહત્તા' તમને તત્ત્વજ્ઞાનનું સુધાપાન કરાવશે.

'કલ્યાણ'માં નવી-નવી પારિતોષિક યોજના પ્રસિદ્ધ થતી રહે છે, જે 'કલ્યાણ' પ્રત્યેની મમતાથી પ્રેરાઇને ઉદારદિલ સાહિત્યાનુરાગી ધર્મપ્રેમી સદ્ગૃહસ્થોની આર્થિક સહાયથી સારી રકમના પારિતોષિકો (ઈનામો) 'કલ્યાણ'દ્વારા અપાય છે. આ અંકમાં રૂા. ૬૦) ઉપરનાં ઈનામો જેને ફાળે જાય છે, તેઓનાં નામો પ્રસિદ્ધ કર્યા છે, અને આ અંકમાં નવી ઇનામી યોજના પ્રસિદ્ધ થઇ છે.

'કલ્યાણ'માં આમ અનેક વિભાગો પ્રસિદ્ધ થતા રહે છે, છતાં ખાસ હળવું પણ તત્ત્વજ્ઞાનના અનેક અંગોનું સાહિત્ય પ્રસિધ્ધ થાય તો સારૂં, આ દૃષ્ટિને અનુલક્ષી શ્રી 'કિરણ'દ્વારા સંયોજિત-સંપાદિત 'જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા' વિભાગ પણ નિયમિત પ્રસિધ્ધ થતો રહેશે.

**તેમજ** 'કલ્યાણ'ના હજારો વાંચકોને દેશ તથા દુનિયાનાં વાતાવરણથી માહિતગાર કરવાપૂર્વક, તેમાં યોગ્ય માર્ગદર્શન આપતો એ વિષયના પ્રૌઢ અભ્યાસી 'શ્રી પ્રવાસી'ની અનુભવી કલમે લખાયેલ 'વિશ્વનાં વહેતાં વહેણો' વિભાગ નિયમિત પ્રસિધ્ધ થશે.

અને આ અંકથી શરૂ થતો 'સમાચાર સંચય' વિભાગ જે 'કલ્યાણ'ના હજારો વાંચકોને જૈનસમાજની ઉપયોગી અને મહત્ત્વની હકીકતો, તેમજ મુનિવિહાર, દીક્ષા, પ્રતિષ્ઠા, ઉદ્યાપન, ઉપધાન, ઇત્યાદિ ધર્માનુષ્ઠાનોના પ્રેરક સમાચારો ટુંકમાં મુદ્દાસર તથા રમ્ય શૈલીએ રજૂ કરશે.

આ અને આ સિવાય પૂ૦ પાદ આચાર્યાદિ વિદ્વાન, સુવિહિત પૂ૦ પાદ મુનિવરોની અનુભવી કલમે લખાયેલા મનનીય લેખો, સમાજના ધર્મશીલ અભ્યાસી લેખક ગૃહસ્થોના ઉપયોગી લેખો, તથા નવાં પુસ્તકોની સમાલોચના 'સર્જન-સમાલોચના' જે સમાજને નવાં પ્રકાશનોનો સ્પષ્ટ અને સર્વગ્રાહી સમીક્ષા કરવાદ્વારા પરિચય કરાવે છે. ઇત્યાદિ વિભાગો, તથા દર મહિને, દ્વિરંગી પૂંઠા ઉપર તીર્થસ્થલનો ભાવવાહી ફોટો; આમ ૧૦ ફરમા લગભગનું સમૃધ્ધ તથા જીવનવિકાસમાં ઉપયોગી સાહિત્ય આપનારૂં 'કલ્યાણ' જૈનસમાજની લાખ્ખોની વસ્તીમાં એક માત્ર સર્વોપયોગી માસિક છે, એ અમારે મન ગૌરવપ્રદ હકીકત છે.

'કલ્યાણ' તમારૂં છે, જૈનસમાજના નાના-મોટા સર્વ કોઇનું છે. ધર્મ, શાસન તથા સમાજનું છે. સાહિત્ય અને સંસ્કારનું છે. આ 'કલ્યાણ'નો સમાજના ઘેર-ઘેર, ગામડે-ગામડે, પ્રચાર કરવો એ તમારા હાથની વાત છે.

બે અંકો બાદ 'કલ્યાણ' ૧૪ મા વર્ષમાં પ્રવેશ કરશે. સમાજને વિવિધ વિષયોનું વાંચન દર મહિને લગભગ ક્રાઉન આઠ પેજી સાઇઝના ૮૦ પેજ જેટલું આપતા આ માસિકના વિકાસમાં, પ્રચારમાં તથા ઉત્થાનમાં તમે તમારો સહકાર તન, મન તથા ધનથી આપો!

'કલ્યાણ'ના વિકાસમાં તમે અમને અવશ્ય સહાયક બનો! આ અમારી હકીકત છે, જે તમારા, અમારા અને સમાજના લાભની વાત છે.

નિવેદક: **કલ્યાણ પ્રકાશન મંદિર**
પાલીતાણા [સૌરાષ્ટ્ર]

---


## જા+ખના દર આ મુજબ છે.

| | ૧ માસ | ૩ માસ | ૬ માસ | ૧૨ માસ |
|---|---|---|---|---|
| ૧ પેજ | ૨૫ | ૬૦ | ૧૦૦ | ૧૫૦ |
| ૧/૨ ,, | ૧૫ | ૩૫ | ૬૦ | ૧૦૦ |
| ૧/૪ ,, | ૧૦ | ૨૫ | ૪૦ | ૬૫ |
| ૧/૮ ,, | ૭ | ૧૫ | ૨૫ | ૪૦ |

ટાઈટલ પેજ ૨ જું રૂા. ૩૫, ટાઈટલ પેજ ૩ જું રૂા. ૩૦
ટાઈટલ પેજ ૪ થું રૂા. ૪૦, એક જ વખતના

લખો:- **કલ્યાણ પ્રકાશન મંદિર : પાલીતાણા** (સૌરાષ્ટ્ર)

વર્ષ ૧૩ - અંક ૧૧ - જાન્યુઆરી - ૧૯૫૭

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

# કલ્યાણ

॥શિવમસ્તુ સર્વજગતઃ

## આજે આપણે કયાં ઉભા છીએ ! શ્રી૦

આજે સમગ્ર સંસાર, પોત-પોતાના ધ્યેયમાર્ગ ભણી દોટ મૂકવાની, તેને ઝડપી રીતે પહોંચી વળવાની આશાએ ધપી રહ્યો છે. સુખ, શાંતિ તથા આબાદિની અદમ્ય ઇચ્છાએ આજની દુનિયા ખૂબ જ તીવ્ર ગતિએ આગળ ને આગળ આગેકદમ માંડી રહી છે. ૧૯૫૬ નું ઈસુનું સંવત્સર આજે પૂર્ણ થઈ, ૫૭ મું બેસી ગયું. ગત વર્ષમાં સર્વ કોઇએ કેટ-કેટલી આશાએ પોતાની પ્રવૃત્તિઓનાં પગરણો માંડ્યા હતા, છતાં વર્ષની આથમતી સંધ્યાએ એ બધું શૂન્ય બનીને આજે ઉભું છે !

ભારતદેશની જ વાત કરીએ ! દેશના સર્વ સત્તાધીશોદ્વારા દેશ સમસ્તની સર્વ પ્રજાના અભ્યુદયને માટે કેટ-કેટલીયે યોજનાઓ ઘડાઈ રહી છે. અબજો રૂપીઆના ખર્ચાઓ થઇ રહ્યા છે, છતાં દેશની સુરત આજે દિન-પ્રતિદિન બદસુરત બનતી રહી છે, દેશના લાખો ગામડાઓ, અને સંખ્યાબંધ શહેરોની સ્થિતિ આજે શું છે? જે ગઇ કાલે નંદનવન જેવા ગણાતા ગામડાઓ હતા. આર્થિક, વ્યવહારિક તથા સામાજિક દૃષ્ટિએ ઉન્નત ગણાતા, તે ગામડાઓ આજે કંગાલ બની ગયા છે. ન એકે ગૃહઉદ્યોગ રહ્યો, ન કોઈ જાતનો પરિશ્રમ રહ્યો, કે ન કોઇપણ પ્રકારનો સ્વાશ્રય રહ્યો; કેવલ યાંત્રિક જીવન ઠેઠ ગામડાઓ સુધી ફરી વળ્યું છે. જગતમાં તદ્દન નિષ્ક્રિયતા અને વિલાસિતા વ્યાપી ગઇ છે, આ સ્થિતિમાં ગામડાઓ ભાંગતા ગયા, શહેરોમાં પણ ખાન-પાન અને રહેણી-કહેણીમાં દંભ, આડંબર તથા બાહ્ય દમામ ચોમેર વધતો ચાલ્યો. સાચું તંદુરસ્ત જીવન આજે લગભગ અદ્રશ્ય થતું ગયું.

આ છે આજની પ્રગતિ; દેશ સમસ્તમાં અભ્યુદયના નામે થઇ રહી છે, આ જાતની અધોગતિ; દેશનાયકો તંત્રને હાથમાં રાખવા માટે ક્રોડોના ખર્ચે સાંભળતાં ગમી જાય

તેવી દેશના ઉદયની યોજનાઓના પ્લાને એક પછી એક જાહેર કર્યા કરે છે, પણ દેશની તમામ પ્રજાનું જીવન દરેક રીતે આજે કંગાલ તથા બેકાર બનતું જાય છે.

શિક્ષણપ્રચાર દેશમાં વધી રહ્યો છે, પણ શિક્ષણને પ્રાણ શિસ્ત, નમ્રતા તથા સેવા-ભાવમાં નવી પ્રજાનાં જીવનમાં મીંડું થયું. સંપત્તિ કે બાહ્ય ચળકાટ વધ્યો, પણ અંતરને સ્નેહ, મમતા તથા કોઈના પણ દુઃખમાં ભાગ લેવાની વૃત્તિ નષ્ટ થતી ગઈ. સાધનો ચોમેર વધતા ગયા, અને પ્રજા પાંગળી બનતી ગઇ. જીવનમાં નૈતિકતાનાં મૂલ્યો ઘટ્યા; કોઇના પણ સુખને સહન કરવાની શક્તિ, કે પ્રતિકુલ પરિસ્થિતિને અનુકુળ બનાવવાનું ધૈર્ય, પ્રજાના જીવનમાંથી હવે તદ્દન પરવારી ગયું છે. થોડામાં સંતોષ માનવાની હૃદયની વિશાલતા રહી નહિ, જરૂરીઆત ઓછી હોવા છતાં ઘણું ભેગું કરવાનો શોખ આજે પ્રતિષ્ઠા પામતો ગયો.

**આ** દશામાં ભારતદેશની પ્રજાનો પ્રત્યેક વર્ગ પસાર થઇ રહ્યો છે. એટલે તેનાં મુખ ઉપર શૌર્ય કે લાલાશ દેખાતા નથી, ઘણું હોય તેને પણ નિરાશા કે દૈન્ય ઘેરાઇ રહ્યું છે, અને જેની પાસે કાંઈ નથી, તે પણ દીનતાપૂર્વક કપાળે હાથ દઇને બબડતો હોય છે.

**એ**ટલે શાંતિ, સહનશીલતા, સમતા, ધૈર્ય, પરોપકાર, સેવા, સ્વાર્થત્યાગ, સુખમાં ઔદાર્ય, દુઃખમાં ગાંભીર્ય ઇત્યાદિ ભારતની પ્રજાનો ભવ્ય વારસો આજે તો પરવારી ગયો છે, અબ્જો રૂપીઆ ખર્ચીને દેશને ઉન્નત બનાવવાની યોજનાઓ ભલે દેશના સત્તાધીશો કાગળો ઉપર ટપકાવે કે ધારાસભાની ખુરશીઓ પરથી બહેકાવે, પણ જ્યાં સુધી પ્રજાનાં દિલમાં તે સુખશીલીયાપણું, એકલપેટાવૃત્તિ, સ્વાર્થાંધ માનસ, લાલસા કે તૃષ્ણાની ગુલામી, સુખનો અતિશય લોભ, દુઃખમાં કાયરપણું, ઇત્યાદિ અનૈતિક તત્ત્વો દિન-પ્રતિદિન વિશેષ-પણે ઘૂસતાં જ ગયા છે, તેમાં યોગ્ય પરિવર્તન નહિ આવે, તેમજ આમાં પરિવર્તન આણવા સામુદાયિક પ્રયત્નો નહિ થાય ત્યાં સુધી ઉન્નતિની યોજનાઓ કે પ્રગતિના લાંબા-પહોળાં સૂત્રો ઉચ્ચારવામાં આવે છતાં દેશ સમસ્તની સુરતમાં કશો જ ભલીવાર નહિ આવે !

**માટે** ફરી-ફરીને પ્રજાના પ્રત્યેક વિચારક તથા સહૃદયવર્ગને એક જ કહેવાનું રહે છે કે આજે દેશ કયાં જઇ રહ્યો છે ? અને કયાં જવાનું છે ? તેનો નિશ્ચિંત દિલે આત્મ-સાક્ષીએ વિચાર કરો ! અને સમજણપૂર્વક તેમાં પ્રયત્ન કરો !

**તો** જ વિકાસના કે ઉદયના પ્રયત્નો થોડે-ઘણે અંશે જો સન્નિષ્ઠાપૂર્વકના હશે, તો ફલશે જરૂર !

તા. ૧-૧-૫૭

——:०:——

# જ્ઞાન ગોચરી

## વ્યાપક બની રહેલ હિંસાનું ઘોર પાપ !

વિશ્વના દેશોમાં ભારતવર્ષની સંસ્કૃતિ ગૌરવભર્યું સ્થાન ધરાવે છે. કારણ કે ભારતે વિશ્વને અહિંસા, સત્ય, અસ્તેય આદિ પંચશીલો આપ્યાં છે. જેનું આધ્યાત્મિક તેમજ ભૌતિક જગતમાં અનેરું સ્થાન છે. ભારતીય સંસ્કૃતિની પ્રતિષ્ઠામાં અહિંસાનું અજોડ સ્થાન છે.

પરંતુ આજે, આઝાદીની પ્રાપ્તિ બાદ આઠ નવ વર્ષમાં જ લોકોની ઉદાસીનતાના કારણે, ભારતનાં ગૌરવ સમી અહિંસાની પ્રતિષ્ટા, કાંઇક નિસ્તેજ બની રહી છે, લોકોની ધર્મરૂચિ–ધર્મભાવનામાં પરિવર્તન આવી રહ્યું છે. આજે અસંખ્ય મૂંગા પ્રાણીઓની વ્યાપક હિંસા થઇ રહી છે, અનેક પશુઓની ક્રૂરતાભરી કત્લ થઇ રહી છે. છતાં હિંદી અહિંસાપ્રેમી જનતા અતૂટ મૌન જાળવી રહી છે. નિર્દોષ પ્રાણીઓની હિંસા વધી છે, માંસાહારનો પ્રચાર વધ્યો છે, છતાં, એની ગંભીરતા અહિંસાપ્રેમીઓના અંતરને સ્પર્શી શકી નથી !

આજે જ્યારે ખુદ પશ્ચિમની પ્રજા તેની જડવાદી સંસ્કૃતિથી કંટાળી ભારતની અહિંસક સંસ્કૃતિ તરફ આકર્ષાઇ છે અને માંસાહાર અને વિજ્ઞાનને નામે હિંસાનો વિરોધ કરે છે, જ્યારે દેશવિદેશના અહિંસાપ્રેમીઓ જગતમાં નિરૂમાંસાહાર યોજના પ્રચાર અર્થે વિશ્વ વનસ્પત્યાહાર પરિષદો યોજી અહિંસામંત્રની પુનઃ પ્રતિષ્ઠા સ્થાપિત કરવા પ્રયત્નો કરી રહ્યા છે, ત્યારે આપણા દેશમાં તો સરકારી ધોરણે જ એની ઉવેખના થતી જોવામાં આવે છે.

જે દેશની મૂળભૂત સંસ્કૃતિમાં અભયને અગ્રસ્થાન છે, અહિંસા જ જેનો મુખ્ય સિદ્ધાંત છે, જેના રાજ્યચિહ્ન તરીકે અશોકચક્રને અપનાવવામાં આવેલ છે, એવા અહિંસક ગણતંત્ર રાજ્યની પંચવર્ષીય વિકાસ યોજનાઓમાં મત્સ્ય–ઉદ્યોગ આદિ કાર્યો માટે કરોડો રૂપીયા ખર્ચવાના નિર્ણયો લેવાયાં છે, એટલું જ નહિં, પરંતુ માછલીના ઉદ્યોગના વિકાસ માટે અદ્યતન વૈજ્ઞાનિક સાધનો વડે એ ધંધાને ખીલવવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં છે. ગાયો, બકરા, ઘેટા, માછલા આદિ લાખો નિર્દોષ પ્રાણીઓની દરવર્ષે ભયંકર કતલ થાય છે. પરિણામે દેશમાં હિંસાનું માનસ સરજાવા ઉપરાંત માંસાહાર વધતો જાય છે.

ખેતીની રક્ષાના નામે પ્રતિવર્ષ લાખો વાંદરા, ડુક્કર, રોઝ, હરણ, ભુંડ, આદિ જાનવરોની કતલ થાય છે. આ કોટીના પશુપક્ષીઓ તો સનાતનકાલથી જ માનવજાત સાથે રહેતા આવ્યાં છે, માનવ પ્રાણી જ્યારથી ખેતી કરતાં શિખ્યો, ત્યારથી જ એ પશુ–પક્ષીઓ, કે જેમાંની કેટલીક જાતો તો સર્વથા નિર્માંસાહારી છે, તેઓને પોતાના અન્નોત્પાદનમાંથી હિસ્સો આપતો આવ્યો છે, આમ છતાં માનવજાત કદી ધાનવિહોણી નથી રહી, અને માનવીના ધાન–ઉત્પાદનમાં પશુપંખીઓનો પણ હિસ્સો છે એ રખે ભૂલવું ઘટે. ભારતીય–દયાપ્રધાન સંસ્કૃતિ જેના જીવનમાં વણાયેલી છે એ તો એના શહેરીજીવનના યુદ્ધકાલીન દિવસોનાં રેશનીંગ યુગમાં પણ પોતાને મળતી માત્ર થોડીસી જાર–બાજરીમાંથી પણ પક્ષીઓને ચપટી ચણ નાખવાનું નથી ભૂલ્યો, એ દયાપ્રધાન ભારતીય સંસ્કૃતિનું એક લક્ષણ છે.

આ સૌથીએ અતિ ગંભીર અને કરૂણ પ્રશ્ન છે. વાંદરા, ગાયોના અવયવો અને અન્ય લાખો નિર્દોષ પ્રાણીઓની પરદેશમાં થતી નીકાસનો ! રાષ્ટ્રના અન્નોત્પાદનમાં એને અંતરાય રૂપ ગણવામાં આવ્યો છે, એટલે એનો ઘાત કર્યા સિવાય એનો નિકાલ કરવાનો પ્રશ્ન વિચારાયો અને પરિણામે એ મૂંઝવણનો માર્ગ કાઢવામાં આવ્યો અને વાંદરાઓની પરદેશમાં નિકાસ કરવામાં આવી અને એ વડે આર્થિક લાભ પણ ઉઠાવવામાં આવ્યો.

વાંદરાઓની નિકાસ મોટા ભાગે અમેરીકા ખાતે

કરવામાં આવે છે. જ્યાં આ વાંદરાઓ પર સંશોધનના નામે પ્રયોગ શાળાઓમાં એવા ક્રૂર અખતરાઓ કરવામાં આવે છે કે-જેનું વર્ણન માત્ર માનવીને કમકમા ઉપજાવે છે. મોટા ભાગના વાંદરાઓ પ્રયોગશાળામાં જ ક્રૂર રીતે રીબાઇને મૃત્યુ પામે છે.

આ વાંદરાઓની યાતનાઓની શરૂઆત જ્યારથી જંગલમાંથી પકડાય ત્યાંથી શરૂ થાય છે. નાના નાના બચ્ચાંઓને પણ પકડવામાં આવે છે અને એ બાદ સ્ટીમરો પર પુરતી જગ્યાના અભાવે, નાના નાના ક્રેટોમાં મોટી સંખ્યામાં પૂરવામાં આવે છે જેમાં હાલવા ચાલવા જેટલી પણ જગ્યા હોતી નથી. ખોરાક પાણી પણ પુરતાં હોતા નથી. જેથી રસ્તામાં જ સંખ્યાબંધ વાનરો મૃત્યુ પામે છે. તો કેટલાક અનેક પ્રકારના રોગોથી મરે છે. એમાંના જે પહોંચે, તેઓ પર પ્રયોગશાળાઓમાં અનેક પ્રકારના અમાનુષી ઘાતકી પ્રયોગો થાય છે, જેમાં બિચારા વાંદરાઓ રીબાઇ રીબાઇને મરે છે.

એક પ્રાણીના જાનના ભોગે અન્યને જીવવાનો કશો અધિકાર કદિ ન હોઇ શકે. જગતના સર્વે જીવોને જીવવાનો એક સરખો અધિકાર છે. એ કરુણતા છે કે માનવી પોતાની અહંતા અને સ્વાર્થવૃત્તિનાં અંધકારમાં એક નક્કર સત્ય ભૂલી ગયા છે, કે-એ પોતેજ એક પ્રાણી છે અને જે જીવો પર એ અખતરાઓ વડે યાતના ઉપજાવે છે એ પ્રાણીને પણ માનવીના જેવી જ જીંદગી છે, એની નસોમાં પણ એના જેવું જ લોહી વહી રહ્યું છે. આમ મનુષ્ય એક પ્રાણી તરીકે અન્ય પ્રાણીઓનો મોટો ભાઇ છે. કારણ કે અન્ય અબોલ પ્રાણીઓની અપેક્ષાએ મનુષ્ય વધારે સુસંસ્કૃત છે, સમજવાન છે. એણે તો સૃષ્ટિના સકળ જીવોની રક્ષા કરવી ઘટે.

આ પ્રશ્નને આધ્યાત્મિક બાજુ પણ છે. કર્મ-સિદ્ધાંતની પરીપાટીએ કારણ વગર કાર્ય સંભવતું નથી. નિર્દોષ પ્રાણીઓની કતલ થાય, અહંભાવના અને નરી-સ્વાર્થવૃત્તિના પોષણ ખાતર સરીયામ હિંસાનો આશરો લેવાય ત્યારે દેશપર યુદ્ધ, દુષ્કાળ, ભૂકંપ, અતિવૃષ્ટિ જેવી અનેક પ્રકારની આફતો ઉતરી આવે એ દેખીતું છે.

કુદરતના સામ્રાજ્યમાં જરાયે અંધેર ચાલી શકતું નથી. નિર્દોષને કોઇ કશી ઇજા પહોંચાડી શકતું નથી. દોષિત કદી પણ કુદરતની શિક્ષામાંથી બચી શકતો નથી. જગતમાં અત્યાચારોની વૃદ્ધિ થાય, અનર્થોની પરંપરા જાગે, નિર્દોષ મૂક પ્રાણીઓની હિંસા થાય; સત્ય, ન્યાય અને નીતિના સિદ્ધાંતોનો ઉપહાસ થાય ત્યારે કુદરતના વિરાટ ગર્ભાગારમાં સ્વયં એવો પ્રતિકાર સ્ફુરે છે-જે વડે જળરેલ, ભૂકંપ, મહામારી આદિ અનેક પ્રકારની આફતોની પરંપરા ઉતરી આવે છે. આ બધું માનવીએ અહંતાપૂર્વક આચરેલી હિંસા અને અન્યાયોની સામે કુદરતનો સીધો પડકાર છે-જવાબ છે.

દુઃખનો વિષય તો એ છે, કે-સંસાર પરકુદરતી આફતોની પરંપરા ઉતરી આવે છે, છતાં માનવીએ મુક્ત-મને કદિ વિચાર કર્યો નથી કે-આ પ્રકારની આફતો એ એની પોતાની જ કરણીનું સીધું પરિણામ છે.

જગતના નાના મોટા સર્વ જીવો-પ્રાણીઓ એક જ સૃષ્ટિમાં સાથે જીવતા અંગો છે. એ સૌને માનવી જેટલો જ જીવવાનો અધિકાર છે, આમ છતાં જ્યારે વાનર હરણ, ગાય ભેંસ, બકરા, ઘેટાં, માછલાં જેવા બિચારા નિર્દોષ મુંગા પ્રાણીઓની હિંસા કરવામાં આવે છે ત્યારે માનવ જાત અને દેશ પર આફતો અને સંકટો આવી પડે છે.

જે દેશની સંસ્કૃતિમાં મન વચન કર્મથી અહિંસા વ્યાપક રૂપે વણાએલી છે, એ ભારતવર્ષની સરકાર અને જનતા આ વાતનો ગંભીરતાપૂર્વક વિચાર કરી દેશમાં વ્યાપક બની રહેલી હિંસાને ત્વરિત અટકાવે.

**શ્રી ખીમચંદ મગનલાલ વોરા.** (જૈનપ્રકાશ)

## પોતાના ધર્મ પ્રત્યેની ઉદાસીનતાથી ઉત્પન્ન થયેલી ધાર્મિક સહિષ્ણુતા

"પહેલાની અપેક્ષાએ આજે ભિન્ન ભિન્ન ધર્માવલંબીઓમાં વધારે સહિષ્ણુતા છે. પરન્તુ મારા ખ્યાલથી હું તેને પ્રગતિ કહી શકું નહિં. તે સહિષ્ણુતા અન્ય ધર્મોના તત્ત્વોને વધારે સારી રીતે સમજવા તથા હૃદયંગમ કરવાના કારણે નહિં, બલકે **પોતાના ધર્મ પ્રતિ ઉદાસીનતાના** કારણે ઉદ્‌ભૂત થયેલ છે. ધર્મમાં આસ્થા વિશેષ ને વિશેષ ઓછી થતી જાય છે. અને સઘળા રાજ્યોનાં શિક્ષિત લોકોની અત્યારે

એ જ દશા છે કે તેમનામાં પોતાના ધર્મ પ્રત્યે એવી કોઈ સુદૃઢ અને ઊંડી શ્રદ્ધા રહી નથી, કે જેવી શ્રદ્ધા તેમના પિતાઓમાં હતી, આ રીતે જ્યારે પોતાના ધર્મ પ્રત્યે શ્રદ્ધા ન રહી ત્યારે અન્ય ધર્મોના ધાર્મિક અનુષ્ઠાનો, પરંપરાઓ અને પ્રથાઓ પ્રત્યે સહિષ્ણુતા જાગૃત થઇ, પણ પોતાના ધર્મ પ્રત્યેની ઉદાસીનતાથી ઉત્પન્ન થયેલી પરધર્મ–સહિષ્ણુતા એવી ચીજ નથી કે જેને અભિનંદન આપી શકાય.

( જૈનભારતી ) —શ્રી રાજગોપાલાચારી

## ચતુર ડોશીમા

એક સમયની વાત છે.

રાજા ભોજ ને માઘ પંડિત સહેલ કરવા નીકળ્યા. પાછા ફરતી વખતે તેઓ રસ્તો ભૂલી ગયા.

બંને વિચાર કરવા લાગ્યા, 'પેલા ઘઉંના ખેતરમાં ડોશી દેખાય છે, તેને પૂછીએ.'

ભોજે કહ્યું: 'હા ચાલો.'

બંને ગયા ને બોલ્યા: 'માજી'

ડોશી બોલી; 'ભાઇ આવો.'

બંને બોલ્યા: 'માજી, આ રસ્તો કયાં જશે ?'

ડોશી બોલી: 'આ રસ્તો તો અહીં જ રહેશે, એની ઉપર ચાલનારા જ જશે. તમે કોણ છો ?'

બંને બોલ્યા: 'માજી અમે તો વટેમાર્ગુ છીએ.'

ડોશી બોલી: 'વટેમાર્ગુ તો બે છે. એક સૂરજ, બીજો ચંદ્રમા. તમે શાના વટેમાર્ગુ ? ખરૂં કહો, તમે કોણ છો ?'

બંને બોલ્યા: માજી અમે તો પ્રવાસી છીએ.'

ડોશી બોલી: 'પ્રવાસી બે છે. એક ધન, બીજું યૌવન. ભાઇ સાચું બોલો, તમે કોણ છો ?'

બંને બોલ્યા: અમે અતિથિ છીએ.'

ડોસી બોલી: અતિથિ તો બે છે. એક સંત બીજો સંતોષ. તમે શાના અતિથિ ?'

બંને બોલ્યા: 'માજી ! અમે તો પરદેશી છીએ.'

ડોસી બોલી: 'પરદેશી તો બે છે. એક તો જીવ, બીજો ઝાડનું પાન. તમે કોણ છો ?'

બંને બોલ્યા: 'અમે ગરીબ છીએ.'

ડોસી બોલી: 'ગરીબ તો બે છે, એક ગાય, બીજી દીકરી.'

બંને બોલ્યા: 'માજી ! અમે ચતુર છીએ.'

ડોશી બોલી: 'ચતુર તો બે છે. એક અન્ન, બીજું પાણી. તમે કોણ છો ?'

બન્ને બોલ્યા : 'અમે હારી ગયેલા છીએ.'

ડોસી બોલી: 'હારી ગયેલા પણ બે છે. એક કરજદાર, બીજો છોકરીનો બાપ. તમે કોણ છો ?'

બંને બોલ્યા : 'અમે કાંઇ જાણતા નથી, જાણકાર તમે છો.'

ડોસી બોલી : 'તું રાજા ભોજ અને આ માઘ પંડિત છે. જાઓ આ ઉજ્જૈનનો રસ્તો છે.

( વિશ્વવિજ્ઞાન) —કરશનજી દેસાઇ

## શીસ્ત અને અભ્યાસની દૃષ્ટિએ સહશિક્ષણ જરૂરી નથી

અમારી શાળામાં સહશિક્ષણ નથી. એને પરિણામે સીધો ફાયદો તો એ થવા પામે છે કે–શાળામાં ભણતા વિદ્યાર્થીઓનું ધ્યાન બીજી બાજુ આકર્ષાતું ન હોઈ અભ્યાસમાં જ તેમનું મન કેંદ્રિત રહે છે અને શાળાની સમગ્ર શીસ્તનું ધોરણ ઉંચું રહેવા પામે છે.

અમેરિકા જેવા દેશો કે જ્યાં સહશિક્ષણ સ્વાભાવિક લેખી શકાય ત્યાં પણ આજે સહશિક્ષણ પ્રયોગ સફળ થયા નથી એમ લાગવા માંડયું છે. કંઇ નહી તો એને સફળતા મળી નથી એમ તો કહેવાઈ રહ્યું છે.

વળી આપણા દેશની પરિસ્થિતિ જુદી છે. આપણો દેશ ગરમ પ્રદેશ છે. એને પરિણામે જાતિય જાગૃતિ પશ્ચિમના દેશો કરતાં વહેલી આવે છે. હમણાં બહાર પડેલા આંકડા મુજબ આપણે ત્યાં છોકરીઓને સરેરાશ સાડાબાર વર્ષે ઋતુસ્રાવ થતો હોય છે.

આમ આપણે ત્યાં બાર વર્ષ પછીનું શિક્ષણ સહશિક્ષણ રાખવું ઉચિત નથી.

૧૨ થી ૧૯ વર્ષનો ગાળો જે છોકરા અને છોકરીઓ માટે જાતિય દૃષ્ટિએ ખૂબજ પરિવર્તનનો અને વિકાસનો સમય છે, આ સમય દરમ્યાન સહશિક્ષણથી નુકશાન જ થાય છે.

બાકી માધ્યમિક શિક્ષણમાં સહશિક્ષણ ફાયદા કરતાં નુકશાન જ વધુ કરે છે.

જે વસ્તુ દર વખતે આંખની આગળ હોય તેનો ખ્યાલ વારંવાર આવ્યા કરે પણ જે વસ્તુ જ દૃષ્ટિ બ્હાર હોય તો એ ખ્યાલ ન આવે તે સ્વાભાવિક છે.

વર્ગમાં વિદ્યાર્થિનીઓની હાજરીમાં વિદ્યાર્થીઓને શિક્ષકો ઠપકો આપે તે તેઓ સહન કરી શકતા નથી, વળી વિદ્યાર્થિનીઓ તરફ પક્ષપાત રખાય છે તેવું પણ છોકરાઓને લાગે છે. વિદ્યાર્થિનીઓની હાજરીમાં ઢીલા શિક્ષકને માટે વર્ગની શીસ્ત જાળવવી મુશ્કેલ છે, આમ શીસ્તની દૃષ્ટિએ જોતા સહશિક્ષણ ન હોય તો તે સારી રીતે જળવાય છે.

**શ્રી હીરાલાલ બી.** કાપડીયા. અમદાવાદ (ન્યુહાઇસ્કુલના સંસ્થાપક અને સંસ્થાપક અને સંચાલક) [જનસત્તા]

## બહેનોની પવિત્રતાને ધક્કો પહોંચાડનારી પ્રથા!

**સ્ત્રી**ઓ, પુરૂષો જોડે ભણે એ પરત્વે તો હું પ્રથમથી જ વિરોધ કરતી રહેલી છું. કેમકે તેમાંથી જ સ્ત્રીવર્ગમાંથી સલુકાઇ, મર્યાદા, નીતિ, અદૃશ્ય થતા જોવાય છે. પરિણામે સહ-શિક્ષણથી સ્ત્રીઓ પોતાને ભૂલી ગમે એ રીતે જીવનમાં વર્તાવ કરે છે.

સહશિક્ષણમાં ઘણાંય દૂષણો રહેલા છે. તેમાં ફાયદા કરતા નુકશાન વધારે છે. જાતિયજ્ઞાન કહે છે કે-એ પરસ્પર યુવાન જીવડાઓ પરસ્પરના જાતિય સહવાસમાં આવતાં, તેમનો સ્પર્શ થતા કામના અને વાસના જાગૃત થાય છે. આથી આ વાત સ્વાભાવિક ગણાવી જોઇએ કે-દિવસના કલાકો સુધી પ્રોફેસરોથી માંડી ઉગતા યુવાનો જોડે સહકેળવણી લેતી બાળાઓ કેટલે અંશે કૌમાર્ય જાળવી રાખતી હશે? મારા મત સાથે ઘણાકો સંમત નહિ થાય એમ હું માનું છું. કુમળી બાળાઓ અને યુવાન બહેનોની પવિત્રતાને ધોકો પહોંચાડનારી પાપી સહશિક્ષણની પ્રથાને મજબુત હાથે દાબી શા માટે ન દેવી જોઇએ? તાજેતરમાં સ્વીડન સરકારે એક કાયદો ઘડીને સહશિક્ષણ લેતી અનેક શાળાઓને બંધ કરી દેવાની નોટીસ આપી દીધી છે. પછી આપણે શા માટે એ ઘેલી ઘેલછા પાછળ દોડવું જોઇએ?

કાકા કાલેલકરે કહ્યું છે તેમ આધ્યાત્મિક જ્ઞાન વિના સહશિક્ષણ સફળ થઈ ના શકે! સહશિક્ષણમાં ફાયદા કરતાં નુકશાન વધારે હોઇ કુલીન સમાજનો તેમાં સ્હેજે સહકાર નથી.

અને છેવટે હું સ્ત્રીઓ માટે જેમ બને તેમ ઇલાયદી સ્ત્રી-કેળવણીની સંસ્થાઓ સ્થાપવા માટે આગ્રહ કરૂં છું, અને એ રીતે સ્ત્રી કેળવણીનું દૃષ્ટિબિંદુ ફેરવી નાખવા સૂચના કરૂં છું. એમાં સ્ત્રીઓએ ગભરાવાની જરૂર નથી.

(જનસત્તા) **કુ-પીલા મકાતી. નવસારી.**

❀

## શું એ ખરૂં હશે!

**શું** એ ખરૂં હશે કે હિંદની સરકારે હિંદનું વર્ષ કે સંવત પણ રાષ્ટ્રિય બનાવવાનો નિર્ણય કર્યો છે અને શાલીવાહનના શકને રાષ્ટ્રિય બનાવવાનો નિર્ણય લઈ આવતા ૧૮૭૯ ના શકનો આરંભ તા. ૨૨મી માર્ચ ૧૯૫૭ થી એટલે ચૈત્ર સુદને બદલે ફાગણ વદ ૭ થી કરવાની જાહેરાત કરી છે તેથી અત્યારની તિથિની ગણતરી અને તહેવારના દિવસો વિષે ભારે ગુંચવાડો ઉભો થશે એવી ટિકા થઈ રહી છે?

મુંબઈ સમાચાર

# જૈનદર્શનનો કર્મવાદ

## વિપાકહેતુએ કર્મપ્રકૃતિઓનું વર્ગીકરણ.

માસ્તર ખુબચંદ કેશવલાલ-સિરોહી (રાજસ્થાન)

પ્રયોગ પરિણુમન પુદ્ગલો ઉપરથી મિશ્ર પરિણુમન થાય છે. પરંતુ પ્રયોગ પરિણુમન અને સ્વાભાવિક પુદ્ગલ પરિણુમન શી રીતે થાય છે તેનું જ્ઞાન આજના વિજ્ઞાનવાદિઓને પણુ લેશમાત્ર નથી. એ તો સર્વજ્ઞ ભગવાન કથિત જૈન આગમોમાંથી જાણી-સમજી શકાય છે. પ્રયોગ પરિણુમન પહેલાં પુદ્ગલની શું સ્થિતિ હતી? પ્રયોગ પરિણુત થયેલ પુદ્ગલો કયાંથી આવ્યાં? કયાં રહેલાં છે? કેવી રીતે રહેલાં છે? પ્રયોગ પરિણુમન કરવા કોણુ લાવે છે? કેવી રીતે લાવે છે આ બધું જૈનદર્શનના આગમોમાંથી સ્પષ્ટપણે સમજી શકાય તેવું છે. અને આ બધું સમજે તેજ જૈનત્વને વાસ્તવિક રીતે સમજી શકે.

જીવ જન્મે છે ત્યારે શરીર બીલકુલ નાનું હોય છે, પછી તે વધે છે. બાલ્યાવસ્થા કરતાં યુવાવસ્થામાં શક્તિ વધે છે, વૃદ્ધાવસ્થામાં પાછી શક્તિ ઘટે છે. આ બધું પુદ્ગલનું પરિણુમન છે. વર્તમાન વિજ્ઞાન પણુ પ્રતિપાદન કરે છે અને કહે છે કે-'શરીરનાં બધાં પુદ્ગલો સાતવર્ષે બદલાઈ જાય છે.' એટલે શરીરમાં પુદ્ગલો નવાં આવે અને જુનાં જાય એમજ ચાલુ રહે છે. એટલે શરીરમાં આવતી અને જતી પુદ્ગલ નામે એક વસ્તુ જગતમાં છે તે તો આજના વિજ્ઞાનની દૃષ્ટિએ પણુ સાબિત થાય છે. શરીરમાં ગોઠવાઇ જઇ આકારરૂપે એકમેક થતાં પુદ્ગલો આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ, પણુ ગોઠવાયેલાં એ પુદ્ગલો કયાંથી આવ્યાં અને શરીરમાંથી અલગ પડી જતાં તે પુદ્ગલો કયાં ગયાં એ આપણે જોઇ શકતા નથી. બાકી શરીરરૂપે બનવામાં ઉપયોગી પુદ્ગલ નામનું દ્રવ્ય આ જગતમાં છે તો જરૂર, એ માન્યા વિના નહિ ચાલે. સંસારી જીવોના શરીરરૂપે પરિણુમતા એ પુદ્ગલોને, પરિણુમનથી વિખરાઈ ગયેલાં અને પરિણુમન પહેલાંની તેની અવસ્થાને આપણી ચર્મચક્ષુથી જોઇ શકાતાં નથી. પરિણુમન થઇ આકારરૂપે બને છે ત્યારેજ તે દેખી શકાય છે. સાંસારિક જીવોની શારીરિક વિચિત્રતા પુદ્ગલ પરિણુમનના અંગેજ છે. એટલે સંસારી જીવોનું શરીર પુદ્ગલોનું બનેલું છે. જીવ બોલે છે તથા વિચાર-ચિંતવન કરે છે તે ભાષા અને મન પણુ પુદ્ગલોનું જ પરિણુમન છે. આ વાતને વિજ્ઞાન (આજનું) પણુ ટેકો આપે છે. નૈયાયિકો શબ્દને પદાર્થરૂપે નહિ માનતાં આકાશના ગુણુરૂપે માનતા હતા તે વસ્તુ આજના વિજ્ઞાનની શોધખોળને હિસાબે પણુ બીલકુલ ખોટી ઠરેલ છે. ગ્રામોફોન, રેડીયો, ટેલીફોન વગેરેની શોધ શબ્દને પુદ્ગલરૂપે આપોઆપ સિદ્ધ કરે છે. એ રીતે પાટોગ્રાફર નામના એક યંત્રથી મનુષ્યના વિચારોનો ફોટો લઈ શકાય છે. આ ફોટો લેવાની રીત પણુ અદ્ભુત અને નવી છે. કાળા કાગળમાં ફિલ્મ ભરી તેને એક જાડા લિફાફામાં રાખી માણુસની આંખોની આગળ દશ મિનિટ સુધી લટકાવી રાખવામાં આવે છે. એવી રીતે 'स्वप्ननिर्देशक' યંત્રવડે મનુષ્યના સ્વપ્નકાળમાંના હૃદયના ભાવ-દુઃખ-હર્ષ-શોક-વિષાદ-ક્રોધ આદિનું એક ચિત્ર તે યંત્રમાં ઉઠે છે. ઉપરોક્ત બન્ને યંત્રથી મનુષ્યના માનસિક વિચારો જાણી શકાય છે. અને તે વિચારોનું ચિત્ર તે તે યંત્રમાં ઉઠે

છે. તે ઉપરથી સ્હેજે સમજી શકાય તેમ છે કે–'વિચારો' એ પણ પુદ્‌ગલનું પરિણમન છે. શ્વાસોશ્વાસની પણ પુદ્‌ગલરૂપે પ્રતીતિ દર્પણ ઉપર શ્વાસોશ્વાસ છોડવા દ્વારા કરી શકાય છે.

શરીરનાં પુદ્‌ગલો પરિણમાવ્યા પછી શરીર-રૂપે ધારણ કરાય છે. એટલે પરિણત થયેલ શરીરનાં પુદ્‌ગલોને દેખી શકાય છે. જ્યારે મન, ભાષા, તથા શ્વાસોશ્વાસનાં પુદ્‌ગલો જીવ-વડે ગ્રહણ કરાય છે, પરિણમાવાય છે, પણ ધારણ કરવામાં આવતાં નથી; એટલે વિસર્જન કરાય છે. ત્યાં પુદ્‌ગલનું સ્થાયીપણું ન હોવાથી ચર્મચક્ષુથી તે દેખી શકાતાં નથી. બાકી શરીર, ભાષા, મન અને શ્વાસોશ્વાસ એ પુદ્‌-ગલો છે તે વાત અતિ સ્પષ્ટપણે સમજી શકાય છે, વિક્રમની ઓગણીશમી શતાબ્દી સુધી તો એ દ્રવ્યાનુયોગ માત્ર સિધ્ધાંત રૂપ હતો, બીજી રીતે કહી શકાય કે તે માત્ર શ્રધ્ધાનો વિષય હતો અને તર્કણાની ઢાળ હતી, પરંતુ આજે તો એ સિદ્ધાંત જગતની સામે વિજ્ઞાનરૂપે પ્રત્યક્ષ આવી ઉભો રહ્યો છે. અને પુદ્‌ગલ પરિણમનના આધારે જ આજના વિજ્ઞાને અનેક આવિષ્કારો કર્યા છે. પુદ્‌ગલ પરિણમન અનેક પ્રકારનું છે. આત્મવિકાસને અનુરૂપ પુદ્‌ગલ પરિણમનના આવિષ્કારોને જ જ્ઞાનિઓએ તો ઉપયોગી જણાવ્યા છે. ભૌતિકવાદને પોષક અને આત્મવિકાસને રોધક આવિષ્કારો જ્ઞાનિ-ઓની દ્રષ્ટિએ તો માનવતાને નષ્ટપ્રાયઃ કરનારા બને છે.

આજના વિજ્ઞાને એવા એવા આવિષ્કારો કર્યા છે કે જે સાધારણ જનતાને તો ચમત્કાર કે જાદુજ લાગે. કેટલાક લોકો તો એવા આવિષ્કારોથી જ જગતનું કલ્યાણ અને અહો-ભાગ્ય માનવા લાગ્યા છે અને તે આવિષ્કારકોની બુધ્ધિની ભૂરિ ભૂરિ પ્રશંસા કરે છે. પ્રથમ કહેવાઇ ગયું છે કે–વર્તમાન વિજ્ઞાનની પ્રક્રિયા એ પુદ્‌ગલ પરિણમનને અંગે છે. જ્ઞાનિઓને તો હરેક પ્રકારનું પુદ્‌ગલ–પરિણમન અંજલીમાં રહેલ પાણીની પેઠે પ્રત્યક્ષ છે. પરંતુ આજના ભૌતિકવાદની દૃષ્ટિએ સુખરૂપ મનાતાં પુદ્‌ગલ પરિણમનોના પ્રયોગોની દૃષ્ટિએ લેશમાત્ર સુખની ઝાંખી નથી.

જિનેશ્વરદેવોએ પરમાણુ, અણુપ્રપ્રદેશ, સંઘાત. વિઘાત, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, પર્યાય, કર્મવર્ગણા, અન્ય વર્ગણા, શબ્દ, પ્રભા, પ્રકાશ, છાયા, અંધકાર ઇત્યાદિ અનેક પ્રકારે પરિણામ પામેલ જડ પુદ્‌ગલનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. પ્રત્યેક પુદ્‌ગલ પરમાણુ રંગ–રસ–ગંધ અને સ્પર્શવાળા છે અને તેના તે ગુણો પલટો પણ પામે છે એમ બતાવીને તે પુદ્‌ગલ પરમાણુ-ઓનો સહકાર દિવ્યશ્રોત્ર, દિવ્યદર્શન અને અંત-ર્ધ્યાનશક્તિને કેળવી દરેક આત્મા પોતાના ગુણોને વિકસાવવામાં જ પરિણમાવે એજ ધ્યેય-જ્ઞાનિઓનું હોય છે. અને એ હિસાબે જ પુદ્‌ગલ પરિણમનનું સ્વરૂપ સમજવું જરૂરી બતાવ્યું છે. જે પુદ્‌ગલ પરિણમનના સંયોગથી આત્મા સંસારમાં ભૂલ્યો, રખડયો, અનંત દુઃખો સહન કર્યા, સ્વસ્વભાવથી ચૂકયો એમાં કયું પુદ્‌ગલ પરિણમન કારણભૂત છે, તે રૂપે પરિ-ણમન પામેલ પુદ્‌ગલ વર્ગણા આત્માને કેવી રીતે વળગી, તેને આત્મામાંથી નષ્ટ કેવી રીતે કરવી આ બધાનું લક્ષ પેદા કરવા પુદ્‌ગલ પરિણમનનું સ્વરૂપ જ્ઞાનિઓએ દર્શાવ્યું છે. કર્મરૂપે પરિણમેલ આઠે કર્મની પ્રકૃતિઓ એ કાર્મણ વર્ગણાનાં પુદ્‌ગલોનું પરિણમન છે, કાર્મણ વર્ગણા ચૌદરાજ લોકમાં ઠાંસી ઠાંસીને વ્યાપ્ત છે. તે વ્યાપ્ત કાર્મણવર્ગણાનાં પુદ્‌ગ-

લોમાં જ્ઞાનાવરણીયાદિ પ્રકૃતિપણું નથી. પણ જીવ તે કાર્મણ વર્ગણાનાં પુદ્‌ગલો ગ્રહણ કરે છે અને પછી જ્ઞાનાવરણીયાદિ પાપ-પુણ્યરૂપે પરિણમાવે છે.

જેમ ખોરાક એ રૂધિર, માંસ, ચરબી નથી. પરંતુ લીધેલા ખોરાકનું શરીરમાં થતું પરિણમન રસ, લોહી, માંસ, ચરબી, ચામડી, હાડકાં, વીર્ય તથા મલ રૂપે થાય છે, તેવી રીતે કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોનું પરિણમન આત્મામાં કર્મપ્રકૃતિ રૂપે થાય છે. આર્ત્ત-રૌદ્ર ધ્યાનથી પાપરૂપે તથા ધર્મ-શુક્લ ધ્યાનથી પુણ્ય રૂપે પરિણમે છે. આત્માના પ્રદેશને આપોઆપ વળગી જવાનો કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોનો સ્વભાવ નથી. કાર્મણ વર્ગણા ચૌદે રાજલોકમાં છે, જ્યાં સિદ્ધના જીવો છે ત્યાં પણ છે. પરંતુ સિદ્ધના જીવોને વળગવાની તેની તાકાત નથી. જે આત્મામાં પુદ્‌ગલો વળગેલાં છે, અર્થાત્ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાયાદિરૂપે કાર્મણ વર્ગણાના પુદ્‌ગલ પરિણમનથી જે આત્મા લિપ્ત છે તેમને જ કાર્મણ-વર્ગણાનાં પુદ્‌ગલો વળગે છે. પૂર્વે પરિણમન પામેલ કર્મ પુદ્‌ગલો વડે જ નવાં પુદ્‌ગલો આત્મા ખેંચે છે, પછી તેમાં રસ ઉત્પન્ન કરે છે. શુભ-અશુભ રસપણે અને લઘુ કે દીર્ઘ સ્થિતિપણે પરિણમન થવામાં આત્માનો કષાય-ભાવજ કારણભૂત થાય છે. આત્માનો આ બધો (કર્મપરિણમનનો) પ્રયત્ન અનાભોગપણે હોય છે પણ તે સર્વ પરિણમન જીવના પ્રયોગથી જ થાય છે.

આત્મામાં પાપરૂપે પરિણમેલ કાર્મણવર્ગણાના પુદ્‌ગલોને શુભ પરિણામથી પુણ્યમાં પણ પલટાવાય છે. જેમ ઝેરનો પ્યાલો પણ અમુક પ્રકારે કેળવવાથી ઔષધનો પ્યાલો બની જાય છે, અફીણ તથા સોમલને શોધીને ઔષધ તરીકે વાપરવામાં આવે છે, નાળીએરનું પાણી અમૃતરૂપ છે પણ તેમાં કપુર ભરવાથી તેજ પાણી વિષરૂપ બની જાય છે તેવી રીતે પાપ તથા પુણ્યના પુદ્‌ગલોનો પણ પલટો થઇ જાય છે, શાતાવેદનીય અશાતામાં પલટાઈ જાય છે, અને ઉચ્ચગોત્ર કર્મ નીચગોત્ર પણ બની જાય છે. આ બધી સમજણ-ખ્યાલ જે પુદ્‌ગલ પરિણમનને વાસ્તવિક રીતે સમજે તેને જ સમજાય. પણ માત્ર ભૌતિક સામગ્રીના જ રાગી બનેલ આત્માને પુદ્‌ગલ પરિણમનનું આવા પ્રકારનું સ્વરૂપ કયાંથી સમજાય? એટલે શ્રી જિનેશ્વર-દેવોએ આયોજિત નવતત્ત્વરૂપ આવિષ્કારોને સમજનાર આત્માને આજના ભૌતિકવાદી આવિષ્કારો લેશ માત્ર મુંઝવનારા થતા નથી.

પુદ્‌ગલાસ્તિકાય એ એક જાતિ છે. પરમાણુથી માંડીને અચિત્ત મહાસ્કંધ સુધી પુદ્‌ગલની જાતો છે. આ વર્ગણાઓ સ્વભાવે જ થયેલી છે. આ બધી પુદ્‌ગલ વર્ગણાઓ ચૌદ રાજલોકના આકાશ પ્રદેશમાં રહેલી છે,એવી વર્ગણાઓ સોળ પ્રકારની છે. તેમાં ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, શ્વાસોશ્વાસ, ભાષા, મન અને કાર્મણ એ આઠ પ્રકારની પુદ્‌ગલ વર્ગણાઓ સંસારી જીવ ગ્રહણ કરે છે.

પ્રથમ ચાર નામ વાળી અને છેલ્લી કાર્મણ વર્ગણા એ પાંચ વર્ગણાઓ શરીર બનાવવામાં જીવને ઉપયોગી થાય છે. આ વર્ગણાઓનું સ્વરૂપ કર્મગ્રંથ-કમ્મપયડી-પંચસંગ્રહ વગેરે ગ્રંથોમાંથી સમજવું ખાસ જરૂરી છે. નામકર્મની પ્રકૃતિઓમાં શરીર પાંચ બતાવ્યાં છે, તેમાં તે તે શરીર રચનામાં તે તે નામની પુદ્‌ગલ વર્ગણાઓ જ કામ લાગે છે. જેમકે ઔદારિક શરીરની રચનામાં ઔદારિક

વર્ગણાનાં જ પુદ્ગલો કામ લાગે છે. સંસારી જીવો પૈકી જે જીવને ઔદારિક શરીર હોય છે તે મનુષ્ય અને તિર્યંચની જાતના દરેક જીવો પોતાનું શરીર બનાવવા ઔદારિક વર્ગણાના જ પુદ્ગલો ગ્રહણ કરતા હોવા છતાં એકેન્દ્રિય નામકર્મના ઉદયવાળા જીવો જે પુદ્ગલો ગ્રહણ કરે છે તે બધાને એકેન્દ્રિયપણાએ જ પરિણમાવે છે એ પ્રમાણે યાવત્ પંચેન્દ્રિય પર્યંત સમજવું. અહીં પુદ્ગલનું પરિણમન જીવના પ્રયત્ને થતું હોવા છતાં પણ તે પુદ્ગલોને કેટલી ઇંદ્રિયપણે પરિણમાવવાં તેમાં જીવની સ્વતંત્રતા નથી. જે જે જાતિના નામકર્મનો તેને ઉદય હોય તે તે જાતિને યોગ્ય ઇંદ્રિયોપણે તે પુદ્ગલો જીવ પરિણમાવે છે.

સંસારી જીવોને સંસારીપણે જીવવા માટે શરીર–શ્વાસોશ્વાસ–ભાષા અને મન એ ચારે પ્રકારની વર્ગણાના પુદ્ગલ ગ્રહણની અને તેના વિવિધ પરિણમનની આવશ્યકતા રહે છે તેમાંથી એકેન્દ્રિય જીવને ભાષા તથા મનવર્ગણાના પુદ્ગલની અને બેઇંદ્રિયથી અસંજ્ઞિ પંચેન્દ્રિય સુધીના જીવોને મનવર્ગણાના પુદ્ગલગ્રહણની કે પરિણમનની આવશ્યકતા નથી. તથાપ્રકારનાં પુદ્ગલો જીવના વ્યાપારથી શરીરાદિપણે પરિણમે છે. અને શરીર રચાય છે. છતાં પણ તેનો તમામ ઉદ્યમ કર્માધીન હોવાથી જેવા નામકર્મનો ઉદય હોય તેવું જ શરીર જીવથી બની શકે છે અને બનાવી શકાય છે. એટલે નામકર્મની આધીનતામાં રહીને તથાવિધ પ્રયત્નપૂર્વક ગૃહીત પુદ્ગલવર્ગણાનું પરિણમન જીવ પ્રયત્નપૂર્વક કરે છે.

અહીં આપણે ખાસ તો સમજવું જરૂરી છે કે–પુદ્ગલના પ્રયોગ પરિણામોમાં જીવ નિમિત્ત છે. અને જીવ નિમિત્ત છતાં પ્રયોગ પરિણામોમાં જે તરતમતા રહે છે તે કર્મને લીધે હોય છે. કર્મો વિના શરીરાદિને યોગ્ય પુદ્ગલ વર્ગણાનું ગ્રહણ અને તેનો પ્રયોગ પરિણામ પ્રાપ્ત કરવાનો જીવને અધિકાર રહેતો નથી. એટલે કે પુદ્ગલોમાં રહેલી સ્વાભાવિક શક્તિઓના પ્રયોગ પરિણામો જીવ કર્મની મદદથી પ્રાપ્ત કરી શકે છે, અહિં શરીરાદિને યોગ્ય પુદ્ગલોનું ગ્રહણ અને તે પુદ્ગલોનું પરિણમન વિવિધ રીતે આ જીવ કેવી રીતે અને કયા કર્મને આધીન રહીને કરે છે તે આપણે વિચારવાનું છે. ગ્રહણ અને પરિણમન કરાવનાર કર્મપ્રકૃતિઓ તેજ " પુદ્ગલવિપાકી " છે. તમામ પુદ્ગલ વિપાકીઓના પુદ્ગલવિપાકીપણામાં આ મૂળ તત્ત્વ છે. એ ધ્યાનમાં રાખીએ તો કર્મોના વિપાકનો અર્થ બરાબર સમજી શકાય છે. તે પ્રકૃતિઓ કઈ કઇ છે તે હવે પછીના લેખમાં. (ચાલુ)

એક વખત બેન્જામીન ફ્રેન્કલીન ફ્રાન્સના સાહિત્ય સંમેલનનો સન્માનિત અતિથિ થયો. ફ્રેન્ચ ભાષા તેને આવડતી નહોતી, પણ મશહૂર વક્તાઓનાં પ્રવચન પ્રસંગે મૂંગા રહેવું તે તેમને અન્યાય કરવા જેવું લાગ્યું. તેથી પોતાના ફ્રેન્ચ મિત્ર મેડમ બફ્લર તાળીઓ પાડે તે તે વાકયે તેણે પણ તાળીઓ પાડવા માંડી.

સંમેલનની પૂર્ણાહૂતિ વખતે ફ્રેન્ચ ભાષા જાણતા તેના નાના પુત્રે પૂછયું: બાપુજી, જે વાકયોમાં તમારી પ્રશંસા આવતી હતી તે તે વાકયો પર જ તમે કેમ તાળીઓ પાડતા હતા ? બાપાજી શું બોલે ?

# મધપૂડો

સં. સોમપુર

★

અહંતામાં સુખ નથી, મમતામાં કયાં સુખ છે? સુખ છે સમતામાં.

ગુમાન પતનનું પ્રભવસ્થાન છે.

પ્રગતિ–પીરામીડના પાયા બે ધૈર્ય, અને પુરૂષાર્થ.

અસંતોષ એક એવો વૃકોદર છે કે–જેનું આસુરી ઉદર કદિ તૃપ્ત થતું નથી.

મહત્તાના મોતીની જ્યોતિ છે નમ્રતા.

નાસ્તિકને મન ઇશ્વર શૂન્ય છે, આસ્તિકને મન પૂર્ણ વિરામ છે.

સ્વેચ્છાયે સ્વીકારેલ નિયમ એ બંધન નથી, સંયમ છે.

મોહ મૃગજળ છે, મુક્તિ કસ્તૂરી છે.

વિલાસ વિનાશનો પર્યાય છે.

કજ્જલશ્યામ રાત્રીમાંયે ધવલ પુષ્પો કયાં સૌરભ નથી આપતા? વિપત્તિમાં એજ રીતે સજ્જનો પણ પોતાની જીવનસુવાસ ફેલાવતા જ રહે છે!

સન્નિષ્ઠા અને શ્રદ્ધાપૂર્વકની પ્રભુપ્રાર્થના આત્માની વિમલવાણી છે, જે કદાપિ વ્યર્થ જતી નથી.

બિંદુ એ ન ભૂલે કે, એ સિંધુનો અંશ છે, ને સિંધુએ ન ભૂલવું કે, એની મહત્તા બિંદુથી છે.

મહત્તા નમ્રતામાં છે, દીનતામાં નહિ કે ગુરૂતામાં નહિ.

સત્તા ચાર દિવસની ચાંદની છે, સેવા શાશ્વત પ્રકાશ છે.

મસ્તકે ધારો કે પગે કચડો પણ ફૂલ જેનું નામ એ તો સર્વદા સૌરભ જ સમર્પશે.

**શ્રી નાથાલાલ દત્તાણી.**

❁

## તમને ખબર છે?

કે, યૂરોપમાં એરોપ્લેનો જ્યારે ઉડતા ન હતા, તે પહેલાં હિંદમાં ૧૫૦૦ ફીટ ઉંચે ઉડનાર વિમાન તૈયાર કરનાર શ્રી શિવકર બાપુજી તલપદેએ સ્વ. સયાજીરાવ ગાયકવાડ તથા અન્યોની હાજરીમાં તે વિમાનને આકાશમાં ઉડાડયું હતું. મહારાજા ગાયકવાડે આ શોધ માટે તલપદેને રૂા. ૫૦ હજાર ભેટ આપ્યા હતા. આ વિષેનું તમામ સાહિત્ય ત્યારબાદ શિવકરે યૂરોપની વ્યાપારી પેઢી રાલીબ્રધર્સને ઇ. સ. ૧૮૯૫માં વેચેલું, અને એ પેઢીએ એ વિમાન અંગેનું બધું સાહિત્ય જર્મન તથા અમેરિકાને વેચ્યું, પરિણામે રાઇટભાઇઓએ વિમાનની શોધ કરી. આમ એક હિંદવાસીની મૂલ શોધનો યશ યૂરોપને ફાળે નોંધાયો! આ ઇતિહાસની કેટલાકોને ગંધ પણ નથી.

❁

મનુષ્ય શરીરની વાતો તો આપણે ઘણી સાંભળીએ છીએ. પણ મનુષ્યના શરીરની કિંમત કેટલી એ કેટલાને ખબર છે? મનુષ્યના શરીરમાં વૈજ્ઞાનિકોએ શોધ દ્વારા નીચેની વસ્તુઓ રહી છે. તેમ જાહેર કર્યું છે. (૧) લગભગ

૪૦ રતલ ચરબી, જે વડે સાબુની ૧૦ ગોટી બની શકે. (૨) હજાર પેન્સીલો બની શકે તેટલો કારબન (૩) મરઘાં–બતકોને રાખવાના નાના પાંજરાને લગાડી શકાય તેટલો ચૂનો, (૪) મધ્યમ કદનો એક ખીલો બને તેટલું લોખંડ. (૫) એક નાની વાટકી ભરાય તેટલી ખાંડ, (૬) એક હજાર દીવાસલીના ટોપકાં થાય તેટલો ફોસ્ફરસ, (૭) ચપટી મીઠા જેટલું મેગ્નેશીયમ, (૮) દશ ગેલનનું પીપ ભરાય તેટલું પાણી, (૯) ચપટી ગંધક.

આ બધી વસ્તુઓ જો શુદ્ધ સ્વરૂપમાં હોય તો તેની કિં. લગભગ ૧૫ રૂ. થી વધારે ન થાય. માનવ આટ–આટલી બડાઈ મારે છે, છતાં તેનાં શરીરની કિંમત બસ આટલી! હા, જો તેનાં જીવનમાં સંયમ અને સંસ્કાર આવે તો તેનો દેહ મહામૂલ્ય બની જાય.

❁

**ર**શિયાનું નવું જેટ વિમાન ટી. યુ. ૧૦૪, મોસ્કોથી રંગુન સુધીના પ્રાયોગિક ઉડ્ડયન દરમ્યાન તા. ૧૮-૧૦–૫૬ના બપોરે દીલ્હીના પાલમ વિમ.ની મથકે આવી પહોંચ્યું હતું. બે જેટ ધરાવનાર આ નવું વિમાન બ્રિટીશ કોમેટ કરતાંયે મોટું છે. આ વિમાનની ઝડપ કલાકના ૬૫૦ માઇલની છે, મોસ્કોથી નવી દીલ્હી ખાતે ફક્ત ૬॥ કલાકમાં આવી પહોંચ્યું હતું. આ વિમાનમાં ૫૦ ઉતારૂઓ, અને સંચાલન માટેના ૯ કામ કરનારાઓ માટેની વ્યવસ્થા છે. રશિયાના દીલ્હી ખાતેના એલચી શ્રી મેન્શીકોવે ત્યાં પત્રકારોને જણાવ્યું હતું કે, 'મને આજે મોસ્કોથી વિમાન ઉપડવા અંગે તાર સંદેશો મળતાં જ હું સીધો વિમાનમથકે આવ્યો, અને મારી અજાયબી વચ્ચે મેં વિમાનને મારા પહેલાં આવેલું જોયું. આ વિમાન તાર કરતાંયે ઝડપી છે.'–આટ–આટલા ઝડપી સાધનો વધવા છતાં માનવ હજુ જંગલી રહ્યો છે, એ એક અજાયબી છે.

❁

**ન**વેંબર–૫૬ની આખરમાં થયેલા મદ્રાસ મેલના અકસ્માતમાં ૧૫૦ ઉપરાંત મુસાફરો મૃત્યુ પામ્યા છે, આવોજ બીજો અકસ્માત બે મહિના ઉપર મહેબુબનગર હૈદ્રાબાદખાતે બન્યો હતો. તેમાં ૧૨૦ ઉપરાંત પ્રવાસીઓ મૃત્યુ પામ્યા હતા. ૧॥ વર્ષ પહેલાં વિશ્વાચાંડૂર-રેલ્વે અકસ્માત થતાં ૮૦ ઉપરાંત માનવો મૃત્યુ શરણ થયા હતા. આ ત્રણે અકસ્માતો એકજ જાતના થયા છે. બધાયમાં પુલ તૂટી પડતાં રેલ્વેનાં ડબ્બાઓ ઉથલી જવાથી અકસ્માત થયેલ છે. સૌરાષ્ટ્રમાં પણ છેલ્લા ૧૦ મહિનામાં ત્રણ અકસ્માતો થયેલ છે. જેમાં પોરબંદર આગળ પેસેંજર બસ સાથે રેલ્વે અથડાતાં ૩૬ના મૃત્યુ થયા હતા. તે રીતે ધંધુકા આગળ ટ્રોલી ખસી પડતાં અકસ્માત થયો હતો. અને પડધરી. જામવણથલી આગળ રેલ્વેટ્રેનનું એંજીન પાટાપરથી ખસી ગયું હતું. અને અકસ્માત-સર્જાયો હતો. આજે જીવન ખરેખર અકસ્માતરૂપ જ બની ગયું છે, તેની આ નિશાની જ ગણી શકાયને?

❁

**સુ**એઝનહેરના કારણે પોર્ટસૈયદ વિસ્તારમાં એંગ્લો ફ્રેંચદળોએ જે આક્રમણ કર્યું તે આક્રમણ કેટલું જંગલી હતું, તે નીચેની વિગતો પરથી સમજી શકાય છે. એકલા પોર્ટ સૈયદમાં ૬૫ હજાર માનવો ઘર વગરના બન્યા છે. ૭૫૦૦ માનવો મૃત્યુ પામ્યા છે. તેમજ સુએઝ વિસ્તારમાં ૧૫ હજાર માનવો ઠાર થયા છે.

એક અઠવાડીયાના આ જંગમાં ૨૫ ક્રોડ પૌંડની નુકશાની થઈ છે. ૨૫૮૦ એંગ્લો-ફ્રેન્ચ વિમાનોએ દિવસ-રાત ચાર દિવસ સતત બોંબમારો કર્યો હતો. ૩૯૦ જહાજ વિનાશક બોંબરવિમાનોએ સતત ત્રણ દિવસ નહેર ઉપર બોંબમારો ચલાવ્યો હતો, ૪ લાખની એંગ્લો-ફ્રેન્ચસેના ઇજીપ્તની સામે આ રીતે મેદાને પડી હતી-રે સુધરેલા દેશોનું જંગલીપણું !

❁

**૧૯૫૬ની ૧લી એપ્રીલથી સપ્ટેંબર સુધીના** ૬ મહિનામાં કેવળ બૃહદ્ મુંબઇમાંથી મુંબઇ સરકારને ૪૨૩૪૨૦૧ રૂા. મનોરંજન કરવેરામાંથી આવક થઇ છે. રેસકોર્સના મનોરંજન કરનો આમાં સમાવેશ થતો નથી.

❁

**૧૯૫૭ની** એપ્રીલથી નયાપૈસાનું ચલણ આવશે, દશાંશપદ્ધતિના આ ચલણમાં એક રૂપિયાના ૧૦૦ વિભાગ રહેશે, રૂપિયાનો ૧૦૦ મો ભાગ નયા પૈસા કહેવાશે, અત્યારનો રૂપિયો જેમનો તેમ રહેશે, માત્ર નવી પધ્ધતિ પ્રમાણે આના-પાઇ-પૈસાની ગણત્રીના સ્થાને નીચે મુજબ ગણત્રી રહેશે. (૧) ૧ રૂા. ૧૦૦ નયા પૈસા,
(૨) ૦ાા રૂા. ૫૦ નયા પૈસા,
(૩) ૦ા રૂા. ૨૫ નયા પસા,
(૪) ૧/૧૦ રૂા. ૧૦ નયા પૈસા.
(૫) ૧/૨૦ રૂા. ૫ નયા પૈસા.
(૬) ૧/૫૦ રૂા. ૨ નયા પૈસા.

નવો એક રૂા., ૫૦ તથા ૨૫ નવા પૈસાના સિક્કાઓ, હાલના રૂ.. અડધો અને પાવલી જેવા જ રહેશે. દશ, પાંચ, બે, એક નયા પૈસાના નવા સિક્કાઓ દાખલ થશે. અને ચાલુ બે આના, એક આના, પૈસા તથા પાઇનું ચલણ નાબુદ થઇ જશે. ૧૯૫૭ના એપ્રીલથી આ નવા સિક્કાઓ અમલી બનશે. છતાં ત્રણ-ચાર વર્ષ સુધી જૂના સિક્કાઓ કાયદેસર ગણાશે. હાલ તાત્કાલિક માત્ર એક, બે, પાંચ તથા દસ નવા પૈસાના સિક્કાઓ અમલમાં આવશે. અને ૨૫, ૫૦ નયા પૈસાના તથા નવા રૂા. ના સિક્કાઓ આગળ ઉપર દાખલ કરવામાં આવશે. ત્યાંસુધી ચાલુ પાવલી, અડધો અને રૂા. ચાલુ રહેશે. કારણ કે તેમાં કિમ્મતની દૃષ્ટિએ કાંઇ પણ ફેરફાર થતો નથી.

❁

## ० ટુંકું ને ટચ ०

**હિં**દમાં દરરોજ ૧૧ હજાર બાળકો જન્મે છે.... **સા**માન્ય રીતે માણસ પોતાની જીંદગીમાં સરેરાશ ૧૬૭૫ મણ અનાજ ખાય છે.... **હિં**દની ભૂમિ ઉપર સૌ પ્રથમ પગ મૂકનાર અંગ્રેજ ગોવાની જેસુયર કોલેજનો પ્રિન્સીપાલ ટોમસ સ્ટીફન્સ હતો.... **આ**પણી દુનિયામાં ૨૭૯૬ જેટલી ભાષાઓ બોલાય છે. ૨૭ ક્રોડથી પણ વધુ માણસો અંગ્રેજી બોલે છે.... **ભા**રતમાં ૩૨૫૦થી વધારે સીનેમાગૃહો છે.... **અ**મેરિકાએ છેલ્લી શોધ પ્રમાણે હલકા વજનનું અને ઓછા ખર્ચનું રોકેટ-વિમાન તૈયાર કર્યું છે, જે ૮૦ માઇલ ઉંચે ઉડી શકશે, ને કલાકના ૩૮૦૦ માઈલની ઝડપે જશે.... ઉત્તર-સુદાનની એક જંગીલી જાતના લોકો થાક ખાવા માટે એક પગ પર ઉભા રહે છે.... **એ**કલા ન્યૂયોર્ક શહેરમાં ૮૦૦થી વધારે છબીગૃહો-સીનેમાગૃહો છે.... સ્વીટઝર્લેન્ડમાં એકે બંદર નથી, આયર્લેન્ડમાં એકે જંગલ નથી. ડેન્માર્કમાં એકે નદી નથી. અને હોલેન્ડમાં એકે પર્વત નથી..... હવાઇનના રાજા શેખ અબ્દુલ્લાની દૈનિક આવક ૨૦ લાખ રૂા. ની છે.... કલા, ઇતિહાસ, પ્રાકૃતિક ઈતિહાસ, વિજ્ઞાન,

જ્ઞાનકોષ વગેરે વિષયોને આવરી લેતાં ૨૪૦૦ સંગ્રહાલયો અમેરિકામાં છે.

### ૦ હળવી કલમે ૦

### તમે ઉકાળી રહ્યા !

ઇન્ડીયન એડમીનીસ્ટ્રીવ સર્વિસમાં દાખલ થનારની લેખિત પરીક્ષા પછી, તે ઉમેદવારોની મૌખિક પરીક્ષા લેવાય છે. આમાં એક ઉમેદવારને તેનું નામ પૂછવામાં આવ્યું: એણે જણાવ્યું: 'મારૂં નામ દેશપાંડે' એટલે પરીક્ષકે પેલા ભાઈને કહ્યું: તમે હવે જ્યાંથી આવ્યા ત્યાં સહિસલામત જઈ શકો છો, કારણ કે, તમને નામ તથા અટકમાં શો તફાવત રહ્યો છે, તેની ખબર નથી. તો તમે હિંદી વહિવટી નોકરી ખાતામાં શું ઉકાળશો ?'

પેલો ઉમેદવાર કે જેનું નામ ગોપાલ ગંગાધર દેશપાંડે હતું, તે વીલા મોઢે પાછો ફર્યો.

### બ્હોત લંબે બેવકુફ.

બીજો ઉમેદવાર લાંબો અને શરીરે અલમસ્ત હતો. તે ઓરડામાં દાખલ થતાં તેને નીચે નમીને આવવું પડતું, એ જોતાં પરીક્ષકે ટીકા કરી 'ટોલર ધી મેન, ગ્રેટર ફુલ હી ઈઝ–બ્હોત લંબે બેવકૂફ:'

આવનાર ઉમેદવારે આ સાંભળ્યું. પણ તે જરા ચતુર હતો, તે ટેબલ પાસેની ખુરશી ખેંચીને બેઠો, અને તેણે સ્વસ્થતાથી જવાબ આપ્યો: લાંબો માણસ એની લંબાઇને કારણે સૂર્યની વધુ નજીક હોય છે, એટલે એ બીજાઓ કરતાં વધુ ડાહ્યો હોય છે.'

આ જવાબથી પરીક્ષકો છક થઇ ગયા, અને એને પાસ કર્યો.

❋

### પરસેવો વળવાની દવા !

મુંબઇ પ્રાંતના પહેલા પ્રધાનમંડળના માજી આરોગ્ય પ્રધાન ડોકટર ગીલ્ડર, ડોકટરી વિદ્યાના પરીક્ષક તરીકે કડક પરીક્ષક હતા. તે વિદ્યાર્થીને આડા–અવળા વિચિત્ર પ્રશ્નો પૂછીને ગભરાવી મૂકતા. પરીક્ષક તરીકેનો તેમનો દમામ પણ જબ્બર હતો. એક વિદ્યાર્થીની ગળાના દર્દ અંગેની પરીક્ષા લેતાં લેતાં તેમણે પેલા વિદ્યાર્થીને મૂંઝવણમાં મૂકી દીધો. વિદ્યાર્થીના શરીરે પરસેવો વળી ગયો, છેવટે ડોકટર ગીલ્ડરે છેલ્લો પ્રશ્ન એ પૂછ્યો કે,–'બોલો, દર્દીના શરીરે પરસેવો ન વળતો હોય તો તે માટે તમે શો ઉપાય અજમાવશો ? કઈ દવા કરશો ?'

પેલો વિદ્યાર્થી એકધારા પ્રશ્નોથી કંટાળી ગયો હતો. એટલે ડોકટરી વિદ્યાનું શાસ્ત્રીયજ્ઞાન પડતું મૂકી, તેણે તડ ને ફડ ત્યાં બાફી માર્યું, 'સાહેબ ! એવા દર્દીને તમારી સામે પરીક્ષા આપવા ઉભો કરી દઇશું.'

ડોકટર ગીલ્ડર કહે છે કે,–તે દિવસે આ જવાબથી ખૂબ ખુશ થઈ ગયા હતા.

★

એક વિવેચકને ત્યાં પુત્ર પ્રસવ થયો પ્રસૂતિગૃહના મુલાકાતીખંડમાં તેઓ બેઠા હતા. ત્યાં નર્સે આવીને શુભ સમાચાર આપ્યા: "થેંક ગોડ યુ હેવ ગોટ એ સન" (પ્રભુનો પાડ માનો તમારે ત્યાં દીકરાનો જન્મ થયો છે.) કોઇ પુસ્તકના વાંચનમાં લીન બનેલા વિવેચક એકાએક ઉભા થઇ ગયા અને ચશ્મા હાથમાં લઇને નર્સને પૂછ્યું: "વોટ ઇઝ ધ કેરેક્ટરિસ્ટીક"–"એનું પાત્ર–લેખન કેવું છે ?"

# યોગબિન્દુ [ભાવાનુવાદ] શ્રી વિદૂર

[ લેખાંક ૧૫ મો ]

નિદ્રા અવસ્થામાં સ્વર્ગાદિરૂપ ભવાન્તરના દર્શન-સ્વરૂપ સ્વપ્ન આવે છે તેનાથી અવશ્ય ભવાંતરની પ્રતીતિ થાય જ, એજ રીતે પોતાના વિશિષ્ટ તર્ક-વિતર્કના યોગે અને આગળના પ્રબળ અભ્યાસના યોગે પણ પ્રતીતિ થઇ શકે છે અને એથી સંશય નિવૃત્તિ થઇ શકે છે.

અર્થાત્ શુદ્ધાચારના પ્રતાપે યોગી સત્સ્વપ્નો પામી શકે છે તથા તેવા યોગિને સત્તર્ક-વિતર્ક પણ થઇ શકે છે આગમનો અભ્યાસ પણ સંગીન હોય છે. તેથીજ પરલોક આદિ સત્તત્ત્વનો વાસ્તવ નિર્ધાર થઇ શકે છે. (૪૨)

વળી એમ પણ ન કહી શકાય કે સ્વપ્ન પણ કેમ પ્રાપ્ત થાય, કારણ કે- ગ્રંથકાર મહર્ષિ પણ કહે છે કે-

**श्रद्धालेशान्नियोगेन, बाह्ययोगवतोऽपि हि ।**
**शुक्लस्वप्ना भवन्तीष्ट-देवतादर्शनादय : ॥४३॥**

એ સ્વપ્ન તો, થોડી ઘણીય શ્રદ્ધા હોય તો બાહ્યયોગધારીને પણ પ્રાપ્ત થઇ શકે છે, જે સ્વપ્નો ઇષ્ટ દેવતાના દર્શનાદિરૂપ હોઇને, શુક્લસ્વપ્નરૂપ હોય છે.

માત્ર અંશતોઽપિ બહુમાન-આદર-શ્રદ્ધા આદિના હોવાના પ્રભાવે, જેઓ તીવ્ર ઉપયોગ શૂન્ય હોઇ ભાવયોગવંત નથી પણ ભાવયોગાનુરૂપ માત્ર ક્રિયાના જ કરનારા છે. તેઓને પણ ઇષ્ટ દેવદર્શનાદિરૂપ સત્સ્વપ્નોના લાભ થાય છે.

જેઓ શિથિલતા પ્રમાદ યા આસક્તિ આદિના કારણે વિશિષ્ટ ઉપયોગશીલ ન હોય, તેથીજ ભાવયોગાનુરૂપ સત્ક્રિયામાં લીન ન હોય, પણ ભાવયોગાનુરૂપ બાહ્ય સત્ક્રિયામાં મગ્ન હોય, તેવાઓને પણ વાસ્તવિક બહુમાનાંશના પ્રભાવે, દિવસે જે જિનેશ્વર-દેવ, સદ્ગુરુ અને ધાર્મિક-જીવનની આરાધના આરંભી હોય, તેમનું સ્વપ્નમાં દર્શન થાય છે. ૪૩.

તેમજ-

**देवान्गुरून्द्विजान्साधून् , सत्कर्मस्था हि योगिनः ।**
**प्रायः स्वप्ने प्रपश्यन्ति, हृष्टान्सन्नोदनापरान् ॥४४॥**

બહુધા સત્કર્મનિષ્ઠ યોગિઓ સંતુષ્ટ અને સત્પ્રેરણાદાયિ દેવ-ગુરુ-દ્વિજ અને સાધુ મહાત્માઓને સ્વપ્નમાં દેખે છે.

જે મહાનુભાવો યોગના અભ્યાસમાં તત્પર હોય છે અને એથીજ જેઓ પોત-પોતાના સિદ્ધાન્તથી અવિરુદ્ધ સત્ક્રિયામાં મગ્ન હોય છે તે ભાગ્યવંતો સર્વપૂજ્ય જિનાદિ દેવોને, ધર્માચાર્યાદિ અથવા માતા પિતાદિરૂપ ગુરુઓને, જેઓએ એક જન્મ છતાં દીક્ષા નામના બીજા જન્મને પ્રાપ્ત કરેલ છે તેવા દ્વિજ-મુનિ-પુંગવોને અને અવશિષ્ટ શિષ્ટજનોને, જાણે સંતુષ્ટ થયા હોય અને શુદ્ધ અર્થને અનુલક્ષી પોતાને પ્રેરણા આપતા હોય તેમ ભાળે છે. ૪૪

વળી એ પ્રેરણા ભ્રાન્ત નથી તેને માટે ગ્રંથકાર મહર્ષિ જણાવે છે કે-

**नोदनापि सा यतो, यथार्थैवोपजायते ।**
**तथा कालादिभेदेन, हन्त नोपप्लवस्ततः ॥४५॥**

એ પ્રેરણા પણ ભ્રાન્ત નથી-અસત્ નથી પણ યથાર્થ જ હોય છે. તે તે કાલાદિની અપેક્ષાએ તે પ્રેરણા ફલપ્રદ બનેજ છે માટે જ એ પ્રતીતિ ઉપપ્લવ-રૂપ નથી-બાધિત નથી.

જેમ દેવદર્શનાદિ સફળ જ છે, તેમ દેવાદિકૃત પ્રેરણા પણ તે તે કાળ-ક્ષેત્ર-ભાવાનુરૂપ સૂચિત ફળદાયિકા જ બને છે. તેથી જ આ પ્રેરણા માત્ર ઉપપ્લવ નથી. જેમ વાતાદિની પ્રબળતાના યોગે ધાતુઓનો વિકાર થાય અને તેના યોગે ચિત્તનો ક્ષોભ થાય, તેથી ભ્રમણાઓ થયા કરે, તેમ આ પ્રેરણા ભ્રમરૂપ નથી તે તે કાળ-ક્ષેત્રે સફળ બને છે. યથાર્થ ફળદાયિ પ્રતીતિ અવિસંવાદિ જ હોય તેને ઉપપ્લવ મનાય જ નહિ તે તો સત્ય જ મનાય ૪૫.

તેમજ સ્વપ્નમાં જે મંત્ર જણાવ્યો હોય, તેના પ્રયોગથી તે સ્વપ્ન સત્ય બને છે. સફળ બને છે. આ વાત વિના શંકાએ વિદ્વત્સમાજમાં વિખ્યાત જ છે. જેના માટે ગ્રંથકાર મહર્ષિ જણાવે છેકે-

**स्वप्न-मन्त्रप्रयोगाच्च, सत्यस्वप्नोऽभिजायते ।**
**विद्वज्जनेऽविगानेन, सुप्रसिद्धमिदं तथा ॥४६॥**

સ્વપ્નના લાભનો સૂચક જે મંત્ર સ્વપ્નમાં આવ્યો હોય તેનો પ્રયોગ કરવાથી અને પોતાના શુદ્ધયોગથી એ અવશ્ય યથાર્થ ફલપ્રદ બને જ છે, તેથીજ એ સ્વપ્ન યથાર્થ છે.

સ્વપ્નમાં લાધેલ મંત્રના પ્રયોગથી વાંછિતફળ મળે છે, તેથીજ સ્વપ્ન સત્ય છે, આ વાત પંડિત સમાજમાં નિઃશંક પ્રસિદ્ધ છે. ૪૬

આ 'વ્યવહાર માત્ર ભૂતપંચકનિર્મિત છે પણ આત્મહેતુક નથી' એમ નથી, આ વાત સમજાવતા ગ્રંથકાર મહર્ષિ જણાવે છે કે–

**नह्येतद्भूतमात्रत्व—निमित्तं संगतं वचः ।**
**अयोगिनः समध्यक्षं, यन्नैवंविधगोचरम् ॥४७॥**

આ સ્વપ્નદર્શનાદિમાં આત્મા યા પરલોક તત્ત્વ કારણભૂત નથી, પણ દૃશ્યભૂતો જ કારણ છે, આ પ્રકારના મંતવ્યવાળું વચન યુક્તિયુક્ત નથી, કારણ– અયોગિનું પ્રત્યક્ષ આવા અતીન્દ્રિય અર્થને સ્પર્શનારૂં હોતું નથી.

નાસ્તિક વગેરેનું એવું મંતવ્ય છે કે–દેવતાદર્શનાદિમાં માત્ર ભૂતોજ કારણ છે. ભૂતોની વિશિષ્ટ વિકૃતિના સબબેજ સ્વપ્નદર્શનાદિ થાય છે, પણ કોઈ પરલોક નામનું તત્ત્વ નથી જેમાં દેવાદિનું અસ્તિત્વ હોય.

તેઓનું આ મંતવ્ય યુક્ત નથી કારણ એ છે કે– અર્વાચીન દૃષ્ટાઓ અયોગિઓનું ચાક્ષુષપ્રત્યક્ષ વિશિષ્ટ હોતું નથી. જે, સ્વપ્નદર્શનાદિરૂપ અતીન્દ્રિય અર્થમાત્ર ભૂતહેતુક છે, કિન્તુ દેવાનુગ્રહ યા મંત્રપ્રયોગાદિ હેતુક નથી. આ પ્રકારે વિષયનો નિર્ણય કરી શકે.

અર્થાત્ છદ્મસ્થોનું પ્રત્યક્ષ સીમિત હોય છે. કારણ–તે ઇંદ્રિયજન્ય હોય છે. તે માત્ર વર્તમાનકાલીન નિયત અર્થો તેના વિષય બની શકતા નથી.

**'જે જેનો વિષય ન હોય, તેનો તે નિષેધ ન કરી શકે યા તેનું વિધાન પણ ન કરી શકે.'** દેવતાદર્શનાદિ અતીન્દ્રિય અર્થ છે. તેને છદ્મસ્થોનું પ્રત્યક્ષ વિષય ન કરી શકે. તેથી જ તે પ્રત્યક્ષ એવું વિધાન ન જ કરી શકે કે– એ દેવદર્શનાદિ માત્ર ભૂતહેતુકજ છે પણ દેવતાનુગ્રહાદિહેતુક નથી જ. તેજ તેના વિધાન યા નિષેધમાં સમર્થ મનાય. જે તેનો વિષય હોય છદ્મસ્થના પ્રત્યક્ષનો અતીન્દ્રિય અર્થ વિષય જ નથી. તેથી જ તે તેનો નિષેધ પણ ન કરી શકે અને તેનું વિધાન પણ ન જ કરી શકે.

છદ્મસ્થોનું પ્રત્યક્ષ તો માત્ર પૃથ્વી, જલ આદિરૂપ ભૂતોને જ વિષય કરી શકે છે, પણ અતીન્દ્રિય અર્થોને વિષય કરી શકતું નથી. તેથી જ તે દેવતાદિના વિધાન યા પ્રતિષેધમાં સમર્થ નથી.

આથી જ સિદ્ધ થશે કે–સ્વપ્નદર્શનાદિમાં માત્ર ભૂતજ નિમિત્ત છે આ વચન અસંગત છે એ વાતને ગ્રંથકાર મહર્ષિ જણાવે છે કે–

**प्रलापमात्रं च वचो, यदप्रत्यक्षपूर्वकम् ।**
**यथेहाप्सरसः स्वर्गे, मोक्षे चानन्द उत्तमः ॥४८॥**

સાચે જ તેઓનું વચન પણ પ્રલાપમાત્રજ પુરવાર થશે જેઓ પ્રત્યક્ષ નહિ હોવા છતાં સ્વર્ગમાં 'અપ્સરા' આદિ માને છે અને મોક્ષમાં 'આનંદ' માને છે.

પ્રત્યક્ષસિદ્ધ નહિ છતાં અસર્વજ્ઞત્વાદિ મીમાંસક વગેરે મેનકા–રંભાદિ અપ્સરાઓ સ્વર્ગમાં છે અને મોક્ષમાં સર્વાતિશાયી આનંદ છે આવું માને છે. તે અનર્થક જ છે.

કારણ–જેમ સર્વજ્ઞ સાક્ષાત્ દૃષ્ટ નહિ હોઈ તેઓ નથી માનતા તેમ અપ્સરા આદિ યા મોક્ષગત આનંદાદિનેય માનવા ન જોઈએ. આમ છતાં સર્વજ્ઞને નહિ માનતા, સ્વર્ગમાં અપ્સરા આદિને માને અને મોક્ષમાં આનંદને માને, તો તે પ્રલાપ જ છે– ભ્રમજ છે. એજ રીતે નાસ્તિક પણ દેવાદિનો અપલાપ કરે તે પણ નિરર્થક જ છે, ૪૮

આ રીતે પરલોક સંશયવાદી નાસ્તિક અને અસર્વજ્ઞવાદી મીમાંસક નિરુત્તર બની ગયા છતાં તેઓ એમ કહેવાની હામ ભીડે કે– બેશક! અપ્સરા આદિ વિષયક સાક્ષાત્ પ્રત્યક્ષ નથી પણ યોગિઓને તો અવશ્ય તેનું પ્રત્યક્ષ થઈ શકે છે તેથી સ્વર્ગાદિનો યા અપ્સરાદિનો નિર્ણય થઇ શકશે.

તો ગ્રંથકાર મહર્ષિ જણાવે છે તે રીતે એકજ વિચારવાનું રહે છે કે–

**योगिनो यत्समध्यक्षं, तत श्चेदुक्तनिश्चयः ।**
**आत्मादेरपि युक्तोऽयं, तत एवेति चिन्त्यताम् ।४९।**

જેમ યોગિના પ્રત્યક્ષથી અપ્સરાદિનો નિર્ણય થાય છે તેમ આત્માદિનો પણ નિર્ણય યોગિપ્રત્યક્ષ દ્વારા જ થઈ શકશે.

યોગિઓ દિવ્યદૃષ્ટા હોય છે. તેઓ પોતાના દિવ્ય–પ્રત્યક્ષ દ્વારા એવો નિર્ણય કરી શકે કે–સ્વર્ગમાં અપ્સરાદિ છે અને મોક્ષમાં સર્વશ્રેષ્ઠ સુખ છે, આનંદ છે આ દૃષ્ટિએ આ તત્ત્વનો નિર્ધાર થઈ શકે.

જો **મીમાંસકાદિનું** આવું મંતવ્ય હોય, તો તેઓએ એમજ સમજવું જોઇએ, કે– આત્માદિ અતીન્દ્રિય અર્થનો ય યોગિના દિવ્ય પ્રત્યક્ષથી જ નિર્ણય કરી લેવો જોઇએ, અર્થાત્ જેમ પ્રસ્તુત સ્વર્ગાદિનો નિર્ણય યોગિપ્રત્યક્ષથી માની લેવાય છે. તેમ આત્માદિ તત્ત્વનોય તે પ્રત્યક્ષદ્વારાજ નિર્ણય માનવો જોઇએ. ૪૯

કારણ કે–તે યોગિનું પ્રત્યક્ષ, તેને પણ પ્રત્યક્ષ કરી શકે છે. જે તત્ત્વ અયોગિના પ્રત્યક્ષનું વિષય ન પણ બને એટલે જ આત્માદિ તત્ત્વના નિર્ધારમાં ય કોઇ બાધ નહિં માને. જેને માટે ગ્રંથકાર મહર્ષિ જણાવે છે કે–

**अयोगिनो हि प्रत्यक्ष-गोचरातीतमप्यलम्।**
**विजानात्येतदेवं च, बाधात्राऽपि न विद्यते ॥५०॥**

અર્વાચીન પ્રમાતાની ઇન્દ્રિયો જે આત્માદિ તત્ત્વને પ્રકાશી શકતી નથી, તેને પણ હસ્તગત નિર્મળ મોતીની જેમ યોગિનું દિવ્ય–પ્રત્યક્ષ વિષય કરી શકે છે. કારણ–અયોગિનું પ્રત્યક્ષ સીમિત છે, જ્યારે યોગિનું પ્રત્યક્ષ દિવ્ય હોઇ વિશાલ છે.

આથીજ યોગિપ્રત્યક્ષ દ્વારાજ આત્માદિ તત્ત્વોનો અને સ્વર્ગસ્થ અપ્સરાદિ તત્ત્વનો નિર્ધાર માનવામાં બાધ નથી.

આ રીતે આત્માદિ તત્ત્વોની સિદ્ધિમાં 'આગમ પ્રમાણ' દર્શાવ્યું. હવે 'અનુમાન પ્રમાણ' દર્શાવે છે–

એકજ વસ્તુ અમુકને પ્રત્યક્ષ હોય, તે અન્યને પરોક્ષ પણ હોય. પર્વતના ઊપરિદેશમાં વહ્નિ સમીપસ્થ વ્યક્તિને વહ્નિનું પ્રત્યક્ષ છે જ્યારે ભૂમિસ્થ વ્યક્તિ ધૂમજ્ઞાનદ્વારા પર્વતમાં વહ્નિનું અનુમાન કરે છે.

જેમ વસ્તુનો પ્રત્યક્ષદ્વારા નિર્ણય થાય, તેમ અનુમાનાદિરૂપ પરોક્ષ પ્રમાણદ્વારા પણ થઇ શકે છે. માત્ર જે કોઈ પરોક્ષ તત્ત્વ વાસ્તવિક હોય, તે અવશ્ય અન્ય કોઇને પ્રત્યક્ષ હોવુંજ જોઇએ. અન્યથા તે સત્ હોઇ શકેજ નહિ. અતીન્દ્રિય પણ વસ્તુ અમુકને માટે અતીન્દ્રિય છતાં, બીજા દિવ્યદૃષ્ટા માટે અતીન્દ્રિય હોતી નથી. તેને તો તે પ્રત્યક્ષ જ હોય છે. એથીજ એની સત્તા સાબિત થાય છે. જે વસ્તુ કોઇનાય પ્રત્યક્ષની વિષયભૂત થાય તે 'સત્'જ હોય જે સર્વથા કોઇનાય પ્રત્યક્ષમાં ન ભાસે તે 'અસત્' જ હોય. જેમ શશશૃંગ. પણ એવો નિયમ તો ન જ બંધાય કે જે દિવ્યદૃષ્ટાને પ્રત્યક્ષ હોય તે બધાને ય પ્રત્યક્ષ જ હોવો જોઇએ. એના પ્રત્યક્ષમાં દિવ્યદર્શન જ કારણ છે. તેથી તે બધાને પ્રત્યક્ષ તો થઇ શકે. આમ છતાં બીજાઓ તેને અનુમાનાદિરૂપ પરોક્ષ પ્રમાણદ્વારા તો જાણી જ શકે.

ગ્રંથકાર પણ આજ તાત્પર્યથી જણાવે છે–

**आत्माद्यतीन्द्रियं वस्तु, योगिप्रत्यक्षभावतः ।**
**परोक्षमपि चान्येषां, न हि युक्ता न युज्यते ॥५१॥**

આત્માદિ અતીન્દ્રિય પણ વસ્તુ યોગિને પ્રત્યક્ષ થાય છે. તેથીજ બીજાને તે પરોક્ષ હોઇ શકે છે એ યુક્તિયુક્ત છે પણ યુક્તિરહિત મન્તવ્ય નથી.

[ ચાલુ ]

# શુભ વિચારણાથી પ્રાપ્ત થતી આત્મજાગૃતિ :

—શ્રી પદ્મકુમાર.

મહારાજા દશરથે શ્રી જિનસ્નાત્ર મહોત્સવનું પરમ પવિત્ર સ્નાત્રજલ વંદનીય હોવાથી મહારાજા દશરથે પોતાના સઘળાએ પરિવારને નિયુકત કરેલ પરિચારકો દ્વારા મોકલ્યુ હતું. રામભદ્રના માતા કૌશલ્યાદેવી હતા, જેઓ મહારાજા દશરથના પટ્ટરાજ્ઞી હતા. અન્ય રાણીવાસમાં દાસીઓ દ્વારા સ્નાત્રજલ મોકલાયું, અને પટ્ટરાણી કૌશલ્યાદેવીને ખાસ કંચુકીદ્વારા સ્નાત્રજલ મોકલાયું. અન્ય રાણીવાસમાં સ્નાત્ર જલ પહોંચી ગયું, કારણ કે દાસીઓ યુવાન હોઇ સ્ફુર્તિ વાળી હતી. પટ્ટરાણીને સૌથી પ્રથમ સ્નાત્ર જલ મોકલ્યું હતું, પરંતુ કંચુકી અવસ્થાથી જીર્ણ હોઇ સ્નાત્રજલ પહોંચવામાં વાર લાગી. આનું પરિણામ સામાન્ય ન આવ્યું. પટ્ટરાજ્ઞીએ આથી પોતાનું ભયંકર અપમાન માન્યું. બસ આ અપમાનમાં જીવવું એથી તો મરવું સોગુણુ સારૂં. અપમાન પ્રતિક્ષણે દુઃખદાયી છે.

જ્યારે મરણ મરણ ક્ષણે જ દુઃખ આપે છે. બસ મારે માટે મરણ જ શરણુ છે. વિચાર અને વિચારનો અમલ. મરવા માટે ગળામાં ફાંસો નાખ્યો. આહા કેટલું અજ્ઞાન! આહા! કષાયાવેશ કેટલો ભયંકર! પટ્ટરાણીને કઈ વાતની ખામી હતી! રાજા દશરથ પ્રતિક્ષણુ માટે રાણીને દુઃખ ન થાય એની ખંત રાખતા. કોઈ વાતની ખામી ન્હોતી! મહારાજા દશરથે મહારાણીને કોઈ દિવસ દૂભવ્યા નથી. કોઇ ઇચ્છાને અધૂરી રાખી નથી. તો આવું પરિણામ કેમ આવ્યું? કહેવું પડશે કે–કષાયોની આધીનતા અને અજ્ઞાનની અનહદતા! કોઇ વાતની ખામી ન હોવા છતાં માન કષાયે રાણીને દુભવ્યા, અને અજ્ઞાને સ્વારી કરી, મહારાણીએ અણછાજતું કાર્ય આદર્યું, બસ એજ સમયે મહારાજા દશરથનું આવવું થયું. પ્રાણઘાત ફાંસો રાણીના ગળામાં. આ શું? અને આ કેમ? એક ક્ષણ શુન્યમનસ્ક રાજા થોભ્યા. પણ ક્ષણમાં જ વિચાર તરંગોથી પર બની રાજા દશરથે રાણીના ગળામાંથી ફાંસો દૂર કર્યો.

લાખો ગુણી લજ્જાથી રાણીનું મસ્તક નત બની ગયું. પ્રેમપૂર્વકનો આલાપ સંલાપ કર્યો. પટ્ટરાણીનો આઘાત ઠંડો પડયો.

રાજા દશરથે પૂછયું.

'દેવી આ શું! અને કેમ કરવું પડયું!'

પટ્ટરાણી બોલી; નાથ! દેવ! અજ્ઞાનનું નાટક. અને કષાયની આધીનતાથી. ખરેખર દેવ! કષાય સુખીને પણ દુઃખી કરે છે. મારે કોઈ વાતની ઉણપ ન્હોતી અને નથી, છતાંએ અજ્ઞાન એવી મારા ઉપર માન કષાયની ભયંકર સ્વારી.

પણ દેવી કોણે અપમાન કર્યું! અને એથી અનાથજનોચિત આ આચરણ કરવું પડયું!

દેવ! મનનું માન્યું અપમાન લાગ્યું, અને તે એક જ કે–સર્વ રાણીવાસમાં સ્નાત્રજલ પહોંચે અને મને નહિ? દેવ! હવે આ વિષયમાં મને ન પૂછો. મને કષાયે સુખી હોવા છતાં પણ દુઃખ કરી, અને અજ્ઞાનની સ્વારીએ અજ્ઞાનજનોચિત કર્તવ્યમાં પ્રેરી, બસ. આ વાત છોડો.'

એ જ સમયે કંચુકીનું આવવું થયું. રાજા દશરથે તેને પૂછયુંઃ અરે સુવદન! સ્નાત્રજલ સૌથી પ્રથમ આપીને રવાના કરવા છતાં આટલો વિલમ્બ કેમ?' મહારાજાના એ પ્રશ્નના જવાબમાં, કંચુકીએ પોતાની વયને એના કારણ તરીકે જણાવી. એણે મહારાજાને કહ્યુ કે.–

સ્વામિન્! મને અહીં પહોંચવામાં વિલંબ થયો, તેમાં અપરાધી મારી વૃદ્ધાવસ્થા છે. આપ જાતે જ જુઓ કે-હું સર્વ કાર્યોને માટે કેવો અસમર્થ બની ગયો છું?'

નોકર આવો જવાબ આપી શકે? કંચુકી પોતાના સ્વામી તરફથી, વ્યાજબી વાતમાં કેટલો બધો નિર્ભય હશે, ત્યારે તે પોતાના વૃદ્ધ શરીરની સામે જોવાનું કહી શકયો હશે?

સ્હામેથી "વૃદ્ધ થયા તો ઘેર બેસો. નોકરી કરવી અને વય બતાવવી એ નહિ બની શકે. ઘેર જાવ."

આ જવાબની સંભાવના માની ન હોય ત્યારે જ વય બતાવી શકે. છે. આજે આ રીતે વય બતાવનારને શું સાંભળવા મળે! ઘેર બેસો ઘેર.

કંચુકીએ સૂચવ્યું કે, 'મને કયાં યે ઉભવાને કારણ નથી બન્યું, તેમ વ્યાક્ષેપ પામવાને પણ કોઈ કારણ નથી બન્યું; પણ હું મોડો થયો, તેમાં મારી વય જ કારણ છે. અપરાધ હું નથી કરતો, પણ મને સઘળાંય કામોને માટે અસમર્થ બનાવી દેનારી મારી વૃદ્ધ વય અપરાધ કરે છે.

ખરેખર, 'એ કંચુકીની વય જ એવી થઇ ગઇ હતી. કે એના હાથ-પગ આદિ અંગો સ્થિર રહી શકતાં નહોતાં. એનું આખુંએ અંગ, સદા કંપ્યા કરતું હતું. એના દાંત ઘંટના લોલકની માફક સતત હાલ્યા કરતા હતા. એના આખાય શરીરની ચામડી એવી કરચલીઓવાળી થઇ ગએલી કે-એનું શરીર વળીઓના ભાજન જેવું ભાસે. વાળ સાવ ધોળા થઇ ગયા હતા અને ભ્રકુટીના સફેદ લોમથી તેનાં નેત્રો પણ ઢંકાઈ ગયાં હતાં. શરીરમાં માંસ કે લોહી જાણે હોય જ નહિ એવું હાડપીંજર જેવું એનુ શરીર લાગતું હતું. આ શાથી? વૃદ્ધ વયને કારણે આ દશા થએલી.

રાજા દશરથની દૃષ્ટિ કંચુકીના શરીર ઉપર સ્થિર બની. મહારાજા અને મહારાણી, બન્નેય એના શરીર તરફ જૂવે છે. મહારાજા દશરથનાં દિલમાં કંચુકીના શરીરનાં દર્શને જાગૃતિ આણી. એ દર્શને વિચારસરણી બદલી નાંખી. સંસારની અસારતાનો ભાસ કરાવ્યો. શરીરની ક્ષણભંગુરતાનું જ્ઞાન જાગૃત થયું. યૌવનની ચપલતા ક્ષણસ્થાયી વિદ્યુતસમી ભાસી. હૃદયમાં વિવેક-પ્રદીપનો પ્રકાશ પથરાયો.

કંચુકીના શરીર જેવી હાલત થાય તે પહેલા મોક્ષપુરૂષાર્થ માટે ઉદ્યમવન્ત થવું જરૂરી લાગ્યું. તે ક્ષણથી મહારાજા દશરથનું દિલ સંસાર-સુખથી ઉભગી ગયું. જલતા ઘરમાંથી માણસ ભાગી છુટે તેમ ભાગી છુટવાની વૃત્તિ પેદા થઇ. રાજસુખ, રાજવૈભવ પરિહર્યા; સંયમના ઘોર કષ્ટો આદર્યાં, અને મોક્ષ પંથના સાચા મુસાફીર બન્યા. કર્મકટકના ભેદ માટે ધર્મરાજાના મહાજોદ્ધા બન્યા.

વાંચક! આટલું પરિવર્તન શાથી! વૃદ્ધના શરીરનું વાસ્તવિક દર્શન. અને એના દ્વારા વિચારણાનું સાચું પ્રતિબિમ્બ શું આ સંસારમાં સંસારથી વૈરાગ્ય પેદા થાય, સંસારના ક્ષણિક સુખો પ્રત્યે તિરસ્કાર પ્રગટે એવા દશ્યો આપણી આસપાસ દૃષ્ટિ સમક્ષ નથી આવતા?

પરંતુ એ અંગે વાસ્તવિક વિચારણા ન પ્રગટી એજ કારણે તુચ્છ સંસારના સુખો ક્ષણિક સંસારના સુખે, સુખાભાસ સ્વરૂપ સંસારના સુખોનો રંગ દિલમાં સ્થિર રહ્યો છે. અને મુખ્ય પુરૂષાર્થની સાધના માટે મળેલ સામગ્રીનો દુરૂપયોગ થઇ રહ્યો છે એ શું ઓછું શોચનીય છે?

*

# જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા

સંપાદક: કિરણ

## કલ્પવૃક્ષનું બીજારોપણ

પ્રિય કમલ,

ધાર્મિક ક્રિયાઓ અને અનુષ્ઠાનોની રચના Higher psychological technique સૂક્ષ્મ માનસશાસ્ત્રના નિયમોને અનુસરીને પ્રાચીન મહાપુરૂષોએ કરી છે. આવી ક્રિયાઓ અને અનુષ્ઠાનોમાં જે ગંભીર રહસ્યો છુપાયેલા છે, તેનું વિવેચન હું કયારેક કરીશ.

હું પ્રત્યેક "અનુષ્ઠાન"ને સ્વત્વના ઉર્ધ્વીકરણ માટેનો વૈજ્ઞાનિક પ્રયોગ ગણું છું.

સ્વત્વનું ઉર્ધ્વીકરણ એટલે આત્માની શુદ્ધિ-આંતરપ્રકાશનું પ્રાગટ્ય-કર્મમળોને દૂર કરવા-આત્મિક ગુણો પ્રગટાવવા-ગુણશ્રેણિમાં આગળ વધવું-જીવનનો વિકાસ સાધવો.

પ્રત્યેક અનુષ્ઠાન પછી તે વ્યક્તિગત હોય કે સામૂહિક હોય, વૈજ્ઞાનિક પ્રયોગ તરીકે થવું જોઇએ. હું જ્યારે અહિં "વિજ્ઞાન" શબ્દ વાપરૂં છું, ત્યારે પશ્ચિમના Physical science સ્થૂલ વિજ્ઞાનના અર્થમાં નહિ, પરંતુ "જ્ઞાન-વિજ્ઞાન"-જ્ઞાનને સૂક્ષ્મપણે-વિશેષપણે-સ્પષ્ટપણે સમજવાના અર્થમાં વાપરૂં છું.

અનુષ્ઠાનોની રચના પૂર્વપુરૂષોએ એવી રીતે કરી છે કે-જેથી સ્વત્વના વિકાસને સહાય કરનારા કારણોને વેગ મળે.

Physiological and psychological frame work of human self માનવદેહ અને માનવમન સંબંધી આપણે ઘણું થોડું જાણીએ છીએ, તેથી દર્શન, જ્ઞાન અને ચારિત્રના પરસ્પર સંબંધને તથા સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રની Dynamic Effects જબ્બર અસરોને આપણે જાણતા નથી.

Power of Electricity and magnetism- વિદ્યુત્ અને લોહચુંબકની શક્તિથી આપણે પરિચિત છીએ.

Supersonics-અશ્રાવ્ય ધ્વનિની શક્તિ આપણે થોડે અંશે જાણીએ છીએ.

Effects and counter effects of THOUGHT-વિચારની અસર પરંપરાઓથી આપણે અજાણ છીએ અને તે સબંધી જાણવાનો કંઇ સજીવ પ્રયત્ન આપણે કરતા નથી.

દૂષિત થયેલો આહાર આપણે ખાતા નથી. રોગ થવાનો ભય છે. ગટરનું ગંદુ પાણી

આપણે પીતા નથી. નુકશાન થવાની શકયતા છે.

Dirty water: DANGER

ગંદા પાણી સંબંધી ભયનું પાટીયું હોય છે.

વિદ્યુત્ Electricityના સાધનોથી આપણે સાવધ રહીએ છીએ.

વિદ્યુતનો આંચકો મૃત્યુનું કારણ થઇ પડે, તે આપણે જાણીએ છીએ.

Electricity high voltage: DANGER

વિદ્યુત્ સંબંધી ભયનું પાટિયું હોય છે.

પરંતુ અસદ્ વિચારોથી બચવાના આપણા પ્રયત્નો સામાન્ય-અતિ સામાન્ય છે.

પ્રત્યેક અસદ્ વિચાર વિદ્યુત્ના આંચકાથી વધુ પ્રાણઘાતક છે.

Evil Thoughts: DANGER

અસદ્ વિચારોથી સાવધ રહેવાનું સૂચન કરતાં પાટિયાં કયાં છે?

પ્રત્યેક અસદ્ વિચાર ભાવમૃત્યુનું કારક છે.

આ પરમ વૈજ્ઞાનિક સત્ય આપણને કયારે સમજાશે?

ક્રોધનો, ઈર્ષાનો, ભયનો, લોભનો એકાદ ભાવ કેવું કાલકૂટ વિષ ઉત્પન્ન કરે છે, તે આપણે જાણતા નથી.

આજના વિજ્ઞાને સિદ્ધ કર્યું છે કે-દુર્ભાવો આપણા દેહમાં વિષ ઉત્પન્ન કરે છે આ વિષથી શરીરમાં જુદા જુદા રોગો થાય છે. આજનું વિજ્ઞાન આવા રોગોને Psychosomatic Diseases-માનસિક અસરથી થતા શારીરિક રોગો કહે છે.

પ્રત્યેક અસદ્ વિચાર વિજળીનો ઘાતક આંચકો છે.

પ્રત્યેક અસદ્ વિચાર-આંતર મૃત્યુ છે.

વિજળીના આંચકાનો આપણને ભય છે. બાહ્ય મૃત્યુનો આપણને ભય છે.

હજી અસદ્ વિચાર-દુર્ભાવોનો ભય આપણને જાગ્યો નથી.

અસદ્ વિચારના ઉગમસ્રોતથી-અસદ્ વિચારો કયાંથી આવે છે? કેમ આવે છે? તેનાથી આપણે અજાણ છીએ.

હા! સમ્યગ્ વિચાર પ્રગટાવવાની આપણી ઈચ્છા 'Wishings' છે પરંતુ 'Will' ઇચ્છા શક્તિ નથી.

ઇચ્છાશક્તિના અગ્નિ વિના આપણા સર્વ પ્રયત્નો ગોકળ ગાયની ગતિના રહેશે.

આપણે પ્રયત્નો કરીએ છીએ-એ વાતનો આનંદ છે. પરંતુ આ મંદ ગતિમાં આપણો સંતોષ છે-એ વાતની ગ્લાનિ છે.

સાધનામાર્ગ પરની આપણી મંદ ગતિથી With very low speed, the temperature of cho soul-Energy is not raised, and the goal

Remains unattained-અતિ મંદ પ્રયત્નને લીધે આત્મવીર્યની સ્ફુરણા થતી નથી અને સાર્થક પરિણામ દેખાતું નથી. કંઇ ને કંઇ લાભ તો થશે જ, એ સંતોષમાં આપણે કાલ નિર્ગમન કરીએ છીએ.

ક્યારેક તો અનુષ્ઠાન વખતે જે વેગ હોય છે, તેટલોય વેગ અનુષ્ઠાન પુરૂં થયા પછી જીવનવ્હેણમાં દેખાતો નથી. અનુષ્ઠાન કરતા હોઇએ ત્યારે આપણામાં આનંદ, ઉત્સાહ અને એકાગ્રતા હોય છે, તે સામાન્ય જીવનમાં શા માટે ટકી રહેતા નથી?

શું આપણે જાણતા નથી કે "અનુષ્ઠાનો" અને "ધાર્મિક ક્રિયાઓ" આપણા સમગ્ર જીવનને ઉંચે લાવવા માટે છે? શું આપણે ધાર્મિક ક્રિયાઓ વેઠ રૂપે કે માનસિક સંતોષ માટે કરીએ છીએ? પરલોકનું ભાતુ બાંધવા માટે કરીએ છીએ? શું સુખની લાલચ કે દુ:ખના ભયને લીધે કરીએ છીએ?

કેમ જાણે આપણા અનુષ્ઠાનો અને ધાર્મિક ક્રિયાઓને જીવન સાથે કંઇ સંબંધ ન હોય!

આવા પ્રકારની આપણી બિમારીનો આપણે કંઇ વિચાર કર્યો છે!

'પ્રત્યેક સદ્ પ્રવૃત્તિ ગમે તેટલી મંદ હોય, તો પણ કંઇ ને કંઈ લાભ અવશ્ય કરે જ છે'—આ સત્ય હું સ્વીકારૂ છું.

પરંતુ આ સત્ય COSMIC view point વિશ્વદૃષ્ટિનું છે. વિકસિત અવસ્થામાં સમજાય તેવું છે.

Individual view point પ્રત્યેક વ્યક્તિનું વ્યક્તિગત સત્ય–મ્હારૂં વ્યવહાર સત્ય આ રહ્યું. આ હોવું જોઇએ.

'સમય ઓછો છે. વિઘ્નો ઘણાં છે. મહામુશ્કેલીએ માનવભવ મળ્યો છે. મ્હારા સમગ્ર બળથી ત્વરાએ 'કાર્ય' સાધી લઉં.'

ઘણા થોડા સાધકો Cosmic view point અને individual view point–વિકસિત અવસ્થાનાં સત્યો તથા પ્રારંભ અવસ્થાનાં સત્યોનો સમન્વય કરી શકે છે. ક્યાંય થોડી સત્ પ્રવૃત્તિ થતી હોય તો આવા સાધક વિચારે છે કે 'આ બીજમાંથી અંકુર જાગશે. સત્પ્રવૃત્તિનો કંઇ ને કંઈ લાભ તો અવશ્ય થશે જ.'

આ વિચારે આનંદ પામે છે. આવા સાધક પોતાની સાધના માટે વિચારે છે.

'મ્હારી સત્ પ્રવૃત્તિમાં વેગ ક્યારે આવશે!'

'સમય સમયનું અપ્રમત્તપણું મ્હારામાં ક્યારે જાગશે!' આ વિચારે સતત વિચારશીલ રહેવાનો પ્રયત્ન કરે છે.

'ધાર્મિક ક્રિયા' કે 'અનુષ્ઠાન' કરનારો મોટો વર્ગ એ વાતથી અજાણ છે કે–પ્રત્યેક 'અનુષ્ઠાન' સ્વત્વના ઉર્ધ્વીકરણ Sublimation of self માટેનો વૈજ્ઞાનિક પ્રયોગ છે. તેથી આપણી ગતિ મંદ છે.

આ હકીકતથી આપણે પરિચિત થઇએ તો ગતિમાં વેગ આવે.

આજે તો આપણે ચુલાના ધીમા તાપમાં લોખંડનો ટૂકડો મૂકી ધીમે હાથે હથોડાથી ટીપીએ છીએ, કયારેક આ આ ટૂકડો 'આકાર' પામશે એવી ભ્રમણા સેવીએ છીએ.

જીવત્વની નીચેની ભૂમિકામાં આવી ભ્રમણા હોય, પરંતુ માનવીને એ ન શોભે.

માનવ સમય Human Time અને માનવ શક્તિ Human Energy નો એક એક કણ કિંમતી છે.

મ્હારો લોખંડનો ટૂકડો આકાર નથી પામતો–તો કેમ નથી પામતો?

શું હથોડાની ખામી છે?

શું એરણની ખામી છે?

શું હથોડા પાછળ વપરાતા મ્હારા બળની ખામી છે?

કે શું લોખંડને વાળતા પહેલાં જે ભઠ્ઠીમાં તેને ગરમ કરવું પડે, તે ભઠ્ઠીની ખામી છે?

મ્હારે 'સિધ્ધાચલ' જવું છે અને માયાબજારની આ ગલીઓમાં હું આંટા મારૂં છું. મ્હારૂં આ ભ્રમણ કયારેક મ્હને 'સિધ્ધાચલ' પહોંચાડી દેશે, એવી મ્હારી ભ્રમણા છે.

શું ખરેખર મ્હારે 'સિદ્ધાચલ' જવું છે?

શું 'સિદ્ધાચલ'નો માર્ગ જાણકાર–ભોમિયા–ગુરુ પાસેથી મેં જાણ્યો છે? હું જ્યાં છું ત્યાંથી મ્હારૂ પ્રત્યેક પગલું શું 'સિધ્ધાચલ' તરફ છે?

મ્હારી આ અતિ અતિ મંદ ગતિ માટે શું હું જાગૃત છું?

મ્હારી ગતિ ધ્યેય પ્રત્યે છે કે ધ્યેયથી વિરૂધ્ધની દિશામાં છે, તે માટે શું હું સતત જાગૃત છું?

કે કદાચ મ્હારી અનેક કામનાઓ જેમ 'સિધ્ધાચલ' પણ મ્હારી એક કામના Wishing માત્ર છે?

'સિધ્ધાચલ'–મોક્ષની અનિવાર્ય જરૂરિઆત મ્હને સમજાય છે?

બળતા ઘરમાંથી સર્વ શક્ય પ્રયત્ને માનવી નાશી છૂટે. આવી Will to live વિજીગિષા વૃત્તિ આત્મત્વને બચાવવાની આ ખેવના શું મ્હારામાં જાગી છે?

કોઇ કહેશે કે–ધાર્મિક ક્રિયાઓ અને અનુષ્ઠાનો કરનારમાં ધીમે ધીમે બધુંય આવશે. હજી એકડો તો ઘુંટવા દો.

હું પણ હજી એકડો ઘુંટુ છું. હું સ્વીકારૂં છું કે–અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરવા માટે પણ મ્હારે ઘુંટવું તો પડશે જ. એકડાનું મહત્ત્વ માત્ર એકડામાં નથી, અન્ય અંકો સાથેના તેના Relation સંબંધમાં છે.

અક્ષરોનું મહત્ત્વ પણ એક બીજા સાથેના સંબંધમાંથી અર્થને પ્રગટાવવામાં છે. માત્ર

એક અક્ષર કે એક અંક ધાન્યના એક કણ જેમ મેધાવીને કે સિધ્ધ પુરૂષને ઉપયોગી થશે. મ્હારા જેવા અલ્પ જ્ઞાનીએ તો સર્વ અંકો અને સર્વ અક્ષરો પ્રયત્નપૂર્વક શીખવા પડશે. એકેયની ઉપેક્ષા કર્યા વિના; સર્વનું યોગ્ય મહત્ત્વ સમજીને.

હું એકડો તે માટે ઘુંટુ છું કે કવિતા, સાહિત્ય, ઈતિહાસ અને તત્વજ્ઞાન–માનવ જ્ઞાન વિજ્ઞાનના સર્વ સંગ્રહનું Magic Box જાદુઇ પેટી ભાષા જ્ઞાનની ચાવીથી ઉઘડી જાય તેથી 'એકડો' ઘુંટનારને શાસ્ત્રકારો કહે છે કે આ 'એકડા'થી તમને એ સુખ પ્રાપ્ત થશે કે જે તમે કયારે અનુભવ્યું નથી. જે અનંતુ છે. જે અક્ષય છે.

પીપરમીટના સ્વાદ સાથે જ્ઞાનનો આનંદ શી રીતે સરખાવાય? અને નાના બાળક બીજી શી રીતે સમજે?

સંસારના સુખ સાથે મોક્ષનો આનંદ શી રીતે સરખાવાય? અને સંસારીઓ તે શી રીતે સમજે?

મ્હને દુઃખ છે–પારાવાર દુઃખ છે તે ઠંડા પડેલા લોખંડને ટીપવાનું છે. માયા બજારની ગલીઓમાં ભટકવાનું છે–નિષ્ક્રિય મનથી 'એકડો' અને સદાય માત્ર 'એકડો'જ ઘુંટવાનું છે.

શરૂઆતમાં 'ચારિ સંજીવની ચાર' ન્યાય પ્રમાણે માત્ર સામાન્ય ઇચ્છા Wishing ચાલશે પછીથી Will ઇચ્છાશક્તિ પ્રગટવી જોઇએ. માત્ર 'ઇચ્છા શક્તિ' સતત જાગૃતિ પ્રગટાવશે, આગળનો પંથ દુષ્કર અતિદુષ્કર છે. ત્યાં સતત જાગૃતિ વિના એકેય પગલું શકય નથી. જુદા જુદા 'અનુષ્ઠાન' લોખંડને ટીપવા માટે–આકાર આપવા માટે છે, સતત જાગૃતિની ભઠ્ઠીમાં 'અપ્રમાદ'નું સુવર્ણ પાકે છે.

આજના ગાઢ અંધકારમાં ભઠ્ઠીની આગનો વિચાર કરૂં છું, ત્યારે ગ્લાનિ થાય છે. જે ઉખર ભૂમિમાં 'વિચારક'ના છોડવાને યોગ્ય ખાતર મળતું નથી, ત્યાં 'તત્વજ્ઞ'ના કલ્પવૃક્ષ કેમ પાંગરશે?

હું માનું છું કે પ્રત્યેક 'અનુષ્ઠાન' કલ્પવૃક્ષની રોપણક્રિયા છે, ખેતી તો વૈજ્ઞાનિક પ્રયોગ છે. જો યોગ્ય રીતે વાવીશું તો કલ્પવૃક્ષ અવશ્ય ફળશે. પરંતુ ખેડૂત જાણે છે કે વાવેલા બીજને પોષણની જરૂર છે–હવાની, પ્રકાશની, વરસાદની જરૂર છે.

કમલ! મ્હારો આ પત્ર એકવાર વાંચે ન સમજાય, તો વધારે વાર વાંચજે. વારંવાર વાંચીશ, વિચારીશ તોજ વાંચન સાર્થક થશે.

સ્નેહાધીન

કિરણ.

# ❁ અમૃત ક્રિયા ❁

ધર્મ ક્રિયાઓ અને અનુષ્ઠાનો સંબંધી સાધકોની જુદી જુદી ભૂમિકાઓ Levels ને અનુલક્ષીને સાધનામાર્ગમાં સહાયક થાય એવું ઘણું જૈનશાસ્ત્રોમાં કહ્યું છે.

પ્રત્યેક વિચારકને સૂક્ષ્મ માનસ–વિજ્ઞાન Higher Psychology ઉપર રચાયેલી વ્યવહારૂ practical સૂચનાઓનું મહત્વ સ્પષ્ટ-પણે સમજાશે.

**પાંચ પ્રકારના અનુષ્ઠાન.**

જૈનશાસ્ત્રોમાં અનુષ્ઠાનના સામાન્યથી પાંચ પ્રકાર કહ્યા છે.

૧. વિષ અનુષ્ઠાનઃ– આ લોકના સુખને અર્થે જે ધર્મક્રિયા થાય તે વિષ અનુષ્ઠાન છે. જેમ અફિણનું વિષ કે સર્પનું વિષ તત્કાળ નુકશાન કરે છે, તેમ વિષ અનુષ્ઠાન સુંદર અધ્યવસાયોનો નાશ કરે છે.

૨ ગરલ અનુષ્ઠાનઃ– દિવ્ય ભોગના અભિલાષથી જે ધર્મક્રિયા થાય તે ગરલ અનુષ્ઠાન છે. જે ઝેર તત્કાળ મારતુ નથી પરંતુ કાળાંતરે અવશ્ય અસર કરે છે.

૩ અન્યોન્ય અનુષ્ઠાનઃ–પ્રણિધાન રહિત-મન–વચન–કાયાના એકાગ્રપણા રહિત, સંમૂર્છિમની જેમ, પરમાર્થની સમજણ વિના, શૂન્યપણે, માત્ર દેખાદેખીથી જે ધર્મક્રિયા થાય તે અન્યોન્ય અનુષ્ઠાન કહેવાય છે.

ઓઘસંજ્ઞા અને લોકસંજ્ઞાથી થતી ધર્મક્રિયા પ્રશસ્ત નથી.

ઓઘસંજ્ઞા એટલે જ્યાં સામાન્ય પ્રાકૃત જન-પ્રવાહને અનુસરવાપણું છે. જ્યાં સાચી તત્વ સમજણનો પ્રયત્ન નથી. જ્યાં શાસ્ત્રવચન કે ગુરુવચનની અપેક્ષા નથી. શૂન્યપણે જે ધર્મક્રિયા થાય છે તે ઓઘસંજ્ઞાએ છે.

લોકસંજ્ઞા એટલે લોકોને રીઝવવા માટે, લોકોના મનરંજન અર્થે જે ધર્મક્રિયા થાય છે તે. અહિં મર્મ સમજવાનો પ્રયત્ન નથી, માત્ર બાહ્ય દેખાવનો પ્રયત્ન છે.

જે સાચો સાધક છે તે ઓઘસંજ્ઞા અને લોકસંજ્ઞાનો ત્યાગ કરે છે.

ઓઘસંજ્ઞા કે લોકસંજ્ઞાથી થતી ધર્મક્રિયાઓ–અનુષ્ઠાનોમાં [અકામનિર્જરા થાય છે, આવી અકામનિર્જરા અસંજ્ઞી જીવો પણ કરે છે.

આત્મસ્વરૂપના જાણપણા સહિત With complete self-awareness ઉપયોગ સહિત ધર્મક્રિયા અને અનુષ્ઠાન કરવાથી સકામ-નિર્જરા થાય છે.

આત્મઉપયોગ વિના જે જે અનુષ્ઠાનો કરવામાં આવે છે તેની Physicalશારીરિક Intellectual બૌદ્ધિક અને Psychological માનસિક અસરો છે, તેથી ઓઘસંજ્ઞાએ કે લોકસંજ્ઞાએ થતી ધર્મક્રિયાઓની અસરો તો છે.

૪ તદ્દહેતુ અનુષ્ઠાનઃ– સત્ અનુષ્ઠાન પ્રત્યે બહુમાનથી જે ક્રિયા થાય છે તે તદ્દહેતુ અનુષ્ઠાન છે. આ ભૂમિકા અમૃત અનુષ્ઠાનનું કારણ છે. આ સાધકમાં વિષ ક્રિયા, ગરલક્રિયા કે અન્યોન્ય ક્રિયા ન હોય. અહિં શ્રી વીતરાગ ભગવંતે કહેલા અનુષ્ઠાન ગુરુ પાસેથી સમજીને કરવાનો અભિલાષ છે.

૫ અમૃત અનુષ્ઠાન.

जिनोदितमिति त्वाहु–र्भावसारमदः पुनः ।
संवेगगर्भमत्यन्तममृतं मुनिपुङ्गवाः ॥
—શ્રી યોગબિન્દુ

શ્રી જિનેશ્વર ભગવંતે કહ્યું છે એમ જાણી કરવામાં આવતું એવું ભાવના સાર રૂપ જે

અત્યંત સંવેગગર્ભ અનુષ્ઠાન છે, તેને મુનિ પુંગવો 'અમૃત અનુષ્ઠાન' કહે છે.

સમ્યક્‌પ્રકારે કષાયાદિ રહિતપણે ચિત્તની શુદ્ધિપૂર્વક જે ધર્મક્રિયા કરવામાં આવે છે તે 'અમૃત અનુષ્ઠાન' છે.

**સદ્ અનુષ્ઠાનના લક્ષણ.**

શ્રી હરિભદ્રસૂરિ મહારાજે 'યોગદૃષ્ટિસમુચ્ચય'માં સદ્ અનુષ્ઠાનનું લક્ષણ આ પ્રમાણે કહ્યું છે.

आदरः करणे प्रीतिरविघ्न. संपदागमः ।
जिज्ञासा तज्ज्ञसेवा च सदनुष्ठानलक्षणम् ॥

ક્રિયાને વિષે આદર, પ્રીતિ, અવિઘ્ન, સંપત્તિની પ્રાપ્તિ, જિજ્ઞાસા અને તેના જ્ઞાતા-જાણુકાર પુરુષોની સેવા આ સદ્ અનુષ્ઠાનનું લક્ષણ છે.

ધર્મક્રિયામાં વેઠ ન હોય, અતિ આદરપૂર્વક ધર્મક્રિયા થાય. વિશેષ યત્નથી બહુમાન પૂર્વક આપણે ધર્મક્રિયા કરવી જોઈએ.

સદ્ અનુષ્ઠાનનું લક્ષણ એ છે કે-ક્રિયા પ્રત્યે અંતરનો પ્રેમ પ્રગટવો જોઈએ જ્યારે ધર્મક્રિયા કરતા હોઈએ ત્યારે સાત્વિક ચિત્ત પ્રસન્નતા ઉછળતી હોય. ઉલ્લાસ જાગવો જોઈએ.

સદ્ અનુષ્ઠાનમાં પ્રીતિ હોય.

સદ્ અનુષ્ઠાનમાં બહુમાન હોય.

સદ્ અનુષ્ઠાનમાં વિઘ્ન ન આવે.

આવું નિર્વિઘ્નપણું શુભ કર્મના સામર્થ્યથી બને છે. જો પુણ્યોદય હોય તો વિઘ્નરહિતપણે ધર્મક્રિયા થાય છે.

સદ્ અનુષ્ઠાનથી દ્રવ્યસંપત્તિ અને ભાવસંપત્તિ પ્રાપ્ત થઇ શકે છે. જ્ઞાન, વિજ્ઞાન, વિવેક, વિનય વગેરે ભાવસંપત્તિ છે, જેનું મૂલ્ય આંકી ન શકાય.

જેમ અણુ Atom ના વિસ્ફોટ Fission થી અણુશક્તિ Atomic Energy પ્રગટે છે તેમ સદ્ અનુષ્ઠાનથી આધ્યાત્મિક શક્તિ Spiritual Energy અવશ્ય પ્રગટે છે. આત્મવૈજ્ઞાનિકોએ Soul scientists આ પ્રયોગ સફળ કર્યો છે.

સદ્ અનુષ્ઠાનના સાધકમાં તેનું યથાર્થ સ્વરૂપ સમજવાની તીવ્ર ઉત્કંઠા હોય છે, જાણવાની માત્ર ઇચ્છા wishing નહિ પણ અસામાન્ય ઇચ્છા Striving હોય છે.

અનુષ્ઠાનના વૈજ્ઞાનિક પ્રયોગનો જે જ્ઞાતા છે, તેની સેવા સદ્ અનુષ્ઠાનમાં અનિવાર્ય બને છે. સૂક્ષ્મ માનસ વિજ્ઞાનના રહસ્યો ગ્રંથોમાંથી-વાંચનમાંથી પ્રાપ્ત નહિ થાય, સંત પુરુષોની સેવાથી પ્રાપ્ત થશે.

જે સાધકો અમૃતક્રિયા આચરે છે તે આત્માનું 'અમૃત' પ્રગટાવે છે.

---

जेण विणा लोगस्स वि ववहारो, सव्वहा न निव्वडइ ।
तस्स भुवणेक्कगुरुणो, नमो अणेगंतवादस्स ॥

—श्री सन्मति सूत्र.

જેના વિના લોકનો વ્યવહાર પણ સર્વથા નિવડતો-ચાલી શકતો નથી તે-ભુવનના એક ગુરુ સમાન અનેકાંતવાદને નમસ્કાર !

# સુખી જીવનનો મહામંત્ર

**સત્તરમી સદીની આ કથા છે.**

સમસ્ત જાપાનમાં મંત્રી ઓ-ચો-સાનના પરિવારની સહૃદયતા પ્રખ્યાત હતી.

મંત્રીનો પરિવાર ઘણો મોટો હતો. આશરે એક હજાર કુટુંબીઓ વચ્ચે એકતાનો અતૂટ સંબંધ જળવાઇ રહેવો મૂશ્કેલ હતો. સર્વે સાથે રહેતા અને સાથે ભોજન કરતા.

આ પરિવારથી કલહ સદાય દૂર રહેતો. કોઇ ક્યારે ય ઝઘડતુ નહિ. મંત્રીના પરિવાર માટે કંઈ કંઇ વાતો લોકોમાં પ્રચલિત હતી.

આવી દંતકથાઓની સત્યતા જાણવા એક વાર જાપાનના સમ્રાટ યામાતો પોતે જાતે વૃદ્ધ મંત્રીને ઘેર આવ્યા.

સ્વાગત થઇ રહ્યા પછી સમ્રાટે પૂછ્યુંઃ

" મહાશય ! તમારા પરિવારમાં ઐકય તથા મિલનસારપણા માટે મ્હેં ઘણી વાતો સાંભળી છે. આપ મને કહેશો કે કઇ રીતે એક હજારથી અધિક કુટુંબીઓ વચ્ચે આવો ઉચ્ચ સૌહાર્દ અને સ્નેહસંબંધ રહ્યો છે ? "

મંત્રી ઓ-ચો-સાન ઘણા વૃદ્ધ હતા. વધુ સમય સુધી તે વાત કરી શકતા નહિ.

પોતાના પૌત્રને સંકેત કરી તેમણે કાગળ કલમ મંગાવ્યા. કંપતા હાથે મંત્રીએ કેટલીય વાર સુધી કંઈ લખ્યા કર્યું. કાગળ સમ્રાટ યામાતોને આપ્યો.

આતુરતાથી સમ્રાટે કાગળ ઉપર દૃષ્ટિ નાખી; અને આશ્ચર્યથી અવાક્ થઈ ગયા.

મંત્રીએ એક જ શબ્દ કાગળ ઉપર સો વાર લખ્યો હતો.

" સહનશીલતા. "

સમ્રાટને આ રીતે ચકિત અને અવાક થયેલા જોઇ કંપતા અવાજે વૃધ્ધ રાજમંત્રી બોલ્યાઃ

" મહારાજ ! મ્હારા પરિવારના સૌહાર્દનું રહસ્ય આ એક જ શબ્દમાં સમાયેલું છે. "સહનશીલતા"નો આ મહામંત્ર અમારા પરિવાર વચ્ચે એકતાના દોરરૂપે રહ્યો છે.

આ મહામંત્ર જેટલો અધિક ઘૂંટાય તેટલો ઓછો છે.

કુટુંબના કે સમાજના ઐકય માટે સહનશીલતા એ મહામંત્ર છે.

માનવતાના વિકાસ માટે સહનશીલતા એ મહામંત્ર છે.

સંયમની સાધના માટે સહનશીલતા એ મહામંત્ર છે.

પરંતુ સહનશીલતા સાથે સમજણ જોઇશે, વિચારણા જોઇશે, સ્મિત જોઇશે. Positive Atmosphere પ્રસન્નચિત્તે થતી સહનશીલતામાં પત્થરને પીગળાવવાની તાકાદ છે.

જ્યાં બબડાટ છે, અસંતોષ છે, ઘૃણા છે, તિરસ્કાર છે, અભાવ છે, ચિંતા છે, ગ્લાનિ છે, Negative Atmosphere છે ત્યાં સહનશીલતા નિર્બળનું શસ્ત્ર છે.

ઉપસર્ગો અને પરિષહો-જે કંઇ સહન કરો તે બબડાટ કરતા ગુલામ માફક નહિ, મૂંગા પશુ માફક નહિ, ક્ષુદ્ર જંતુ માફક નહિ, મહાન વીરની માફક સહન કરો. ઉદાર ચિત્તે સહન કરો. જ્યાં સહનશીલતા નિર્બળનું શસ્ત્ર હશે, ત્યાં અંદરનો પ્રકાશ નહિ પ્રગટે.

જ્યાં સહનશીલતા સબળનું શસ્ત્ર બનશે ત્યાં વિચારણા ઉગ્ર ભાવાવેગ જગાડશે. જેના તીક્ષ્ણ અગ્નિમાં આંતરમેલ-કર્મસમૂહ ભસ્મસાત્ થશે.

જેને આ જીવનમાં વિકાસ પ્રાપ્ત કરવો છે તે સાધક ભાવગ્લાનિના પ્રત્યેક પ્રસંગને વિચારના બળથી પ્રગતિમાર્ગના પગથિયા રૂપે ફેરવી નાખશે.

'કલ્યાણ'ની ચાલુ ઐતિહાસિક વાર્તા........

# રાજનર્તકી



લેખક: વૈદરાજ શ્રી. મોહનલાલ ચુનીલાલ ધામી

**મહાગુજરાતના સુપ્રસિદ્ધ ઐતિહાસિક કથાલેખક ભાઇ શ્રી ધામીની નવી ઐતિહાસિક કથા 'કલ્યાણ'ના વાચકો સમક્ષ રજુ કરતાં આજે અમને આનંદ થાય છે. 'કલ્યાણ' પ્રત્યેની મમતાથી ખીંચાઇને ભાઇ શ્રી ધામી દરમહિને લગભગ ૬ પેજ જેટલી કથા 'કલ્યાણ'માં આપશે. ભાઇ શ્રી ધામીની કલમ માટે અમારે કહેવાનું રહેતું નથી. તેમની કલમમાં અદ્ભુત તાકાત ભરી છે. તેમની ભાષા જોમવાલી તથા સંસ્કાર-સભર છે. ત્યાગ, તપ, સંયમ અને સમભાવ તેમના પ્રત્યેક કથાપાત્રોમાં જીવંત હોય છે. કથાના ક્ષેમને સુવિશુદ્ધ રીતે તેમજ ક્યાંયે ઐતિહાસિક દૃષ્ટિને અન્યાય ન થાય, તેની કાળજીપૂર્વક તેઓ બહેલાવે છે, આજ તેમની કલાનો કસબ છે. આ અદ્ભુત કલાકાર ભાઈ શ્રી ધામીની વાર્તા સહુ કોઇ વાચકોને રસપ્રદ તથા ઉદ્બોધક બનશે!**

### પ્રકરણ ૧ લું:

## ભાગ્યનું વરદાન:

**દ**ક્ષિણ ભારતના સુરમ્ય પર્વતમાળાઓથી શોભતા અને સદાય પ્રસન્ન ગંભીરભાવે વહેતી "ગોદાવરીના ગીતધ્વનિથી મુખરિત બનેલા પ્રદેશમાં **દેવશાલ** નગરી ઇન્દ્રની અલકા સમી શોભી રહી છે.

દેવશાલ નગરીમાં રહેતા લોકો સર્વ વાતે સુખી અને સાધન સંપન્ન છે. જનતાનું આરોગ્ય જળવાતું હોય છે. કારણ કે ખાનપાન અને ઋતુને અનુકૂળ રીતે જીવવાના નિયમો લોકોના હૃદય સાથે વણાઇ ગયા છે.

જે રાષ્ટ્રમાં, પ્રદેશમાં કે નગરીમાં અનીતિ હોય, અન્યાય હોય, અસદ્વ્યવહાર હોય, સદાચાર અને સંયમનો અભાવ હોય તે સ્થળે રહેતી જનતા પાસે કદાચ કુબેરનાં ભંડારો ભર્યા હોય તો પણ ત્યાં દુઃખ, રોગ, વેદના અને વ્યથાનાં અટ્ટહાસ્ય નાચતાં હોય છે. ધનવાન અને નિર્ધન વચ્ચે સમભાવ હોતો નથી એક બાજુ અમીરીનો વિલાસ રંગે ચડયો હોય છે, તો બીજી બાજુ ગરીબીનાં નિઃશ્વાસ ખળભળતા હોય છે.

દેવશાલ નગરીમાં જનતાને કોઇ પ્રકારનો પરિતાપ હતો નહિં. લોકો સુખી હતા, સદાચારી હતા અને ધર્મપ્રત્યે અપૂર્વ શ્રદ્ધાવાળા હતા.

જ્યાં ધર્મ પ્રત્યે અપૂર્વ શ્રદ્ધા હોય છે ત્યાં દુઃખ પણ સુખની જ ભૂમિકારૂપ બની જતાં હોય છે અને જ્યાં ધર્મ પ્રત્યે તિરસ્કાર છલતો હોય છે ત્યાં સુખની ગમે તેટલી છોળો રમતી હોય, છતાં તે દુઃખની જ ભૂમિકા સરજે છે.

દેવશાલ નગરી, આસપાસના શતાધિક ગામોની કામધેનુ સમી હતી. નગરીમાં ભવ્ય અને સુંદર ગણાતી વીસ બજારો હતી; બાર ચોક હતા; અને ઉદ્યોગ, કારિગરી તથા કલાની અનેક સંસ્થાઓ હતી.

દેવશાલ નગરીના લોકો મોટે ભાગે ઉદ્યોગપ્રિય હતા. હાથ કારીગરીની અનેક વસ્તુઓ નિર્માણ થતી હતી. પરંતુ સારાયે ભારતવર્ષને આકર્ષે એવી પાંચ વસ્તુઓ દેવશાલ નગરીની જનતાએ જીવ માફક જાળવી રાખી હતી.

એ પાંચ વસ્તુમાં નૃત્ય અને સંગીતનું શિક્ષણ દેવશાલ નગરી જેવું સમગ્ર ભારતમાં કોઇ સ્થળે અપાતું નહોતું. દેવશાલ નગરીમાં નૃત્ય અને સંગીત શાસ્ત્રના નિષ્ણાતો હતા, ઘડવૈયા હતા અને સંયોજકો પણ હતા.

દેવશાલ નગરીની બીજી વસ્તુ વખણાતી હતી મહાર્ઘવીણા. આવી વીણા બનાવનારા કારીગરો સારાયે ભારતમાં અન્ય કોઇ સ્થળે નહોતા. આથી દેવશાલ નગરીમાં બનેલી વીણા સમગ્ર ભારતમાં પ્રચલિત બની હતી.

ત્રીજી વસ્તુ હતી—કૌશેયના કમ્મરપટ્ટકનું નિર્માણ.

દેવશાલનગરીના કારીગરોના હાથે તૈયાર થતા કૌશેય કમ્મરપટ્ટકો દેશદેશાન્તર સુધી જતા હતા અને અનેક દેશની નવયૌવનાનાં મનને પ્રસન્ન કરતા હતા.

ચોથી વસ્તુ હતી દેવશાલ નગરીની ચિકિત્સા પદ્ધતિ, ભારતના અન્ય પ્રદેશમાંથી અનેક વૈદ્યો અનુભવ લેવા, અભ્યાસ વધારવા અને ચિકિત્સાની શાસ્ત્રીય દૃષ્ટિ સમજવા દેવશાલમાં આવતા હતા.

અને પાંચમી વસ્તુ હતી દેવશાલ નગરીની રત્નબજાર. આ બજારમાં હજારો કારીગરો હીરા, માણેક, મોતી, પન્ના, નીલમ, વૈડૂર્ય, પ્રવાલ, પુષ્પરાજ, મણી વગેરે રત્નોનાં અલંકારો બનાવતાં અને એટલી સૂક્ષ્મ કલામય નકશી તથા જડતરની રેખાઓ દોરતા કે સારાયે ભારતમાં દેવશાલની રત્નાભરણની કારીગરી ખૂબજ વખણાતી હતી.

આમ દેવશાલ નગરીની જનતા સુખી હતી. લોકોમાં જૈન, શૈવ, શાક્ત વગેરે ધર્મો પ્રચલિત હતા. પરંતુ ધર્મના કારણે કોઇ પ્રકારનો વિખવાદ ઉભો થતો નહિં. દરેક માણસો પોતાના અંતરની શ્રદ્ધા વડે ધર્મને માનતા હતા અને ધર્મકાર્યને જીવનનું પરમ મંગલ કર્તવ્ય માનતા હતા.

આર્યસંસ્કૃતિએ યોજેલી વ્યવસ્થાનુસાર રાજ્ય પણ ધર્માશ્રિત હતું. દેવશાલ નગરીનો રાજા **વિજયસેન** કુળધર્મે જૈન હતો, પરંતુ અન્ય સર્વ ધર્મ પ્રત્યે આદરભાવ રાખતો હતો.

રાજના નિયમો, રાજના કાનુનો, રાજની આજ્ઞાઓ વગેરે ધર્મને કોઈપણ રીતે કલુષિત કરનારાં હતાં જ નહિ. કારણ કે માનવી માત્રના જીવનનો સાચો પ્રકાશ કેવળ ધર્મ જ હતો. એ પ્રકાશને રૂંધવામાં આવે તો માનવતા જ રૂંધાઈ જાય અને જનતાના પ્રાણમાં પાપ, ભોગવિલાસ અને અન્યાયાચરણનો ચસકો ઉભો થાય.

જે રાજમાં ધર્માશ્રિતપણાનો અભાવ હોય છે, તે રાજ્યમાં સુખ, સમૃદ્ધિ અને શાંતિનો સર્વદા અભાવ હોય છે.

દેવશાલ નગરીનો રાજા વિજયસેન ધર્મશીલ હતો, તેની રાણી દેવી **શ્રીમતી** પણ ગુણવતી, શીલવતી અને ધર્મ પ્રત્યે અનન્ય શ્રદ્ધા રાખનારી હતી.

દેવશાલના રાજા વિજયસેનનું રાજભવન નગરીની દક્ષિણે આવેલું હતું. અને રાજકાર્ય માટેનો રાજદરબાર નગરીની મધ્યમાં આવેલો હતો.

જેમ ગૃહસ્થ જીવનની જવાબદારી પછી તે નાની હોય કે મોટી હોય, સુખ અને દુઃખથી ભરેલી હોય છે, તેમ રાજસંચાલનની જવાબદારી પણ કંટકની શય્યામાં પડેલાં સુખ જેવી હોય છે.

કાંટા વચ્ચે વસેલાં ગુલાબનાં ફૂલ લેવા જતાં કોઇવાર કંટક પણ ચૂમી જતો હોય છે. એજ ન્યાયે સંસારમાં સુખનો આસ્વાદ માણવા જતાં દુઃખરૂપી વૃશ્ચિકોનાં ડંખ પણ સહવા પડે છે.

છતાં આમાં એક અપવાદ રહેલો હોય છે. જે ગૃહસ્થ કે જે રાજસંચાલક ધર્માશ્રિત, સંતોષી અને સમભાવી હોય છે, તે દુઃખરૂપી વૃશ્ચિકોથી બચી જાય છે. ખરી રીતે તો આવા માણસોને સુખમાં જ દુઃખ દેખાતું હોય છે. કારણ કે સંસારના પ્રત્યેક સુખો અંતે તો દુઃખનાં જ મૂળરૂપ પૂરવાર થતાં હોય છે.

દેવશાલ નગરીનો રાજા વિજયસેન સંતોષી, ધર્મપ્રેમી અને સમભાવી હતો એટલે તે દરેક વાતે સુખી હતો. એનું રાજ્ય અતિ વિશાળ નહોતું અને વિજયસેનને અન્યનું રાજ્ય હસ્તગત કરીને પોતાનું રાજ્ય વિશાળ બનાવવાનો લોભ પણ નહોતો. તે માનતો હતો કે કોઇનું સુખ છીનવી લેવાથી આપણને કદી સુખ મળતું નથી.

અને તેના આવા સ્વભાવના કારણે તેણે પોતાની પ્રજા પર ખાસ વધુ કહી શકાય એવા કરભારણ પણ લાધાં નહોતાં. રાજ ચલાવવાની વ્યવસ્થા પૂરતો જ કર લેવામાં આવતો હતો અને તે કોઇ પણ સંયોગોમાં જનતાની આવકના દસમા ભાગથી વધારે થતો નહિં.

અને તેમાંય બ્રાહ્મણો, મુનિઓ, સાધુઓ, અછૂતો અને એવા વર્ગો તો સંપૂર્ણ કરમુક્ત હતા.

અને જેની પાસેથી કર લેવામાં આવતો હતો, તેના પર કર વસુલાત માટેનાં વિરાટ તંત્રો પણ રચવામાં નહોતાં આવ્યાં. લોકો સ્વેચ્છાએ જ કર

આપી જતા હતા, એ માટે રાજકર્મચારીઓ લોકોના ચોપડા ફીંદતા નહોતા કે લોકોનાં ખળામાં ચોકિયાતો રાખતા નહોતા.

આમ વિશ્વાસ અને શ્રદ્ધાનો પાયો દૃઢ હોવાથી લોકોમાં પણ નીતિનું ધોરણ ઘણું ઉંચું હતું.

દેવશાલ રાજ્યના રાજકર્મચારીઓ સમજતા હતા કે જનતા પર વિશ્વાસ રાખવામાં આવે તો જનતા કદી અન્યાયનાં પગલાં ભરવા તૈયાર થતી નથી.

રાજા વિજયસેનનો રાજમહેલ વિશાળ હતો. રાજમહેલ ફરતા વિશાળ ઉપવનમાં એક સરોવર હતું અને એ સરોવરની મધ્યમાં એક જિનપ્રાસાદ બંધાવવામાં આવ્યો હતો.

આ જિનપ્રાસાદમાં જવા માટે નૌકાનો જ ઉપયોગ કરવો પડતો હતો અને રાજા રાણી તથા તેનાં બંને બાળકો હંમેશ સવારે જિનપૂજા અર્થે જતાં હતાં. **જયસેન** નામનો પુત્ર બાર વર્ષનો હતો, અને **કલાવતી** નામની કન્યા નવ વર્ષની હતી. છતાં બંનેના બાળ હૃદયમાં ધર્મની જ્યોત પ્રગટી ચૂકી હતી.

બાળકોના વિકાસ માટે અને બાળકોનાં જીવન-કલ્યાણ માટે તેના મા-બાપો જ માર્ગ અંકિત કરનારા હોય છે. જે મા-બાપો ધર્મથી દૂર રહેતા હોય, વિલાસી જીવન જીવતા હોય, અને કેવળ દેહસુખમાં જ જીવનનું સર્વસ્વ જોતાં હોય, તેનાં બાળકો બહુધા ચારિત્ર્યહિન અને દૂષણોના અવતાર સમા જ હોય છે.

વિજયસેન રાજા અને દેવી શ્રીમતી હંમેશ બંને બાળકોને લઇને જિનપૂજન અર્થે જતાં હતાં. આથી બંને બાળકોના હૃદયમાં પણ ભગવાન શ્રી જિનેશ્વરદેવની ભક્તિ જડાઇ રહી હતી.

રાજા-રાણી જિનપ્રાસાદમાં બિરાજતા ભગવાન શ્રી મુનિસુવ્રત સ્વામીની પ્રતિમાને દૂધ વડે, જળ વડે, સુગંધી.દ્રવ્યથી નિર્મિત કરેલા અર્ક વડે પ્રક્ષાલન કરતા. કેસર, ચંદન, બરાસ આદિ વડે પૂજા કરતા. ઉત્તમ પુષ્પો ચડાવતા... બંને બાળકો પણ એ જ પ્રમાણે પૂજા કરવામાં આનંદ અનુભવતા હતા.

રાજમહેલના સરોવર વચ્ચે આવેલો આ શ્રી જિનપ્રાસાદ માત્ર રાજ પરિવાર પૂરતો મર્યાદિત નહોતો. આ સ્થળે અભંગદ્વાર હતાં. કોઈ પણ પ્રજાજન ભગવાનની પૂજા માટે, શ્રી મુનિસુવ્રત સ્વામીનાં દર્શનાર્થે રોકટોક વગર નિર્ભયતાથી આવી શકતા હતા.

વિજયસેને પોતાના બંને બાળકોના અભ્યાસની પણ ઉત્તમ વ્યવસ્થા કરી હતી. રાજના ઉત્તમ કલાચાર્યો શિક્ષણ આપતા હતા. અને તેની સાથે સંસાર, સંસ્કૃતિ, ધર્મ અને કર્તવ્યનું પણ પૂર્ણ જ્ઞાન મળે તેવી યોજના હતી.

માત્ર અમુક જ પ્રકારનું શિક્ષણ આપીને લોકોને કેવળ જ્ઞાનના નામે ગુલામ બનાવવા એવી કોઇ દૃષ્ટિ કોઈ પણ સ્થળે અપાતા શિક્ષણ-જ્ઞાનમાં હતી જ નહિ.

બાર વર્ષનો જયસેન ગણિતમાં, શસ્ત્રક્રિયામાં, વ્યાકરણમાં. નીતિમાં અને ધર્મદૃષ્ટિમાં રસપૂર્વક શિક્ષણ લેતો હતો.

એ જ રીતે કલાવતીને પણ આર્ય સ્ત્રીઓને જે ઉપયોગી હોય તે પ્રકારનું વ્યવહારિક, નૈતિક અને ધાર્મિક જ્ઞાન અપાતું હતું.

સ્ત્રી અને પુરુષ બંનેના વ્યવહારિક જ્ઞાનના માર્ગ જુદા રચવામાં આવ્યા હતા. પરંતુ નૈતિક, આધ્યાત્મિક અને ધાર્મિક જ્ઞાનના કલ્યાણમાર્ગમાં અભિન્નતા હતી.

આર્ય સંસ્કૃતિએ સરજેલા જ્ઞાનમાર્ગમાં સ્ત્રીઓ પરમ કલ્યાણમયી ગૃહિણીઓ અને ચારિત્ર્યવાન પ્રજા આપનારી માતાઓ બની શકતી હતી.

પુરુષો વેપાર, રાજકાર્ય, વ્યવહાર અને અને રાષ્ટ્રના હિતનું જ્ઞાન પ્રાપ્ત કરતા હતા. તેઓ કુશળ અને નિરૂપદ્રવી ગૃહસ્થ બની શકતા હતા, પ્રમાણિક વેપારી બની શકતા હતા, સત્ત્વશીલ રાજકર્મચારી પણ થઇ શકતા હતા.

આમ નર-નારના જ્ઞાન માર્ગો વ્યવહારની દૃષ્ટિએ ભિન્ન હોવા છતાં એક બીજા માટે પૂરક બની રહેતા. આથી સંસારજીવનમાં કોઇ કલહનો સંભવ થતો નહિં. ગૃહજીવન સુખરૂપ અને ધર્મમય થતું હતું.

યુવરાજ જયસેન અને રાજકન્યા કલાવતી પ્રત્યે કેવળ રાજપરિવારને જ પ્રેમ હતો, તેમ નહોતું. દેવશાલનગરીનો એક અદનામાં અદનો પ્રજાજન પણ

રાજાનાં બંને બાળકો પ્રત્યે પ્રેમ અને મમતા રાખતો હતો.

દેવશાલ નગરીના સર્વોત્કૃષ્ટ ગણાતા સંગીતાચાર્ય અને નૃત્યાચાર્ય શ્રી મનોજ શાસ્ત્રી રાજકન્યા કલાવતીને સંગીત અને નૃત્યનું શિક્ષણ આપતા હતા. મનોજ શાસ્ત્રી સીત્તેર વર્ષના વયોવૃદ્ધ હતા, પરંતુ તેઓની કાયા અને શક્તિ અજોડ ગણાતાં. તેઓ જ્યારે નૃત્યાભિનય કરતા ત્યારે કોઇ પણ નૃત્યકાર એમની આગળ ટકી શકતો નહોતો.

શ્રી મનોજ શાસ્ત્રીએ કલાવતીના ચરણમાં, નયનોમાં અને વાણીમાં કલાની દેવી સમાં સરસ્વતીનાં દર્શન કર્યાં હતાં. તેઓ રાજા-રાણીને અવાર-નવાર કહેતા કે આ મારી નાની મા કલાની સામ્રાજ્ઞી બનશે .. એનું નામ ખરેખર સાર્થક કરશે. '

નવ વર્ષની કલાવતી જ્યારે નિયત સમયે ગુરુ સમક્ષ નૃત્યાભિનયનો અભ્યાસ કરતી, ત્યારે એમ જ લાગતું કે કુમારી સરસ્વતી જ આજે બાળ રૂપ લઇને આ રાજભવનમાં નૃત્ય કરી રહ્યાં છે.

અને સંગીતમાં પણ કલાવતી ખૂબ જ રસ લેતી હતી. હજુ તે નવ વર્ષની બાલિકા હતી, છતાં તે ઉત્તમ અને ગહન ગણાતા રાગની આરાધના કરી શકતી હતી.

ભગવાન શ્રી જિનેશ્વરદેવના મંદિરમાં તે પોતાના માતા-પિતા સાથે દર્શનાર્થે જતી ત્યારે શ્રી મુનિસુવ્રત ભગવંતની સન્મુખ ભાવપૂર્ણ નૃત્ય પણ કરતી.

જીવનની ઉત્તમમાં ઉત્તમ કલા, જીવનની ઉત્તમમાં ઉત્તમ ભાવના અને પોતાની પાસે હોય તેમાંની ઉત્તમોત્તમ સામગ્રી ભગવંત સમક્ષ નૈવેદ્ય રૂપે ધરવી જોઇએ એવી જ્ઞાનયુક્ત અર્પણ-ભાવના જો બાલ્યકાલથી જ બાળકોનાં હૃદયમાં પોષવામાં આવે તો, તેઓ પોતાનાં જીવનમાં કોઇ પણ પ્રકારના દુઃખથી ગભરાતાં નથી અને અંતરમાં ત્યાગની રેખાઓ દૃઢ બનાવી શકે છે.

અને જૈન પરિવારોમાં આવી દૃષ્ટિ સહજ સ્વરૂપે વિકસતી હોય છે. આ દૃષ્ટિનો જે દિવસે હ્રાસ થવા માંડે છે તે દિવસે એ પરિવારમાંથી જૈનત્વ પણ વિદાય લેવાની શરૂઆત કરે છે.

આમ ઉત્તમ સંસ્કારો વચ્ચે, ઉત્તમ વિચારો વચ્ચે, ઉત્તમ કુળ વચ્ચે અને ઉત્તમ માતા-પિતાની છાયામાં ઉછરી રહેલાં બંને બાળકો કુમાર જયસેન અને રાજકન્યા કલાવતી ક્રમશઃ સત્તર અને ચૌદ વર્ષની વયે પહોંચી ગયાં.

જયસેન તો સત્તર વર્ષની વયે અડાભીડ નવજવાન જેવો જણાતો હતો. શસ્ત્રવિદ્યામાં પારંગત થઇ ગયો હતો અને રાજનીતિશાસ્ત્રનો પણ માહિતગાર બની ગયો હતો.

ચૌદ વર્ષની ઉંમરે પહોંચેલી કલાવતી પણ નવયૌવનના સાત્વિક તેજકિરણો પાથરી રહી હતી.

કાયામાં યૌવનનો પ્રવેશ એ પણ કાયાનો એક મહાકલ્પ ગણાય છે. એ કાળે માત્ર નયનોમાં ગુલાબી રેખાઓ નથી ઉભરાતી, માત્ર શરીરમાં ગુલાબી રક્તની ચમક નથી દોડતી, પરંતુ મન અને અંતર પણ ગુલાબી ભાવનાઓથી સભર બને છે.

યૌવનનો પ્રારંભકાળ એક એવો પરિવર્તનકાળ છે કે એમાં પ્રવેશ કરતો માનવી સાવધ ન હોય, સંસારી ન હોય કે જ્ઞાની ન હોય તો યૌવનનો એક જ હિલ્લોળ એને કયાંય ફેંકી દે છે.

વૈદ્યોની ઉત્તમ અને તેજસ્વી માત્રાઓ પચાવવી સહેલી હોય છે, પરંતુ યૌવનને પચાવવું એ ભારે કઠિન કામ ગણાય છે.

કલાવતીનું હૃદયબળ અપૂર્વ હતું, સંસ્કારબળ પણ અનોખું હતું... યૌવનના પ્રથમ તરંગોને પચાવી શકતી હતી. તેનું મન કદી પણ યૌવનના તરંગોમાં રમવા જતું નહિ. તેના વિચારોમાં પણ કદી નબળી કલ્પનાઓ આવતી નહિ.

એક તો રાજકન્યા, અપૂર્વ રૂપ, પ્રથમ યૌવન અને સૌંદર્યશાલી દેહ,-આ બધું હોવા છતાં તેની પાસે મોટામાં મોટી સંપત્તિ એક હતી. તે ધર્મ અને ચારિત્ર્ય પરની પ્રીતિ-શ્રદ્ધા...

ભાઇ-બહેન વચ્ચેની મમતા ઉત્તરોત્તર વધતી જ જતી હતી. ભોજનમાં ભાઇ વગર બહેન ન જમે, બહેન વગર ભાઇ ન જમે.

કોઇ પણ અલંકાર કે વસ્તુ નવી આવી હોય તો

જયસેન સૌથી પ્રથમ બહેનને અર્પણ કરે.

સાત્ત્વિક સ્વભાવનાં આવાં બંને સંતાનોને જોઇને માતા–પિતાની આંખો સદાય ઠરતી હતી.

ખરેખર આવાં સંતાનો પ્રાપ્ત થવાં એ પણ ઉત્તમ ભાગ્યનું જ વરદાન હોય છે

ધન હોય, રાજ હોય, સત્તા હોય, વૈભવ હોય... પરંતુ ઉત્તમ ગુણોવાળાં સંતાનો ન હોય તો માબાપના પ્રાણમાં ભારે વેદના થતી હોય છે...એમની આંખો સદાય વેદનાની વ્યથામાં જલતી રહે છે.

રાજા વિજયસેન અને રાણી શ્રીમતીને આવી કોઇ વેદના સ્પર્શ પણ કરતી નહોતી.

એક દિવસ રાજા વિજયસેન પોતાની પ્રિયતમા શ્રીમતી સાથે રાજભવનનાં ઉપવનમાં વાતો કરતા બેઠા હતાં. સંધ્યાના અંતિમ કિરણો વિદાય લેવાની તૈયારીમાં હતાં; અને વાતવાતમાં શ્રીમતીએ કહ્યું; 'સ્વામી, આપણી કલા ચૌદ વર્ષની થઈ ગઇ છે!'

'શું એટલીયે મને ખબર નહિં હોય!' કહી વિજયસેન હસ્યો.

'વયની તો આપને ખબર છે...પરંતુ આપણી કલા માટે યોગ્ય વર શોધવો પડશે એ આપને કયાં ખબર છે?' શ્રીમતીએ કહ્યું.

આ શબ્દો સાંભળીને રાજા વિજયસેન ગંભીરભાવે પત્ની સામે જોઈ રહ્યો. એના મનમાં થયું, જે રત્ન આપણું છે, તે ખરેખર પરાયું જ છે.

'દેવી!...કલાને જોઉં છું ને મને એમજ લાગે છે કે હજી તે આપણી સામે નાચતી કુદતી નાની બાળા જ છે. આપણાં ઘેરથી તેને એક દિવસે જવાનુ છે એવી કલ્પના પણ મને આવતી નથી.'

દેવી શ્રીમતીએ કહ્યું : 'કલ્પના આવે કે ન આવે...પરંતુ આપણું કર્તવ્ય તો આપણે બજાવવું જ પડશે. આપણી કલા દરેક રીતે સુખી થાય એવું ઘર આપણે શોધવું જોઇએ. આપ આ માટે યોગ્ય પ્રબંધ કરજો.'

'આવતી કાલે જ હું મુખ્ય મંત્રીને બોલાવીને વ્યવસ્થા કરીશ.' રાજાએ કહ્યું.

આ વાતો ચાલતી હતી ત્યાં કલા અને જયસેન આવી પહોંચ્યા; માતાપિતાને નમસ્કાર કરીને એક આસન પર તે બન્ને બેસી ગયાં.

રાજાએ પોતાની પ્રિય કન્યા સામે જોયું તેના મનમાં થયું; 'શું આ કન્યા રત્ન પરાયું બનશે!'

'હા...એમાં કોઇ વિકલ્પ નથી. ભારતીય સંસ્કૃતિએ રચેલી સુંદર સમાજવ્યવસ્થા આ રીતે પણ ત્યાગ પ્રધાન જ છે.'

માતાએ કન્યા સામે જોઇને કહ્યું: 'કલા, તું કયાં ગઇ હતી?'

કલાવતીએ કહ્યું: 'આર્ય મનોજ શાસ્ત્રી આવ્યા હતા એટલે તેમની પાસે સંગીતની આવૃત્તિ કરતી હતી.'

રાજા વિજયસેને કહ્યું: 'તું તો કહેતી હતીને કે નૃત્ય સંગીતનો કંઇક ઉત્સવ થવાનો છે!'

'હા પિતાજી, પૂર્ણિમાની રાતે જ ઉત્સવ થવાનો છે. એની વ્યવસ્થા આપણા ભવનમાં જ કરવાની છે. આર્ય મનોજ શાસ્ત્રીની લગભગ સોએક શિષ્યાઓ એકત્ર થશે અને એ ઉત્સવમાં આર્ય મનોજ શાસ્ત્રી તથા અન્ય વિદ્વાનો પરીક્ષા લેશે.'

'તો તો ભવનનાં નૃત્ય મંચને આજથી જ તૈયાર કરાવવું પડશે. પૂર્ણિમાને તો હવે માત્ર ચાર જ દિવસ રહ્યા છે, ' દેવી શ્રીમતીએ કહ્યું.

'હા મા, હું આપને એ અંગે જ વિનતિ કરવા આવી છું.'

રાજાએ હસતાં હસતાં કહ્યું: 'દીકરીને વિનંતિ કરવાની ન હોય...'

કલા પિતાજીનાં સૌમ્ય વદન સામે પ્રશ્નભરી નજરે જોઇ રહી.

રાજાએ કહ્યું: 'દીકરીને આજ્ઞા કરવાનો અધિકાર છે.'

આ સાંભળીને કલા અને જયસેન હસી પડયાં.

દેવી શ્રીમતીએ પણ આછા હાસ્ય સહ કહ્યું: 'એ અધિકાર હવે કેટલા દિવસ...'

વચ્ચે જ રાજાએ કહ્યું: 'દેવી...! કન્યાનો અધિકાર પતિગૃહે ગયા પછી પણ એવો ને એવો જ રહે છે, બલ્કે વધે છે.'

# શંકા અને સમાધાન

સમાધાનકારઃ પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ. ખંભાત

[ પ્રશ્નકારઃ **શ્રી હરગોવિંદદાસ અમુલખ. અમદાવાદ.** ]

**શં૦** આલકોલ (શાકવિશેષ) એ કંદમૂળના ત્યાગીઓથી વાપરી શકાય? એમાં લક્ષણ કંદમૂળનું ઘટે છે, અને ભાંગે છે તો સમાન ભંગ થાય છે.

**સ૦** જીવવિચારમાં '**समभंगमहिरुगं**' એ ગાથાને અનુસારે જેના સમાન ભાગ થતા તે કંદમૂળ ગણાય. જો આલકોલમાં તે લક્ષણ ઘટતું હોય તો ત્યાગીઓએ વાપરવું ન જોઈએ.

**શં૦** ફાગણ ચોમાસી પછી મગફળી વાપરી શકાય. અષાડ ચોમાસી પછી પણ ફોફા સાથેની શેકેલી મગફળી વપરાય?

**સ૦** ફોફા સાથેની શેકેલી મગફળી વાપરવી યોગ્ય નથી, કારણ કે તેમાં ઇયલના નાશનો સંભવ હોય છે. ફાગણ અને અષાડ ચાતુર્માસમાં મગફળી ખાવામાં વાંધો જોવામાં આવ્યો નથી.

**શં૦** કોબીનું શાક શ્રાવકોથી વાપરી શકાય?

**સ૦** કોબીના શાકમાં ત્રસજીવોની હિંસાનો અધિક સંભવ હોવાથી વાપરવી યોગ્ય નથી.

**શં૦** અષાડ ચાતુર્માસમાં સાધુઓ કેટલા માઇલ સુધી જઈ શકે? અને તે માઇલો શહેરની મર્યાદાથી ગણવા કે ઉપાશ્રયની મર્યાદાથી ગણવા?

**સ૦** શ્રી કલ્પસૂત્રની ટીકામાં સ્પષ્ટ જણાવે છે કે-અષાડ ચતુર્માસમા સાધુ ઉપાશ્રયથી અઢી કોશ સુધી જઈ શકે છે.

**શં૦** ગરમ પાણી પીનાર શ્રાવકને નોકારસી પચ્ચક્ખાણમાં ગરમ પાણીનું પચ્ચક્ખાણ કયા આગારોથી આપવું?

**સ૦** નવકારશી આદિ પચ્ચક્ખાણમાં ઉકાળેલું પાણી પીનારને **पाणस्स लेवेण वा अलेवेण वा** આદિ આગાર બોલવા.

**प्रश्नकारः धर्मचंद. बी. जैन. विजयवाडा (आंध्र)**

**शं०** अधिक लाभके विचार से यदि कोई भी साधु रात्रिके समयमें ध्वनिवर्धक यन्त्रके उपर भाषण दे सकते हैं?

**स०** साधुको ध्वनिवर्धक यन्त्रका उपयोग करना आचार विरुद्ध होनेसे नहीं दे सकते हैं!

[ પ્રશ્નકારઃ- બાલચંદ્ર જૈન. મદ્રાસ. ]

**શં૦** શું બેઠેલી જિનપ્રતિમા પદ્માસન વગરની હોય ખરી?

**સ૦** બેઠેલી જિનપ્રતિમા અર્ધપદ્માસનવાળી પણ હોઈ શકે છે.

**શં૦** અંગહીન, કાણા, લુલા, પુરુષો શું જિનબિંબ પ્રતિષ્ઠા સમયે તોરણ બાંધવું, જિનપ્રતિમાજીને ગાદીનશીન કરવા, ઇન્દ્ર બનવું આદિ કાર્ય કરી શકે ખરા?

**સ૦** અંગહીન શ્રાવકો જિનપ્રતિમાજીને ગાદીનશીન, ઇન્દ્ર બનવાનું, તોરણ બાંધવું આદિ કાર્ય કરી શકે નહિ.

---

કલાવતી માત્ર આટલી નાની વાતમાંથી સઘળું સમજી ગઈ. તેના મનમાં થયું કે માબાપને જણાવી દઉં, હું આપના ચરણોનો ત્યાગ કરીને ક્યાંય જવાની નથી.

પણ તે બોલી શકી નહિં.

જયસેન બહેન સામે ભાવભરી નજરે જોઈ રહ્યો. તે પણ આ નાની વાતનો મર્મ સમજી ગયો હતો અને બહેનને આ ઘર છોડવું પડશે એવી કલ્પના આવતાં તેના વદન પર પણ વેદનાની એક હળવી રેખા ઉપસી આવી હતી. [ચાલુ]

**શં૦** આજના સમયમાં સાચા હૃદયથી તપવડે આરાધના કરવાથી શાસનદેવ–દેવી પ્રત્યક્ષ થઈ દર્શન આપે કે નહિ?

**સ૦** તપદ્વારા આરાધના કરવાથી શાસનદેવ દેવીઓ પ્રત્યક્ષ દર્શન આજના જમાનામાં પ્રાયઃ આપતા દેખાતા નથી પણ આંતરિક ધર્મક્રિયામાં સહાય કરતા અનુભવાય છે.

[ प्रश्नकारः– मुत्ता मिश्रीलालजी फतेहराजजी. बुसी ( राजस्थान ) ]

शं० यहां पर श्री जिनबिंब फणा युक्त है उसके जमणा अंगके उपर दो फण टूटी है लेपसे जुडाया है प्रतिमाजी पुराणा है सो मूलनायकजी तरीके स्थापितकर पूजनेमें योग्य है या नहीं ?

स० श्री जिनबिंबकी फणायें मूल अगमें गीनी गई नही है, इस लीये मूलनायक रूपसे स्थापन कर पूजन कर सकते है !

श० आजकाल स्टीलके थालका उपयोग जिनमन्दिरमें हो रहा है वह थाल–लोहाके बनाते है उसमें पंचतीर्थी आदि जिनबिंब बीराजमान कर के स्नात्रादि करते है। सुना जाता है कि लोहेके सली श्री जिनबिंबको अडा सकते नही तो स्टीलके थालका उपयोग कैसे हो सकते है ?

स० यदि स्टीलके थाल लोहेका होवे तो उपयोगमें लेनाही नहीं चाहिए !

[પ્રશ્નકારઃ– મુનિશ્રી નિરંજનવિજયજી મ. ધાંગધ્રા]

**શં૦** એક પ્રથા એ છે કે–જ્યારે આપણે કોઇ પદ્વીધારી મુનિરાજ અગર અન્ય વડીલ મુનિરાજોને દિવસભરમાં જ્યારે જ્યારે વંદન કરીએ ત્યારે સુખશાતા પૂછીએ અને તેના પ્રત્યુત્તરમાં देवगुरु पसाय વડીલો તરફથી કહેવાય છે અને જો વડીલો નાના મુનિરાજને સુખશાતા પૂછે તો તે પણ ઉપરોક્ત વાક્યનો ઉપયોગ કરે છે, એકબીજાના પત્ર વ્યવહારમાં પણ તે મુજબ લખાય છે, હવે તે વાક્ય નહિ કહેતા અને લખતા 'આપની કૃપા' એમ કહો એમ કહેવા–લખવા નરો આગ્રહ થાય છે તો તે પ્રથા યોગ્ય છે?

**સ૦** પરંપરા મુજબ देवगुरु पसाय વાક્યનો પ્રયોગ કરવો ઉચિત છે.

[ પ્રશ્નકારઃ– **મોહનલાલ મોકરભાઇ સાવલા નેમચંદ મોતીચંદ ગડા–ચેલા** ]

**શં૦** આગલા દિવસનું વધેલું વાસી પાણી શ્રી જિનબિંબના પ્રક્ષાલનાદિમાં ઉપયોગ કરી શકાય?

**સ૦** શ્રી જિનબિંબના પૂજનમાં તેજ દિવસનું તાજું અબોટ પાણી વાપરવાની વિધિ છે.

**શં૦** જ્યારે આપણે પ્રતિક્રમણ અથવા સામાયિક કરતા હોઇએ ત્યારે કોઇ સ્થાપનાચાર્યજી પછાડી નાખે તો શું કરવું?

**સ૦** ફરીથી સ્થાપનાચાર્યજી થાપી દેવા, અને જે પછાડી દે તે સુવિહિત ગીતાર્થ પાસે જઇ પ્રાયશ્ચિત લઇ શુદ્ધિદ્વારા શુદ્ધ થઇ શકે છે.

**શં૦** જ્યારે આપણે પ્રભુની પૂજા, સ્નાત્ર અથવા મોટી પૂજા કરતા હોઇએ ત્યારે દીપક બુઝી જાય તો શું કરવું?

**સ૦** પુનઃ સ્નાત્ર ભણાવીને જ્યાંથી બાકીની પૂજા રહી હોય ત્યાંથી શરૂ કરવી.

[ પ્રશ્નકારઃ– **મોહન રાઠોડ. કોલ્હાપુર.** ]

**શં૦** દેવદેવીઓને બીજી વખત પ્રક્ષાલનવિધિ છે?

**સ૦** દેવદેવીઓને એક વખત પ્રક્ષાલન કરવામાં આવે છે.

**શં૦** પ્રભુજીને ચઢાવેલા પુષ્પો ઉતારીને મૂલનાયકની આંગીમાં ઉપયોગ કરી શકાય?

**સ૦** એક વખત પ્રભુજીને ચઢાવેલ પુષ્પો બીજી વખત ચઢાવાય નહિ.

**શં૦** પ્રભુજીને પુષ્પ ચઢાવતાં પબાસણ ઉપર પડી જાય તો તે પુષ્પ પ્રભુજીને ચઢાવી શકાય કે નહિ?

**સ૦** શ્રી જિનબિંબને પુષ્પ ચઢાવતાં પડી જાય તો તે પુષ્પ જિનબિંબને ચઢાવી શકાય નહિ.

**શં૦** દૂધમાં પાણી નાંખીને પાણી જેવું દૂધ બનાવી પ્રક્ષાલન કરવા કરતાં ફક્ત જળ વડે પ્રક્ષાલન

કરીએ તો કેમ?

**સ૦** પ્રભુજીના જન્માભિષેક પ્રસંગે ઇન્દ્રના હુકમથી દેવો ક્ષીરોદધિનું જલ લાવે છે અને તે દુગ્ધસ્વરૂપ હોવાથી તેથી આ સ્થાપનારૂપે દૂધ હોવાથી દૂધનો ઉપયોગ પ્રક્ષાલનવિધિમાં હોવો જોઇએ.

**શં૦** પ્રભુના પ્રક્ષાલનમાં દૂધ ગાયનું કે ભેંસનું વાપરવું જોઇએ?

**સ૦** પ્રક્ષાલનવિધિમાં ગાયના દૂધનો ઉપયોગ કરવાનો હોય છે.

**શં૦** જિનાલયમાં ધોયેલા કપડા પહેરી પ્રભુદર્શન કરવા જિનમંદિરમાં ક્યાં સુધી જવાય?

**સ૦** પ્રભુજીના ગભારા સુધી જવાય.

**શં૦** વડીનીતિ, લઘુનીતિના કપડા હોય તો ક્યાં સુધી જિનમંદિરમાં જવાય?

**સ૦** લઘુનીતિ અને વડીનીતિના કપડા હોય તો જિનમંદિરમાં જઇ શકાય નહિ. કારણ કે શ્રાવકોને સાત ધોતીયાં રાખવાના હોય છે. તે આ મુજબ. ૧ રાતના સુવાનું, ૨ સ્થંડિલનું, ૩ પ્રતિક્રમણ–સામાયિકનું, ૪ પ્રભુપૂજનનું, ૫ ભોજનનું, ૬ આખા દિવસનું, ૭ જિનાલયમાં દર્શનાર્થે જવાનું.

[પ્રશ્નકારઃ– **શ્રી સેવંતીલાલ વ્રજલાલ જૈન.**]

**શં૦** પ્રભુમહાવીરના એકવીસ હજાર વર્ષના શાસનમાં ક્ષાયિક સમકિતવાલા આત્મઓ દરેક સમયે હોયજ એવો નિયમ ખરો? અત્યારે હિન્દુસ્તાનમાં ક્ષાયિક સમકિતવાલા આત્માઓ છે?

**સ૦** આ ક્ષેત્રમાં આર્યજંબૂસ્વામીજી મહારાજાના પછી ક્ષાયિક સમ્યક્ત્વ ઉત્પન્ન થઇ શકતું નથી. પરંતુ મહાવિદેહાદિ ક્ષેત્રથી કોઇ લઇને આવે તો પ્રભુ મહાવીરસ્વામી ભગવાનના શાસનમાં પણ ક્ષાયિક સમ્યક્ત્વવાળા આત્માઓ હોઈ શકે છે. જેમકે આચાર્ય દુપ્પસહસૂરીશ્વરજી મહારાજ.

[પ્રશ્નકારઃ-**ખીમજી દેવાભાઇ. કીસુમુ (આફ્રિકા)**]

**શં૦** કોઇ ભાઇએ સામાયિક લીધું હોય અને થોડો સમય સામાયિકમાં બાકી રહ્યો હોય અને પછી બીજા પ્રતિક્રમણ કરવા બેસતા હોય તેની સાથે પ્રતિક્રમણની શરૂઆત કરે અને થોયો કહ્યા પછી બીજું સામાયિક લે તો લેવાય કે નહિ?

**સ૦** સામાયિક પારવામાં વાર હોય અને બીજા પ્રતિક્રમણ કરનારાઓ સાથે પ્રતિક્રમણ કરવું હોય તો તે ભળી શકે છે. સામાયિકમાં હોવાથી બીજું સામાયિક લેવાની જરૂર નથી.

**બંસીલાલના ગુસ્સાનો આજે પાર નહોતો પત્નીથી અત્યંત નારાજ થયો હતો. સવારનું ખાવાનું પણ એને ઝેર જેવું લાગ્યું. જલદી જલદી કપડાં પહેરી ઉતાવળથી ઓફિસે જવાની એણે તૈયારી કરવા માંડી. પાંચ વર્ષનો ચંદુ પણ શાંત થઇ ગયો હતો. બા–બાપુજીનો ઝઘડો એ સમજી ગયો હતો. એ બારણામાં આવીને કહેવા લાગ્યો :**

**બાપુજી! બાપુજી! બા કહે છે કે–ખાવાનું થઇ ગયું છે. તમે જમીને જ ઓફીસે જાઓ!**

**બંસીલાલનો ગુસ્સો હજી ઉતર્યો નહોતો, એણે છોકરું ધરખાવ્યું. 'ચંદુ, જા, તારી બાને કહે કે–હું ઘરની બહાર જાઉં છું ને આવવાનો નથી.'**

**સરળ ચંદુ કોણ જાણે ક્યાંથી એકાએક બોલી ઊઠયોઃ–**

**'પણ, હેં બાપુજી! સાંજે જ્યારે તમને ભૂખ લાગશે ત્યારે તો બા પાસે ઘરમાં આવવું જ પડશે ને?'**

**બંસીલાલ ચંદુને ઉપાડી લઈ ભોજન માટે રસોડામાં ચાલ્યો ગયો.**

# વિશ્વપ્રેમનો પવિત્ર પંથ

—કુ૦ શ્રી રંજનબેન દીવાન. સુરત; બી. એ. (ઓનર્સ)

વિશ્વમાં જે તરફ દૃષ્ટિપાત કરીએ તે બાજુ માનવસમુદાયના આત્મા ઉપર અનીતિ ઘેરો ઘાલીને બેઠેલી જણાશે. અનીતિના આવા અનેકવિધ વિસ્તારથી સમસ્ત માનવ-સમાજ અધોગતિની ઊંડી ખીણમાં પછડાતો જાય છે. આ એક સાચી કરુણતા છે. પણ એથી વધુ કરુણતા તો એ છે કે–માનવીને જ્ઞાન છે કે અનીતિ વિનાશકારક છે, છતાં પણ એ જ્ઞાનનો ઉપયોગ થતો નથી અને તેમાંથી બહાર નીકળવાના પ્રયત્નો કરવા જતાં તે વધુ ને વધુ અંદર લપેટાતો જાય છે.

આવા વાતાવરણમાં ઘણીવાર એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે–એવો એક સિધ્ધાંત ન પ્રવર્તી શકે કે જે સિધ્ધાંતનું અનુસરણ કરવાથી અનીતિને એકદમ જાકારો મળી જાય? આ સિદ્ધાંતના ભયસ્થાનો ઓછાં હોવા જોઈએ; નહિ તો માનવમર્યાદાને કારણે શુભ કરતાં અશુભ વહેલું પ્રાપ્ત થાય. કોઇ કહેશે કે–એવો સિધ્ધાંત હોય તો તે કેવળ સિધ્ધાંત જ રહે છે. સર્વ માણુસો એકી સાથે તેનું પાલન કરી શકે નહિ, માટે એવા આદર્શરૂપ સિદ્ધાંતો કલ્પનાની પાંખોથી માત્ર ગગનમાં ઉડયા કરે છે. પૃથ્વી પર તેને સ્થાન નથી અર્થાત્ તે વાસ્તવિકતામાં પરિણમતા નથી. વળી સૌ કહેશે કે–અનાદિકાળથી આ વિશ્વની સાથે ગુણો અને દુર્ગુણો, પ્રકાશ અને છાયા, દિવસ અને રાત્રીની જેમ ચાલ્યા જ આવે છે. અનેક લોકોત્તર વિભૂતિઓ આવી ને ગઇ અને તેઓએ પોતે જોયેલું 'દર્શન' માનવોધ્ધાર માટે દર્શાવ્યું, છતાં માત્ર વિજળીના ઝબકારાની જેમ જ્ઞાનનો પ્રકાશ ફેલાયો ને તેમની પાછળ તો છુટાછવાયા આગિયાના ચળકાટવાળો અંધકાર જ રહ્યો છે. આ વાત સાચી હશે, પણ તેથી નિરાશાવાદી બની, પ્રયત્નોથી પર જઈ,પ્રવૃત્તિ જ ન કરવી તે યોગ્ય નથી. પ્રયત્ન વિના, મહેનત વિના, આયાસ વિના, કશું સિધ્ધ નથી થતું એ નક્કી છે ને જીવનમાં હરઘડીએ યાદ રાખવું જરૂરી છે.

સાથે સાથે એ પણ યાદ રાખવું એટલું જ આવશ્યક છે કે–પ્રભુ શ્રી મહાવીરદેવ જેવા મહાવિભૂતિમય કલ્યાણકર આત્માઓએ જે હિતકર ઉપદેશ દીધો, એમના જ ઉપદેશને ગ્રહી આપણે આગળ વધવાનું છે, તેઓએ આપેલા પ્રજ્ઞાચક્ષુ વડે જ જગત્ નિહાળવાનું છે પણ અર્વાચીન કાળની સિદ્ધિ–મર્યાદાને ધ્યાનમાં રાખી કઇ વસ્તુપર વધારે ભાર મૂકવો, કઈ વસ્તુ પર ઓછો ભાર મૂકવો તે જોવાનું છે.

યંત્રોના આ યુગમાં ધર્મની લાંબી લાંબી વાતો સાંભળવા કોઇ તૈયાર નથી. આપણું જીવન જ એટલું ઉતાવળિયું બની ગયું છે કે દરેક બાબત ટૂંકમાં અને ઝડપથી સમજવા સૌ કોઈ પ્રયત્ન કરે છે, અને તેમજ તેમને રુચે છે. માટે જ મને વિચાર આવે છે કે એક જ સિદ્ધાંત એવો ન હોઇ શકે કે જે પાપ અટકાવી દે?

જૈનદર્શન ઘણું સૂક્ષ્મ છે, ગંભીર છે. માટે સરળતાથી સમજવું મુશ્કેલ છે. વળી લોકોની વૃત્તિ એવી છે કે–ચમત્કારો તરફ તે વધુ ઢળે છે, ચમત્કાર કરી બતાવવો તે કાંઇ મોટી આધ્યાત્મિક સિદ્ધિ નથી એ વાત સામાન્ય જનસમુદાય સમજતો નથી. આથી જુદા જુદા પંથો ચમત્કારોથી લોકોના ભોળા માનસને આકર્ષે છે ને સમાજ તે તરફ વધુ ખેંચાતો

જાય છે માટે એક સરળ સિધ્ધાંત (સમજવામાં સરળ, આચરવામાં તો કદી સરળ હોઇ શકે જ નહિ) આપણા દર્શનમાંથી જગત સમક્ષ મૂકવાની અત્યંત આવશ્યકતા છે.

'અહિંસા'નો સિદ્ધાંત સર્વશ્રેષ્ઠ ભાસે છે. અને અદ્યતન ઘડીએ એનું મૂલ્ય પણ ઘણું છે. આ 'અહિંસા' તે શું? તેનો સાચો અર્થ શો? એ પ્રથમ જાણવું જોઇશે. આપણે ઝટ્ દઇને કહી દઇશું કે 'અહિંસા' એટલે કોઇ જીવની હિંસા ન કરવી. તેમાં વળી અર્થ શો વિચારવાનો છે? આવી રીતે અર્થ કરવાથી જ અનેકવાર મુશ્કેલી ઊભી થાય છે. દરેક બાબત ઉપર મનન કરવાની, ચિંતન કરવાની જરૂર હોય છે. વળી પ્રભુ મહાવીરસ્વામીને મનુષ્ય-જીવનના નિચોડરૂપ લાધેલા સત્યને આપણા જેવા સામાન્ય માનવી જલદીથી સમજાવી દે તે કેવું બેહુદું લાગે છે! એની પાછળ તો ઊંડી અન્વેષણા અને સતત અભ્યાસ હોવો જોઇએ.

'અહિંસા' એટલે માત્ર જીવરક્ષા એટલું જ નહિ પરંતુ આપણું સમગ્ર વર્તન, વાણી કે વિચાર એવા હોવા જોઇએ કે-કોઇની 'હિંસા' ન થાય. આ 'હિંસા' કેવળ શારીરિક નથી, શારીરિક 'હિંસા' કરતાં માનસિક 'હિંસા' ઘણીવાર તીવ્રતર નિવડતી હોય છે. માટે એ વિચારવાનું છે કે શારીરિક, માનસિક સર્વ ક્રિયાઓ કયારે હિંસારહિત બને? એમ કરવા મન કેળવવું પડશે. જ્યારે આપણામાં સમસ્ત માનવજાત અરે! તેથી આગળ વધીને સમગ્ર પ્રાણીજગત્ માટે પ્રેમ જાગશે, સૌ પ્રત્યે સહાનુભૂતિ અને સહૃદયતા ઉત્પન્ન થશે ત્યારે જ 'અહિંસા' સિદ્ધ થશે. અને આપણે પહેલા જોઇ ગયા તેમ અનીતિને જાકારો મળશે. કારણ કે એક વ્યક્તિ અનીતિ કરે-પછી તે ચોરી હોય કે અસત્ય વચન હોય, લાંચરૂશ્વત હોય કે કોઇ અન્ય પાપાચરણ હોય-તો તેથી કોઈને પણ અન્યાય તો થવાનો જ. હવે જેને એ અન્યાય થાય તે માણસ પ્રત્યે અંતરની ઉંડી લાગણી હોય તો અનીતિ થઈ શકે ખરી? આ પ્રકારનો પ્રેમ તે 'માયા' નથી, 'મોહ' નથી, પણ જ્ઞાન છે, સાચી સમજણ છે.

પ્રભુના જીવનમાંથી ઉદાહરણ લઇએ તો પણ આ વાતને સમર્થન મળશે. જ્યારે શ્રમણ ભગવાન મહાવીરદેવે ('સવિ જીવ કરું શાસનરસી') સર્વ જીવોનો ઉધ્ધાર કરવાની શુભ ભાવના સેવી ત્યારે જ તેમણે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. વળી છેલ્લા ભવની પ્રભુની કરૂણાનું પૂ. આ. મ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે કરેલું વર્ણન શું સૂચવે છે?

"कृतापराधेऽपि जने कृपामन्थरतारयोः ।
ईषद्बाष्पार्द्रयोर्भद्र श्री-वीरजिननेत्रयोः ॥"

જ્યારે જીવમાત્ર માટે પ્રેમ જાગૃત થાય છે, સમગ્ર ચેતના વિશ્વના ચૈતન્ય તરફ અભિમુખ થાય છે, आत्मवत् सर्वभूतेषु ની ભાવના રગેરગમાં પ્રસરી જાય છે ત્યારે જ આત્મા મહા-આત્મા બની શકે છે.

અહીં પ્રશ્ન ઉપસ્થિત થશે કે-એક જ વ્યક્તિ વિશ્વપ્રેમ દાખવશે તેથી કાંઇ આખા વિશ્વની સુરત થોડી જ પલટાવાની છે? એ તો સાચું જ છે કે-શરૂઆતમાં તો પ્રેમ આચરનાર વ્યક્તિને સહેવાનું છે જ. "પ્રેમપંથ તો પાવકની જ્વાળા" છે, પણ જે હિંમતથી એ પંથે આગળ ધપશે તે તો 'માહીં પડયા તે મહાસુખ માણશે.' ધીમે ધીમે એક દિવસ એવો આવશે કે-જગતમાં તેનો પ્રભાવ વિસ્તરશે, એ પ્રેમના-વિશ્વવાત્સલ્યના મંગલ પ્રતિઘોષો પડશે ને એમાંથી અનેક વિશ્વવાત્સલ્યના વાહકો પ્રગટશે!

માનવી પૂર્ણ માનવી નથી બન્યો ત્યાં સુધી સર્વ માટે પવિત્ર પ્રેમ ન દાખવી શકે એ વાત સાચી હશે. પરંતુ તેથી નિષ્ક્રિય બેસી રહેવાનું નથી. વ્યક્તિ પોતાના કુટુંબ તરફ, ગામ તરફ, દેશ તરફ અને પછી વિશ્વ તરફ એમ ઉત્તરોત્તર વિકાસ કરી શકશે અને ધીમે ધીમે સફળતા પ્રાપ્ત થશે. પણ આ રીતે એક પછી એક સોપાન ચઢવામાં એક મોટું ભયસ્થાન રહેલું છે તે માટે જાગૃત રહેવું પડશે.

આ ભયસ્થાન એ છે કે-માનવી કુટુંબ તરફ પ્રેમ રાખે, કુટુંબના સર્વ સભ્યોને પોતા સમાન ગણે પણ તેથી સારાસાર કે ન્યાયાન્યાય જોયા વિના કુટુંબનો જ પક્ષપાત કર્યા કરે તે ઈષ્ટ નથી. પ્રેમ તો જ કલ્યાણકર નિવડે કે જો તે મોહ કે રાગ વિનાનો પવિત્ર હોય! આમ થવાથી પાડોશીને અન્યાય થઇ બેસે. સ્વદેશ-પ્રેમની ભાવનામાં ઘણી વાર આવું બનતું આપણે જોઇએ છીએ. દેશ પ્રત્યે પ્રેમ રાખવા જતા, ગમે તે સંયોગોમાં તેને જ પડખે ઊભા રહેવા જતા ઘણીવાર બીજા દેશને કદી ન સુધારી શકાય તેવો અન્યાય થાય છે, પ્રેમની ભાવના ખોટે રસ્તે દોરાય છે, 'અહમ્‌નું એકમ મોટું થાય છે અને 'હું અને મારૂં' આગળ વધીને 'અમે અને અમારું' બની જાય છે. માટે પ્રેમપંથમાં પણ વિકૃતિ ન આવે એવી જાગૃતિ રાખવાની છે. અને એટલે જ્ઞાનના પ્રકાશથી પવિત્રતમ બનેલો પ્રેમમાર્ગ જ હિતાવહ છે.

આધુનિક કાળમાં ધર્મનું વધુ સફળ અર્થ-ઘટન 'પ્રેમપૂર્વકની અહિંસા' જ છે એવું મારૂં નમ્ર મંતવ્ય છે. માટે પ્રેમમય જગતની અભિલાષા વ્યક્ત કરી, અર્વાચીન યુગના એક અગ્રગણ્ય ગુજરાતી કવિની કાવ્યપંક્તિ ટાંકી લેખ પૂર્ણ કરૂં છું.

"વ્યક્તિત્વના બંધન તોડી ફોડી,
વિશ્વાન્તરે પ્રાણ-પરાગ પાથરૂં;
પાંખો તિમિરે-પ્રકાશે ઝબોળી,
સ્થળે સ્થળે અંતરપ્રેમ છાવરૂં.
વ્યક્તિ મટી બનું વિશ્વમાનવી,
માથે ધરૂં ધૂળ વસુંધરાની.

❁

અમારા ગુજરાતીના પ્રોફેસરે કહેલી વાત છે, તેઓ ત્યારે માધ્યમિક શાળામાં અંગ્રેજી પહેલા ધોરણમાં ભણતા હતા.

વાર્ષિક પરીક્ષા થવાને હજી બે મહિનાની વાર હતી. એવામાં એમના ગુજરાતીના શિક્ષક શાળા છોડી ચાલ્યા ગયા, હવે કરવું શું? શાળાના સત્તાવાળાઓએ બે મહિના માટે કોઇ નવો શિક્ષક રોકવા કરતાં શાળામાંના એક ચિત્રકામના શિક્ષકને ગુજરાતી શીખવવાનું કહ્યું.

ગુજરાતી પાઠ્ય પુસ્તકમાં નરસિંહ મહેતાની કવિતા હતી, તેમાં એક લીટી આ પ્રમાણે હતી.

'ગગન ગાજે હાથીઓ.'

પેલા ચિત્રકામના શિક્ષકે સમજાવ્યું 'આ લીંટીમાં ભૂલ છે, હાથી (પ્રાણી) આકાશમાં કેવી રીતે ગાજી શકે? આવું ભારેખમ પ્રાણી થોડું આકાશમાં ઉડીને જવાનું હતું?

બીજી એક કવિતા મીરાંબાઇની હતી, 'બોલમા, બોલમા, રાધાકૃષ્ણ વિના બીજું બોલમા' પેલા શિક્ષકે સમજાવ્યું.

'હે, મા! રાધાકૃષ્ણ વિના બીજું બોલ!'

# દ્રવ્યાનુયોગની મહત્તા

## પૂ૦ પંન્યાસજી ધુરંધરવિજયજી ગણિવર

( ઢાળ-૧૧-મી. ગાથા-૧-૨-૩-૪-૫-૬. )

અહિં સુધી દ્રવ્યોના ભેદોનું સ્વરૂપ કહ્યું. હવે ગુણના ભેદોનું સ્વરૂપ કહેવાય છે આ ગુણોનું સ્વરૂપ દિગમ્બર પ્રક્રિયા પ્રમાણે છે. દિગમ્બર પ્રક્રિયા પ્રમાણે હોવાથી હેય છે એમ નહિં-જે સત્ય સ્વરૂપ ગમે તે સ્થળે વ્યવસ્થિત જણાવ્યું હોય તે સ્વીકારવામાં સત્યના પક્ષપાતીને સહજ પણ વિરોધ હોય નહિં.

### ૧ સામાન્ય ગુણ વિચાર

સામાન્ય ગુણો-૧૦ છે. તે આ પ્રમાણે, ૧. અસ્તિત્વગુણ, ૨. વસ્તુત્વગુણ. ૩. દ્રવ્યત્વગુણ. ૪. પ્રમાવિષયત્વગુણ. ૫. અગુરુલઘુત્વગુણ. ૬. પ્રદેશત્વગુણ. ૭. ચેતનત્વગુણ. ૮. અચેતનત્વગુણ. ૯. મૂર્તતાગુણ. ૧૦. અમૂર્તતાગુણ. આ ગુણોનું સ્વરૂપ આ પ્રમાણે છે.

૧. **અસ્તિત્વગુણ.** દ્રવ્ય માત્રમાં સત્-સત્ એવો જે વ્યવહાર થાય છે. તે આ ગુણને લઈને થાય છે. જો પદાર્થમાં અસ્તિત્વગુણ ન હોય તો તે 'સત્' કહી શકાય નહિ.

૨. **વસ્તુત્વગુણ**-પદાર્થમાત્રમાં આ ગુણ છે. આ ગુણથી પદાર્થ સામાન્યસ્વરૂપે અને વિશેષ સ્વરૂપે સમજાય છે. સામાન્ય સ્વરૂપ એ જાતિ છે અને વિશેષ સ્વરૂપ એ વ્યકિત છે. જેમ ઘડો એ સામાન્ય સ્વરૂપથી જાતિ છે અને વિશેષ સ્વરૂપથી તે તે વ્યકિતરૂપ છે. કોઈને એમને એમ ઘડો લાવવાનું કહ્યું હોય ને તે ગમે તે ઘડો લાવે તો ઘડાનું જેને પ્રયોજન છે તે તેનો વિરોધ કરશે. ઘડા માત્ર ઘડાસ્વરૂપે સામાન્ય છે. એને વસ્તુત્વગુણ વ્યકત કરે છે. જ્યારે ઘટવિશેષનું પ્રયોજન હોય છે ત્યારે પણ યોગ્ય વ્યક્તિને ઘડો લાવવાનું જણાવવામાં આવે છે-અને તે ઘટ વિશેષને હાજર કરે છે. આમ ઘડો એ પ્રમાણે કહેવા છતાં-ઘટ વિશેષ જે સમજાય છે તે વસ્તુત્વગુણને લઇને. જો વસ્તુત્વગુણ ન હોય તો વસ્તુ સામાન્ય છે કે વિશેષ એવું પૃથક્કરણ ન થઇ શકે. આ ગુણને આશ્રયીને અવગ્રહ-જ્ઞાનમાં બધે સામાન્ય સ્વરૂપ જણાય છે અને અપાયજ્ઞાનમાં વિશેષ સ્વરૂપ સમજાય છે. જ્યારે પૂર્ણોપયોગ પ્રકટે છે ત્યારે સંપૂર્ણ વસ્તુગ્રહ છે.

૩. **દ્રવ્યત્વગુણ.**-ગુણ અને પર્યાયનો જે આધાર તે દ્રવ્ય કહેવાય છે. તે તે દ્રવ્યોમાં 'આ દ્રવ્ય છે' એવી પ્રતીતિ કરાવનાર જે ગુણ તે દ્રવ્યત્વ ગુણ છે. દ્રવ્યત્વ દ્રવ્યની સાથે રહે છે માટે ગુણ છે-કારણ કે सहभुवो गुणाः, क्रमभुवः पर्यायाः, સાથે રહે તે ગુણ અને ક્રમશઃ થાય એ પર્યાય એવી ગુણ-પર્યાયની વ્યાખ્યા-વ્યવસ્થા જૈનદર્શન સમ્મત છે. નૈયાયિકો દ્રવ્યત્વ એ જાતિ છે એમ કહે છે. પણ તે તેની પ્રક્રિયા અનુસાર છે. નૈયાયિક વગેરે દર્શન સમ્મત જે દ્રવ્યત્વ જાતિ છે તે અહિં માન્ય નથી.

ગુણ હોય તે વૃદ્ધિ-હાનિ પામે એવું એકાંતે નથી. રૂપાદિ ગુણોમાં અને જ્ઞાનાદિ ગુણોમાં એવું જણાય છે. અને તે તે ગુણોનો પરિચય વિશેષે રહે છે એટલે એવો ગ્રહ બંધાઈ જાય છે પણ એવું સર્વત્ર નથી. ઇતરદર્શનમાં પણ ગુણ હોય તેમાં વૃદ્ધિ-હાનિ થાય એવું સર્વત્ર નથી, એકત્વ આદિ સંખ્યામાં હાનિ વૃદ્ધિ જેવું કાંઇ થતું નથી. વળી વૃદ્ધિ-સાથે ગુણને કોઈ વ્યાપ્તિગ્રહ પણ થતો નથી. એટલે દ્રવ્યત્વ ગુણ હાનિ-વૃદ્ધિ પામતો નથી

માટે ગુણ નથી એવી ખોટી સમજ કરવી નહિં. આ હકીકત પૂ૦ ઉપાધ્યાયજીના શબ્દોમાં આ પ્રમાણે છે.

"द्रव्यत्वं चेद् गुणः स्यात्, रूपादिवदुत्कर्षापकर्षभागि स्यात्, इति तु कुचोद्यम्, एकत्वादिसङ्ख्यायां परमतेऽपि व्यभिचारेण, तथा व्याप्त्यभावादेव निरसनीयम् ।"

૪. **પ્રમાવિષયત્વ ગુણ.** વસ્તુ વસ્તુ સ્વરૂપે સત્ હોવા છતાં તે પ્રમાજ્ઞાનનો વિષય થાય છે. પ્રમાણ દ્વારા તેનો નિર્ણય અને પૃથક્કરણ થાય છે એ પ્રમેયત્વગુણને આશ્રયીને છે. પ્રમેયત્વગુણ કથંચિત્ અનુગત સર્વ સાધારણ ગુણ છે. કોઇ કોઈ વખત તેનું સ્પષ્ટ ભાન કોઇ કોઇ દ્રવ્યમાં ન થતું હોય તો પણ પરંપરા સમ્બન્ધે પ્રમેયત્વનું અનુસંધાન થાય છે અને તેથી પ્રમેયનો વ્યવહાર ચાલે છે. પ્રમાત્વનું જ્ઞાન સાક્ષાત્ હોય કે નહિં તે બહુ આવશ્યક નથી એટલે પ્રમેયત્વ ગુણસ્વરૂપ પદાર્થમાત્રમાં અનુગત છે.

૫. **અગુરુલઘુત્વ ગુણ.** તે તે પદાર્થો પોતાના મૂળભૂત સ્વરૂપમાં અવસ્થિત રહે છે. તે અગુરુલઘુત્વ ગુણને અવલંબીને છે. આ ગુણ સૂક્ષ્મ છે અને આજ્ઞા ગ્રાહ્ય છે. કહ્યું છે કે–

"सूक्ष्मं जिनोदितं तत्त्वं, हेतुभिर्नैव हन्यते ।
आज्ञासिद्धं तु तद् ग्राह्यं, नान्यथावादिनो जिनाः ॥१॥
अगुरुलघुपर्याया, सूक्ष्मा अवाग्गोचराः ॥"
પ. ૧૮૨॥

"જિનેશ્વરપ્રભુએ પ્રરૂપેલા સૂક્ષ્મતત્ત્વને હેતુઓવડે હણવું નહિં, તે તો આજ્ઞાસિદ્ધ છે એમ માનીને સ્વીકારી લેવું. કારણ કે જિનેશ્વરો કદી પણ અસત્ય પ્રરૂપતા નથી. અગુરુલઘુ પર્યાયો સૂક્ષ્મ છે અને વાણીનો વિષય થતા નથી."

૬. **પ્રદેશત્વ ગુણ.** જે પુદ્ગલના બે ભાગ ન પડી શકે એવા પુદ્ગલને પરમાણુ કહે છે. એ પરમાણુ જેટલું ક્ષેત્ર રોકે-એટલા ક્ષેત્રમાં રહેવાપણું તેને પ્રદેશત્વગુણ કહેવામાં આવે છે. તે તે દ્રવ્યોના પ્રદેશોમાં આ પ્રદેશ છે એવું જે જણાય છે તે આ ગુણને આધારે છે.

૭. **ચેતનત્વ ગુણ.** જીવનો જ આ ગુણ છે, આત્માના અનુભવરૂપ આ ગુણથી હું સુખી છું, વગેરે વ્યવહાર થાય છે. આ ગુણને લઇને જન્મ થવો, વૃદ્ધિ પામવી, ભાંગ્યું હોય તૂટયું હોય–વ્રણ થયું હોય, તે સર્વનું સંધાઇ જવું વગેરે જીવનધર્મો થાય છે. ચેતનપણું ચાલ્યા ગયા બાદ ગમે તેટલા મલમપટ્ટા લગાડવા છતાં વ્રણ રૂઝાતું નથી. ભાંગેલું સંધાતું નથી. આ જીવે છે એવો વ્યવહાર પણ આ ગુણથી થાય છે.

૮. **અચેતનત્વ ગુણ.** ઉપર જે ચેતનત્વ ગુણનું સ્વરૂપ છે તેથી વિપરીત અજીવમાત્રમાં જે ઉપરના સ્વરૂપથી ઉલટું સ્વરૂપ જણાય છે તે અચેતનત્વગુણને અવલંબીને છે.

૯. **મૂર્તતાગુણ**–આ ગુણ પુદ્ગલ દ્રવ્યમાં જ રહે છે. રૂપ–વગેરેના સન્નિધાનથી તે વ્યક્ત થાય છે. પુદ્ગલ જે મૂર્ત કહેવાય છે–તેની મૂર્તિ થાય છે તે આ ગુણને આશ્રયીને છે.

૧૦. **અમૂર્તતા ગુણ**–પુદ્ગલ સિવાયના દ્રવ્યોમાં આ ગુણ રહે છે. આ ગુણથી પુદ્ગલથી અન્ય દ્રવ્યો અમૂર્ત ગણાય છે. અમૂર્ત દ્રવ્યોની મૂર્તિ થતી નથી.

**શંકા**–ચેતનત્વ અને મૂર્તત્વ એ બે ગુણો છે-તેના અભાવસ્વરૂપ અચેતનત્વ અને અમૂર્તત્વ એ ગુણ કેમ કહી શકાય? ગુણ એ ભાવરૂપ છે.

**સમાધાન**–અચેતન દ્રવ્યોમાં અને અમૂર્ત દ્રવ્યોમાં તેનું નિયામક કાર્ય થાય છે, તે કાર્યને ઉત્પન્ન કરનાર તત્ત્વ રૂપ અને એ બન્ને વ્યવહારનો નિયામક ગુણ તેમાં અવશ્ય માનવો જોઇએ.એ જે ગુણ તે અચેતન દ્રવ્યમાં અચેતનત્વ છે અને અમૂર્ત દ્રવ્યમાં અમૂર્તત્વ છે. ચેતનત્વનો અભાવ અચેતનત્વ અને મૂર્તત્વનો અભાવ અમૂર્તત્વ એ પ્રમાણે તેનો અર્થ સમજવા છતાં અભાવ એટલે કાંઇ નહિં એમ સમજવું યથાર્થ નથી. અહિં જે અભાવ વાચક–'અ' આવેલ છે તે પર્યુદાસઅર્થને સમજાવનાર છે. પર્યુદાસ અર્થમાં જેની સાથે 'અ' જોડવામાં આવ્યો હોય છે તેનો વિરોધી ભાવ સમજાય છે. નૈયાયિકો જલમાં શીતસ્પર્શ માને છે. અગ્નિમાં ઉષ્ણ સ્પર્શ માને છે. પૃથ્વીમાં–વાયુમાં અનુષ્ણાશીતસ્પર્શ માને છે. એટલે ત્યાં ઉષ્ણનો અભાવ–શીતનો અભાવ એકલો જ અર્થ પર્યાપ્ત નથી એ અભાવવાળો એક ગુણ ત્યાં ભાવસ્વરૂપ છે. એટલે 'અ' જ્યાં હોય ત્યાં અભાવ માની લેવો એ યથાર્થ નથી. વળી. 'અભાવ–પણ કોઈ અપેક્ષાએ ભાવસ્વરૂપ છે' એ નયવિચારણાએ કોઇ દોષ રહેતો **નથી.**

આ શંકા–સમાધાનની હકીકત પૂ૦ ઉપાધ્યાયજીના પ્રૌઢ શબ્દોમાં આ પ્રમાણે છેઃ—

" अचेतनत्वामूर्तत्वयोश्चेतनत्वमूर्तत्वाभावरूपत्वान्नगुणत्वमिति नाशङ्कनीयम्. अचेतनामूर्तद्रव्यवृत्तिकार्यजनकतावच्छेदकत्वेन, व्यवहारविशेषनियामकत्वेक च तयोरपि पृथग्गुणत्वात्। नञः पर्युदासार्थकत्वात् नञ्पदवाच्यतायाश्च अनुष्णाशीतस्पर्शः इत्यादौ व्यभिचारेण परेषामप्यभावनियामकत्वाद्. 'भावान्तरमभावो हि, कयाचित्तु व्यपेक्षया। ' इतिनयाश्रयणेन दोषाभावाच्च. इति ॥ "

આ દશ સામાન્ય ગુણો છે. એ દશ ગુણોમાંથી આઠ આઠ ગુણો દરેક દ્રવ્યમાં રહે છે. કારણ કે ચેતનત્વગુણ હોય ત્યાં અચેનત્વગુણ ન રહે અને અચેનત્વ ગુણ હોય ત્યાં ચેતનત્વ ગુણ ન રહે. એ પ્રમાણે મૂર્તત્વ ગુણ હોય ત્યાં અમૂર્તત્વ ગુણ ન રહે અને અમૂર્તત્વગુણ હોય ત્યાં મૂર્તત્વ ગુણ ન રહે. એટલે દરેક દ્રવ્યમાંથી બે વિરોધી ગુણો બાદ કરતાં આઠ આઠ ગુણો રહે. (ચાલુ.)

## —: પરદેશના ગ્રાહક બંધુઓને :—

પરદેશમાં વી. પી. થતું નથી તો લવાજમ પુરૂં થયે મનીઓર્ડર, ક્રોસ સિવાયનો પોષ્ટલ ઓર્ડર કે નીચેના કોઈ પણ સ્થળે લવાજમ ભરવા વિનંતિ છે.

| | | |
|---|---|---|
| **શ્રી દામોદર આશકરણ** | પોષ્ટ બોક્ષ નં. ૬૪૯ | **દારેસલામ** |
| **શ્રી તારાચંદ ડી. શાહ** | પોષ્ટ બોક્ષ નં. ૨૦૭૦ | **નૈરોબી** |
| **શ્રી મેઘજી ખીમજી ગુઢકા** | પોષ્ટ બોક્ષ નં. ૧૧૨૮ | **મોમ્બાસા** |
| **શ્રી રતિલાલ ઓત્તમચંદ સંઘવી** | પોષ્ટ બોક્ષ નં. ૪૪૮ | **જંગબાર** |
| **શ્રી મેઘજી ખીમજી ગુઢકા** | પોષ્ટ બોક્ષ નં. ૨૧૯ | **કીસુમુ** |
| **શ્રી મેઘજીભાઇ રૂપશી** એન્ડ કું. | પોષ્ટ બોક્ષ નં. ૭ | **ન્યેરી** |
| **શ્રી દેવશીભાઈ જીવરાજ** | પોષ્ટ બોક્ષ નં. ૯૧ | **થીકા** |

# એક જ વાકયથી જીવનપલટો :

## શ્રી ચંદ્રકાંત પ્રાગજીભાઇ શાહ–શિહોર

"પૂજ્ય માતાજી! શા માટે આમ અચાનક આપનું આવવુ થયું?" સુખસાગરમાં વિલસતા શાલિભદ્રે માતા ભદ્રાને વિનયથી પૂછયું.

'બેટા! આજે આપણાં અહોભાગ્ય કે, આપણા જેવા પ્રજાજનને ત્યાં ખુદ રાજાજી પધાર્યા છે, 'ઘોર અરણ્યમાં એકાદ વૃક્ષ મળી જતાં જેવો આનંદ થાય, એવા આનંદિત વદને માતાજીએ કહ્યું.

"માતાજી! હું કાંઈ આપના બોલમાં સમજતો નથી. તેમ હું વેપાર ધંધામાં જાણતો નથી. આજસુધી તો મને કઇ પૂછતાં નો'તાં, તો આજે શા માટે પૂછો છો? જે કાંઇ ચીજ આવી હોય તે લઇને, તેનો યોગ્ય ભાવ ઠરાવીને લઇ લ્યો, અને પૈસા ચૂકવી દ્યો," શાલિભદ્રે નમ્રવાણીમાં કહ્યું.

"બેટા! એ કાંઇ ખરીદવાની વસ્તુ નથી, એ તો આપણા ગામના ધણી છે, આપણે તેમના તાબામાં રહેવું જોઇએ. રાજા ધારે તો આપણને ઘડીના છઠ્ઠાભાગમાં ભિખારી બનાવી દે. રાજા તો રીઝે ભલા, રૂઠે તો ભુંડા. કહ્યું છે ને કે, રાજા–વાજા ને વાંદરા સરખા" મૃદુવાણીમાં માતાજીએ કહ્યું.

"હેં આપણે માથે હજુ નાથ? શું હજુ પણ આટઆટલી ઋધ્ધિ છતાં આપણે અનાથ છીએ? પરતંત્ર છીએ? તો તો મારે હવે સનાથ થવાનો માર્ગ ગ્રહણ કરવો છે," શાલિભદ્રે ભગ્ન હૃદયે કહ્યું.

જેમને ત્યાં તેત્રીશ–તેત્રીશ દેવતાઇ પેટીઓ આકાશમાંથી ઉતરતી. દરેક પેટીને ત્રણ ખાનાં હતાં, એકમાં ભોજન, બીજામાં વસ્ત્રો–અને ત્રીજામાં અલંકારો. શાલિભદ્ર અને તેમની બત્રીસ પત્નીઓ આવા દેવતાઈ વસ્ત્રાલંકારોનો પ્રતિદિન ઉપભોગ કરતા. આજે પહેરેલાં વસ્ત્રાલંકારો કાલે તો ગટરમાં ફેંકાઇ જતાં હોય. હીરા–મણિ અને માણેકથી શોભતો ગગનચુંબી મહેલ હતો. આવી અપૂર્વ ઋદ્ધિથી પ્રેરાઇને, ખુદ રાજા શ્રેણિક સૌભાગ્યશાલી શાલિભદ્રનાં દર્શન કાજે પધાર્યા.

માતા ભદ્રાએ યોગ્ય આદર સત્કાર કર્યો. રાજા શ્રેણિકે શાલિભદ્રને ક્ષણવાર પોતાના ખોળામાં લીધો. ક્ષણવારમાં તો શાલિભદ્રનું શરીર પરસેવાથી રેબઝેબ થઈ ગયું. આવી સુકોમળ તો તેમની કાયા હતી. મહારાજા શ્રેણિક તેમના સુખ--સાહ્યબીના ગુણગાન ગાઇ પોતાના મહેલે સિધાવ્યા.

શાલિભદ્ર અને શ્રેણિક જુદા પડયાં. શાલિભદ્ર એક જ વિચારમાં ગુંથાયા હતા કે, 'શું હજુ મારે માથે નાથ છે?'

શાલિભદ્ર પોતાના ખાસ ભવનમાં સાતમે મહેલે જઇ ગાઢ વિચારે ચડે છે, "મારી આ સાહ્યબીમાં હજુ અપૂર્ણતા છે? હજુ હું પરતંત્ર છું? મારે તો હવે સ્વતંત્ર બનવું છે. ધન–કંચન–કામિની–ભગિની–માતુની માતાપિતા સર્વ પરિવાર અસ્થિર છે. સાચો માર્ગ સંયમનો જ છે. એ દ્વારા હું સનાથ બનીશ, અને ભવોભવની ગુલામીમાંથી મુક્ત બનીશ."

માનવીના જીવનમાં એકજ વાકય કે એક જ પ્રસંગ મળતાં અજબ પરિવર્તન થઇ જાય છે. માણસને નિમિત્તની જરૂર છે. निमित्तवासी आत्मा।

હવે શાલિભદ્રે અફર નિર્ણય કરી લીધો કે, 'આ બધી પૌદ્ગલિક વસ્તુ છોડી, સંયમમાર્ગ આદરી, સાચી સ્વતંત્રતા–સાચું સુખ પ્રાપ્ત કરવું.

આજ સુધી હું મોહમાં મૂંઝાયો હતો, રાગમાં લપટાયો હતો અને નિત્ય વિલાસમાં રાચ્યો-માચ્યો રહેતો હતો. આજ સુધી હું જાણુતો હતો કે, હું ખરો સુખી છું-સ્વતંત્ર છું. પરંતુ આ વિચાર ભ્રામક હતો. મોક્ષમહેલની અટારીએ જ્યાં સુધી ન પહોંચું, ત્યાં સુધી સાચી સ્વતંત્રતા નથી જ.'

ઉપર મુજબનો અણુનમ નિર્ધાર કરી, શાલિભદ્ર સાતમે માળેથી નીચે ઉતરી, પોતાના ઉપકારી માતાજીનાં ચરણુમાં નમન કરી, વિનય કરી, વિનયયુકત વાણીમાં બોલ્યો કે, "માતાજી! મને આ સંસાર સળગતો દાવાનળ જેવો લાગે છે. હવે મને આ દેખાતી જડ વસ્તુઓમાં જરાય મોહ નથી. મારે તો સનાથ બનવા ચારિત્રના ઉજ્વળ પંથે જવું છે."

માતાજી બોલ્યા, "બેટા! તારો વિચાર સુંદર છે, પરંતુ એ માર્ગ અતિદુષ્કર છે. લોઢાના ચણા ચાવવા જેવો છે. તેં કોઇ દિવસ ટાઢ-તડકો સહન નથી કર્યો, તો તું એ કેમ સહીશ? તેં કોઈ દિવસ ભૂમિ પર સ્પર્શ નથી કર્યો, તો તું ઉગ્ર વિહાર કેમ કરીશ?"

"માતાજી! જ્યારે આ આખોયે સંસાર હળાહળ ઝેર જેવો લાગે છે, ત્યારે આ બધું અકારૂં લાગે છે. અને દુઃખ પરિસહ સહવાની શક્તિ આત્મસામર્થ્યથી આવી જાય છે." શાલિભદ્રે કહ્યું.

બેટા! તારો વિચાર મક્કમ છે તો ઠીક, પણ એકદમ છોડવા કરતાં રોજ તું એક એક સ્રીનો ત્યાગ કર. અને પછી સુખેથી તું દીક્ષા લેજે." માતાએ કહ્યું.

માતાજીનું વચન સ્વીકારી શાલિભદ્ર રોજ એક એક સ્ત્રીનો ત્યાગ કરે છે. પણ તેવામાં તેમના બનેવી ધન્નાજીના સહકારથી, તેઓ બંને શ્રી વીર ભગવંત પાસે ચારિત્ર અંગીકાર કરે છે.

જેને ભવની ભીતિ લાગી હોય, તેને સંસાર કેમ રૂચે? ચારિત્ર લઇને ઉગ્ર તપશ્ચર્યા તેઓ કરે છે. કાયા પરનો મમત્વભાવ ઉતારી નાખી, આત્મભાવમાં તલ્લીન બને છે. સુંદર આરાધના કરી સર્વાર્થસિધ્ધ દેવલોકમાં જાય છે, ને પ્રાંતે મોક્ષમાં જશે.

❀


## મીનાકારી સિદ્ધચક્રજી વગેરે

અમોને જણાવતાં હર્ષ થાય છે કે, અમોએ હાલમાં મીનાકારી **શ્રી સિદ્ધચક્રજી**, પ્રગટ પ્રભાવી **પાર્શ્વનાથ, વીર ઘંટાકર્ણ માણિભદ્ર, ચક્રેશ્વરી** માતા વગેરે બનાવી પ્લાસ્ટીકની ડબીમાં ફીટ કર્યા છે.

પૂ. સાધુ-સાધ્વી, શ્રાવક, શ્રાવિકા દરેકને ઉપયોગી વસ્તુ છે. દરેક નંગ ૧ ની કિંમત રૂા. ત્રણ રાખી છે.

તે સિવાય ઉપરની દરેક વસ્તુ ચાંદીમાં તથા સોનેરી ગીલેટમાં મળશે, ડઝન એકના રૂા. ૧૮ સોનેરીના ડઝનનો ભાવ રૂા. ૨૪) પોસ્ટ-પેકીંગ ખર્ચ અલગ છે.

**તા. ક** તે સિવાય આંગી, મુગટ, પાખર, ચૌદ સ્વપ્નાં વગેરે, પંચધાતુની પ્રતિમાઓ, વીશસ્થાનકના નવપદ ઇંચ ૧૧ ના રૂા. ૧૫૧,

હરિફાઇનું લખાણ અમારા ઉપર મોકલતા પહેલાં નિયમ નં. ૫ તથા નિયમ નં. ૭ નું પાલન, બરાબર કર્યું છે. તે પ્રમાણેની સાક્ષી જોઇએ. તે માટે સહી જોઇશે.

(૧૦) આવેલા સઘળાયે નિબંધોનો હક્ક 'કલ્યાણ' કાર્યાલયનો રહેશે.

(૧૧) ઇનામોની વહેંચણી, જેઓના તરફથી ઇનામો અપાય છે, તેમની તથા પરીક્ષક સમિતિની ઇચ્છા પ્રમાણે રહેશે.

(૧૨) લોગસ્સસૂત્ર વધારેમાં વધારે સંખ્યામાં, શુધ્ધિ ઉપર લક્ષ્ય દઇને, સ્વચ્છ અક્ષરોમાં, સુંદર અને આકર્ષક ઢબે, કલાત્મક શૈલિમાં લખાયેલ જોઇએ. માર્ક આપતી વખતે આ હકીકતને અનુલક્ષીને જ માર્ક વધુ અપાશે.

(૧૩) પ્રથમ ઇનામમાં વધારેમાં વધારે રૂા. ૬૧, અપાશે. બીજું ઇનામ વધારેમાં વધારે રૂા. ૫૧ નું રહેશે. ત્રીજું ઇનામ વધારેમાં વધારે ૩૫ નું રહેશે. ચોથું ઇનામ વધારેમાં વધારે રૂા ૨૧ નું, અને પાંચમું ઇનામ રૂા. ૧૫ નું, તેમજ છટ્ઠું રૂા. ૧૧, અને સાતમું ઇનામ રૂા. ૭ નું રહેશે. એકંદરે કુલ ઇનામ રૂા. ૨૦૧ નું રહેશે.

(૧૪) ઇનામના રૂા. ની વહેંચણીમાં ફેરફાર કરવાનો હક્ક પરીક્ષક-સમિતિનો રહેશે. તેમજ ઉત્તેજનપાત્ર લેખકોને પણ યોગ્ય પારિતોષિકો અપાય તે દષ્ટિ ઇનામોની વહેંચણીમાં રહેશે.

(૧૫) તા. ૧૫-૩-૫૭ નો દિવસ આ હરિફાઇનો છેલ્લો દિવસ ગણાશે. ત્યારબાદ એક મહિનામાં એટલે તા. ૧૫-૪-૫૭ ના અંકમાં તેનું પરિણામ પ્રસિદ્ધ થશે.

લેખન-નિબંધ મોકલવાનું સ્થળ-

**કલ્યાણ પ્રકાશન મંદિર-પાલીતાણા.**

**તા કઃ-** હરિફાઇમાં ભાગ લેનારે પોતાનું નામ, વય, પૂરૂં ઠેકાણું ઇત્યાદિ બરાબર લખીને મોકલવું.

# કથા-વાર્તા ઇનામી નિબંધનું પરિણામ

'કલ્યાણ' દ્વારા યોજાયેલી **'કથા-વાર્તા ઇનામી નિબંધ'**ની જે યોજના પ્રસિદ્ધ થયેલી, તેમાં અમારા ઉપર લગભગ ૫૦ જેટલી ન્હાની મોટી કથાઓ આવેલી; જે તપાસીને તેનું પરિણામ જાહેર કરવાનું અમે ગતાંકમાં જણાવેલું હતું. તે પરિણામ આ મુજબ છે.

(૧) માર્ક-૮૫, શ્રી જવાહરલાલ અંબાલાલ શાહ C/o શાહ જીવણલાલ મોતીલાલ ઠે. રામપરખડી સામે, કાશીપુરા, બોરસદ.

(૨) માર્ક-૮૦, શ્રી બાબુલાલ મનસુખલાલ ઠે. જૈન ગુરુકુલ, પાલીતાણા.

(૩) માર્ક-૭૮, શ્રી ઉર્મિલાબેન નાનચંદ. જૈન પાઠશાળા, શીવ, મુંબઇ.

(૪) માર્ક-૭૫, શ્રી શાંતિલાલ જૈન. ઠે. જૈન પાઠશાળા, તખતગઢ.

(૫) માર્ક-૭૪, શ્રી નવીનચંદ્ર મ. શાહ અમદાવાદ.

(૬)માર્ક-૭૦, શ્રી જયંતિલાલ મોહનલાલ મહેતા. જૈન ગુરુકુળ પાલીતાણા.

(૭) માર્ક-૬૫, શ્રી ભૂપતરાય એમ. મહેતા વાંકાનેર.

(૮) માર્ક-૬૫, ઇંદિરાબ્હેન વ્રજલાલ શેઠ

જૈન પાઠશાળા શીવ મુંબઇ.

(૯) માર્ક–૫૬, શ્રી રાજેન્દ્રકુમાર કેશવલાલ પાટણ જૈન છાત્રાલય, પાટણ.

(૧૦) માર્ક–૫૫, શ્રી વીણાબ્હેન ખીમચંદ શાહ. જૈન પાઠશાળા, શીવ, મુંબઈ.

(૧૧) માર્ક–૫૪,કુમારી સુધાબ્હેન સોભાગચંદ પરીખ. જૈન પાઠશાળા, શીવ, મુંબઇ.

(૧૨) માર્ક–૫૩ બકુલભાઈ શાહ C/O ગાંધી અમૃતલાલ મોહનલાલ. માંડવીની પોળ, લાલાભાઇની પોળ, અમદાવાદ.

(૧૩) માર્ક–૫૨, ઇંદુમતીબ્હેન અમૃતલાલ શાહ, જૈન પાઠશાળા, શીવ, મુંબઈ.

(૧૪) માર્ક–૫૧, શ્રી નગીનદાસ એન શાહ C/O કુંવરજી જેઠાભાઈ શાહ, લાલબાગ, ન્યુ મારકેટ, મુંબઈ, ૧૨.

(૧૫) માર્ક–૫૦ શ્રી મહેન્દ્રકુમાર તિલકરાય શાહ. C/O ધનસુખલાલ મણિલાલ ઠે. ગંગા-ભુવન. તખ્તેશ્વર પ્લોટ, ભાવનગર.

અમારી ઉપર આવેલા કથાનિબંધોમાંથી ૫૦ માર્ક સુધીના નામો ક્રમશઃ અમે પ્રસિધ્ધ કર્યા છે, યોજના અનુસાર રૂા. ૫૦ ના ઇનામો **શેઠ શ્રી દેવચંદ જેરામભાઇ હસ્તે શેઠ શ્રી વૃજલાલ સુંદરજી તરફથી** આપવાનાં છે, ઈનામોની વહેંચણી પરીક્ષક સમિતિની સૂચના પ્રમાણે કરવાની હોવાથી, તેમજ ઉત્તેજનાપાત્ર લેખકોનું પણ સન્માન થવું જોઇએ આ દૃષ્ટિને સામે રાખીને નીચે મુજબ ઈનામો આપવાનું નક્કી કર્યું છે.

(૧) શ્રી જવાહરલાલ અંબાલાલ રૂા. ૧૫.
(૨) શ્રી બાબુલાલ મનસુખલાલ રૂા. ૮
(૩) શ્રી ઉર્મિલાબેન નાનચંદ રૂા. ૬
(૪) શ્રી શાંતિલાલ જૈન રૂા. ૫
(૫) શ્રી નવીનચંદ્ર મ. શાહ રૂા. ૪
(૬) શ્રી જયંતિલાલ મોહનલાલ મહેતા રૂા. ૪
(૭) શ્રી ભૂપતરાય એમ. મહેતા રૂા. ૩
(૮) શ્રી ઇંદિરાબ્હેન વૃજલાલ શેઠ રૂા. ૩
(૯) શ્રી રાજેન્દ્રકુમાર કેશવલાલ રૂા. ૩
(૧૦) શ્રી વીણાબ્હેન ખીમચંદ શાહ રૂા. ૨
(૧૧) શ્રી કુમારી સુધાબ્હેન પરીખ રૂા. ૨
(૧૨) શ્રી બકુલભાઇ શાહ રૂા. ૨
(૧૩) શ્રી ઇંદુમતીબ્હેન અમૃતલાલ શાહ રૂા. ૨
(૧૪) નગીનદાસ એન. શાહ રૂા. ૧
(૧૫) શ્રી મહેન્દ્રકુમાર તિલકરાય શાહ રૂા. ૧

આ રીતે કુલ રૂા. ૬૧ નું ઇનામ ૧૫ કથા લેખકો વચ્ચે વહેંચાશે.

સૌ ઇનામપાત્ર કથાના લેખકોએ કાર્યાલય સાથે પત્રવ્યવહાર કરી, પોત–પોતાના ઈનામોની રકમ મંગાવી લેવા કૃપા કરવી.

નિવેદક : **સોમચંદ ડી. શાહ.**
**પાલીતાણા.**

કલ્યાણ માસિક વાર્ષિક લવાજમ રૂા. ૫–૦–૦

# 'કલ્યાણ' પર આવેલાં પદોનાં વિવેચનો.

**જૈનસમાજમાં જ્ઞાન, સંસ્કાર તથા સંયમની સૌરભ ફેલાવવાના એક જ શુભાશયથી 'કલ્યાણ'નું સંચાલન થઈ રહ્યું છે. અવાર-નવાર આ માટે અનેક યોજનાઓ સમાજ સમક્ષ મૂકાઇ છે. તા૦ ૧૫-૧૦-૫૬ ના વર્ષ: ૧૩ અંક: ૮ ના પેજ ૫૫૦ ઉપર, અમે પૂ૦ પાદ શ્રી આનંદઘનજી મહારાજશ્રીના તથા પૂ૦ પં૦ શ્રી વીરવિજયજી મહારાજશ્રીના અધ્યાત્મલક્ષી પદ ઉપર વિવેચનને માટે સમાજના સર્વ કોઇ અભ્યાસીવર્ગને આદરપૂર્વક નિમંત્રણ પાઠવેલું. અને તે માટે તે બન્ને પદો મૂલ પ્રસિદ્ધ કરેલા હતા.**

**પૂ૦ આનંદઘનજી મહારાજના તથા પૂ૦ પં૦ વીરવિજયજી મહારાજના આ પદ ઉપર અત્યાર-સુધી કોઇપણ સ્થળે વિવેચન પ્રસિદ્ધ થયેલું નથી. તેમજ એ પદો કાંઇક અંશે ગૂઢ છે; સમાજને કરેલી એ અપીલના પરિણામે અમારા ઉપર જે અમુક વિવેચનો આવેલાં છે, તેમાંથી પૂ૦ શ્રી આનંદઘનજી મહારાજશ્રીના પદ ઉપર બે વિવેચનો, અને પૂ૦ શ્રી વીરવિજયજી મહારાજશ્રીના પદ ઉપરનું એક વિવેચન અહિં અમે પ્રસિદ્ધ કરીએ છીએ.**

**બન્ને પદો ઉપરનું પહેલું વિવેચન, શ્રીયુત મણિલાલ મોહનલાલ પાદરાકરે લખી મોકલેલ છે, જ્યારે પૂ૦ શ્રી આનંદઘનજી મ૦ ના પદ ઉપરનું એક વિવેચન લખી મોકલનાર શ્રીયુત ડૉ૦ વલ્લભદાસભાઇ નેણશીભાઇ છે. બન્ને આ વિષયના ઉંડા અભ્યાસી, અને ચિંતનશીલ લેખકો છે.**

**'કલ્યાણ' દ્વારા આવી રીતે જ્ઞાનનો પ્રચાર કરવાની પ્રવૃત્તિમાં સહકાર તથા સહયોગ આપવા માટે આ લેખક વિદ્વાનોને આ વિષયમાં અમારા અભિનંદન! સંપાદક.**

## પૂ૦ પાદ શ્રી આનંદઘનજી મહારાજના પદનો ભાવાર્થ:

(મૂલ પદ: કંથ ચતુરદિલ જ્ઞાની)

## ભાવાર્થ લેખક: શ્રી મણિલાલ મોહનલાલ પાદરાકર-મુંબઈ.

### પીઠિકા-

સત્તાએ અનંત અવ્યાબાધ અક્ષયસુખના ભોક્તા અને સિદ્ધ સમાન એવો અનંત શક્તિનો ધણી, પરમ આરાધ્ય તત્ત્વ જે આત્મા તેજ સંસારમાં સાર, આદરણીય છે. એવં પ્રાપ્તવ્ય છે. અને આત્માની પરમ પ્રેરણાદાયી, ચિરસહવાસિની નિજના નિજત્વને પ્રકટાવનારી, સમજાવનારી, એવી આત્માની સતી પ્રિયતમા તે સુમતિ અગર ચેતના છે, આ વિશ્વમાં પરિદૃશ્યમાન થતી તમામ જડ વસ્તુઓ પર જાણવી. સાધન છે એમ જાણવુ; અને એક માત્ર પરમતત્ત્વ સાધ્ય તે સ્વ-સ્વરૂપી આત્મા જ છે (તે સિવાય સર્વ મિથ્યા છે) તેમ સદ્દહી નિજઆત્મગુણ-રમણતામાં લીન થવું. એ જ બોધ પામ્યાનો સાર છે.

આત્મા અને તેની પ્રિયતમા સુમતિનો આ પદમાં એક સુંદર સંવાદ છે, પરમ યોગીશ્વર નિજાત્મમસ્તીમાં મસ્ત પૂ૦ શ્રીમદ્ આનંદઘનજી મહારાજના સ્વાનુભવે લખાયેલા આ પદમાં મારી સમજ પ્રમાણે આ લેખમાં જણાવેલો ભાવ સંગત બને તેમ લાગે છે. છતાં 'આશય આનંદઘન તણો, અતિ ગંભીર ઉદાર; 'બાળક બાંહ્ય પસારીને, કહે ઉદધિ વિસ્તાર.' હોવાથી હું મારા ક્ષયોપશમ પ્રમાણે એનો ભાવાર્થ વિસ્તારવા ઉદ્યુક્ત થયો છું.

### પદનો ભાવાર્થ.

સુમતિ (ચેતના સખી) પોતાના પ્રિયતમ કંથને કહે છે કે, હે કંથ! હે આત્મારામ! પરપરિણતિને પિછાની, સ્વ-ગુણમાં રમનાર ચતુર પ્રાણેશ્વર! સદા સર્વદા જ્ઞાનગુણમાં-નિજાનંદમાં રમનાર જ્ઞાની કંથ! તમને બલિહારી જાઉં? કારણ જેહને નિરંતર (ચેહની) ચાહીએ છીએ, તમારો નિત્ય સહવાસ અને એકત્વતા-અભેદતા, તેજ તમો કહો છો! કરો છો એથી લાગે છે કે, આપે મારી પ્રીત પૂર્ણપણે પિછાની છે. સ્વ-ગુણમાં રમવાની રીત તમો ઉત્તમ પ્રકારે જાણો છો. હે પ્રાણ! હે કંથ! તમે સુચતુર અને જ્ઞાની છો. અનંત આત્મગુણના સાગર સમા તમો હોવા છતાંય હું આપને કંઇક કહું છું. માત્ર

એકજ બુંદમાથી આ આખુ શરીર બન્યું છે. અનાદિ-કાળના પરિભ્રમણ બાદ એ પાંચે ઈન્દ્રિય સહિત જન્મ્યું છે. તે જડનું સંગી છે, છતાં તેમાં નિજાત્મ-સ્વરૂપ જાગૃતિની જ્ઞાનજ્યોત સતત જાગૃત છે. તેથી પ્રકાશવાળું છે. એ મહેલ ( શરીર )માં રાગ-દ્વેષ રૂપી બે ચોર ભરાઇ બેઠેલા છે. તેમજ મિથ્યાત્વ અને અજ્ઞાન એવા બે ચુગલ-ચાડીયા (ચુગલખોર) પણ છે. જેમાંથી મિથ્યાત્વ તે સમકીત ગુણને આવરે-ઢાંકે-રોકે છે, અને અજ્ઞાન તે જ્ઞાન ગુણને આવરે છે. એમ આ બે ચોર અને ચાડીયાની વાત જગ-જાહેર છે. તો હે નાથ ! એનાથી ચેતજો. જ્ઞાનગુણ અને સમકીતને રૂંધવા એ ચારેય પ્રયત્ન કરી રહ્યા છેઃ અને આપણી અખંડ અવિહડ પ્રીતિ-એકતામાં ભંગાણ પડાવવા મથે છે. તેથી પળનોયે પ્રમાદ ન કરશો.

વળી પંચેંદ્રિયના ત્રેવીશ વિષયો અને ત્રણ વેદ શરીરરૂપી મંદિરમાં પ્રકટ બેઠેલા છે. ત્યાં એમનું રાજ ચાલે છે, એ ભલભલાને હંફાવી પરમાં લઈ જાય છે. તેમાં પણ મમતારૂપી ફરેલી સ્ત્રી એણે તો આખું જગત વશ કર્યું છે. કોઇ વિરલા, સ્વરૂપજાગૃત આત્માઓ જ એને વશ કરી શકયા છે; ને તે જ્ઞાન-સ્વરૂપાનુભાવના ખડ્ગથી જ વશ થાય છે. કારણ સમ-કિત મોહિની, મિશ્રમોહિની અને મિથ્યાત્વ મોહિનીની ચૂડમાંથી જ્ઞાન ખડ્ગજ છોડાવી શકે છે. વળી માનવ-ભવ રૂપી મંદિરમાં કામ, ક્રોધ, લોભ અને જ્ઞાન રૂપી ચાર ચોરટાઓ તો અનાદિકાળના ભૂખ્યા છે. શીકારની શોધમાં તે સદાય હોય છે. તે મહાબલવાન છે. તેઓ કદિ તૃપ્તિ પામતા જ નથી. પણ હે નાથ ! જો ક્ષમા, માર્દવ, આર્જવ, મુક્તિ, તપ, સંયમ, સત્ય, શૌચ અકિંચનતા, અને બ્રહ્મચર્ય એ દશવિધ યતિધર્મ સમજી આદરી શકાય તો તેઓનો પરાજય કરી શકાય. પણ એ તો જેના જ્ઞાનાવરણીય આદિ કર્મો મંદભાવ પામ્યા, યા ક્ષય થયા હોય, પોતાના સ્વરૂપમાં જ લીન હોય, પરને ત્યાગી, સ્વ- નિજાત્મામાં જ સહજ સ્વભાવે રમતા હોય, એક સમયનો પણ પ્રમાદ ન હોય, એવા બ્રહ્મજ્ઞાની જ તે સમજી જાણી અનુભવી આદરી શકે, કારણ હે ચતુર જ્ઞાની કંથ ! પ્રાણેશ્વર ! વ્હાલેશર ! તમે તો જાણો છો કે જીવ અનાદિકાળથી નરકનિગોદ આદિ ચારે ગતિમાં રઝળ્યો, વળી કર્મ-રાજાનું પ્રાબલ્ય કેટલું બધું ગહન પ્રવર્તે છે, તે જાણવું કઠીન છે. છતાંપ રમપદના, નિજાનંદ-ચિદાનંદ સ્વરૂપના સમૂહને જાણનાર જ ( આનંદઘનજી )એ અનંતઅવ્યા-બાધ પરમ ઉત્કૃષ્ટ મહાસુખને પામી, માણી શકે, પણ તે તો કોઇ વિરલાજ અલ્પભવી જ પામી શકે. માટે હે ચતુર જ્ઞાની આત્મદેવ ! કંથ ! આવા ચોર, ચાડીયા અને ભવભ્રમણ કરાવનાર; આપણા અવિહડ સ્નેહ સંબંધ તોડાવનાર આંતરશત્રુ. ઓથી ચેતતા રહેજો, નાથ ! એજ માનવભવ પામ્યાનું સાચું સાર્થક છે.

## પૂ૦ પાદ શ્રી આનંદઘનજી મહારાજના પદનો ભાવાર્થ

ભાવાર્થ લેખક : **ડૉ. વલ્લભદાસ નેણશી-ભાઇ-મોરબી.**

(૧) નિર્મળ પ્રજ્ઞારૂપી પતિવ્રતા પત્ની પોતાની સખીને કહે છે કે-મારો માલિક ઘણો ચતુર છે. મારા માલિકના દિલમાં અસંખ્ય આત્મપ્રદેશોમાં અનંત જ્ઞાનના ભંડાર ભર્યા છે. અને મારી અવિહડ પ્રીતિ જાણીને હું જે જે ચાહના કરૂં છું તેનેજ તેઓ કહે છે અને તેનો તુરત અમલ કરે છે.

(૨) ઔદારિક નામકર્મના ઉદયથી ઔદારિક શરીર-રૂપી મહેલ બનાવ્યો છે અને એ મહેલમાં એ આત્મ-જ્યોતિ પ્રસરી રહેલી છે. એ મહેલમાં કામ ક્રોધ બે ચોર, અને ઈર્ષ્યા, માયા રૂપી બે ચાડીયા રહે છે.

( અગર તો રાગ-દ્વેષ રૂપી બે ચોર, અને મિથ્યાત્વ તેમજ અજ્ઞાન રૂપી બે ચાડીયા રહે છે ) અને આ બધી વાત મારા પ્રભુથી છાની નથી.

(૩) પાંચ ઇન્દ્રિયો તેમજ મિથ્યાત્વ. અજ્ઞાન અને અવિરતિનું એ મહેલમાં સામ્રાજ્ય પ્રવર્તે છે. એ

ત્રિઆઓ પૈકી એક મિથ્યાત્વે તો આ જગતનો નાશ કરેલ છે. પણ મારો પ્રભુ એ બધાયને દૂર કરવા જ્ઞાનરૂપી તલવાર લઇને બેઠો છે. એટલે એ બધાનું જોર ચાલતું નથી.

**તા. ક.** ત્રણ ત્રિઆઓમાં ત્રણ વેદ પ્રકૃતિઓ લઇએ તો મમતારૂપી સ્ત્રીએ આ જગતનો નાશ કરેલ છે એમ પણ લઇ શકાય.

(૪) એ મહેલમાં પેલા કામ-ક્રોધ પાંચ ઇન્દ્રિયો તેમજ મિથ્યાત્વ વગેરેના પાપે દાન, શીલ, તપ. ભાવ એ ચારે પુરુષો બિચારા ભૂખ્યા છે. પેલા ચોરટાઓ કોઇને કાંઇપણ આપવા દેતા નથી. બધાય દૂષણોમાં એક મિથ્યાત્વ જો ટળે તો ક્ષમા-મૃદુતા વગેરે દશ યતિધર્મો પ્રગટ થાય અને ભવ્યાત્મા બોધ પામે યાવત્ કેવળજ્ઞાન પ્રગટાવે.

**તા. ક.** કામ, ક્રોધ, માન, લોભ આદિ ચારે પુરુષો ભૂખ્યા છે. કદી તૃપ્ત થતા નથી. પણ જો દશ યતિધર્મ આવી જાય તો તેઓનું જોર ચાલે નહીં એ અર્થ પણ ઘટાવી શકાય છે.

(૫) જે કર્મયોગે સંસારમાં રખડતાં અનંતો કાળ ગયો તે કર્મોને કેમ ન જાણ્યાં ? આનંદઘનજી મહારાજ કહે છે કે-જે બ્રહ્મજ્ઞાની-આત્મજ્ઞાની હોય, તેજ આ પદનો ભાવ જાણી શકે છે અથવા તો જે આ પદનો ભાવ જાણી શકે છે તે બ્રહ્મજ્ઞાની થઇ મોક્ષ પ્રાપ્ત કરે છે.

## પૂ૦ પં૦ શ્રી વીરવિજયજી મહારાજના 'સુણ સોદાગર' પદનો ભાવાર્થ.

લેખક; **શ્રી મણિલાલ મોહનલાલ પાદરાકર-મુંબઇ.**

અનંત શક્તિનો ધણી જે આત્મા તેની પ્રિયતમા સુમતિ-ચેતના તે આત્માને કહે છે કે, 'હે આત્મા !! મહારા દિલની એકવાત તને કહું છું તે સાંભળ ! તું નરક-નિગોદ રૂપી દૂર દેશાવરમાં ભમતો ભમતો માનવભવ રૂપી નગરમાં આવી પહોંચ્યો છો અને અહિં તું સ્વરૂપરમણુતા પામવારૂપી સોદા કરવા સોદાગર બની આવ્યો છે, ઘણાં કર્મો ખપી ગયાં છે. ને માનવભવ રૂપી મોસમ મળી ગઇ છે, આર્યદેશ માનવભવ પાંચે ઇન્દ્રિયોની પૂર્ણતા, દેવ-ગુરૂધર્મની જોગવાઇરૂપી મોસમ મળી ગઇ છે, અત્યારે તો તારા જ્ઞાન-ગુણ-રમણુતા રૂપી માલનાં સવાયાં દામ ઉપજશે. માનવદેહરૂપી રતીપુરીમાં આવી પહોંચેલો તું જાણજે કે તારો અમુલખ માલ વેચવા તારે દલાલની ખાસ જરૂર પડશે. તેથી મન વાણી ને કાયા રૂપી ત્રણે દલાલને સાથમાં રાખી તેના માર્ફત સોદા કરશો તો નિજાતમ સ્વરૂપ લક્ષ્મી પામતાં બહોળો નફો થશે.

વળી પંચેન્દ્રિયના વિષયો રૂપી એ રાજના પાંચે દિવાનોના પગમાં બેડીઓ નાંખી જ્ઞાન ગુણ રૂપી માલમાંથી સારો નફો મળે તેનો નીકાલ કરજો. અને એ માલ, કર્મબંધનોનાં કારણો મિથ્યાત્વ, અવિરતિ, કષાય, અશુભયોગ રૂપી ઉંદરો ખાઇ બગાડે નહિં તેની ચાંપતી કાળજી રાખજો, વળી રાગ-દ્વેષ રૂપી બંને દગાબાજોને તો દૂરજ રાખજો, ને અજ્ઞાનરૂપી અંધકારમાં સીત્તેર કોડાકોડી પ્રમાણવાળી મોહની પ્રકૃતિના અનેક ઉંદરો એ ઉત્તમ માલ ખાઇ ન જાય, બગાડે નહી, તે માટે આત્મજ્ઞાનની જ્યોતિરૂપી દીપક સદાય જલતો રાખજો, કે માલ ચુવા બગાડે નહી. માલ ન વેચાઇ જાય-અનંત અવ્યાબાધ સુખદાતા મોક્ષ ન મળે ત્યાં સુધી માનવભવમાં તમારા સ્વરૂપમાં નિજાત્મભાવે સાવચેત રહેજો.

ચિત્તની અસ્થિરતા, અને મિથ્યાત્વરૂપી બંદર-વાંદરાંને (અંતરમાં) સાથે ન રાખશો. વળી દશવિધ યતિધર્મની દોસ્તી કરજો (તેમાં લીન રહેશો.) જનહર-પરપરિણુતિને તજશો. જિનેશ્વર ભગવાન (નિજાત્મા)ને ભજજો. જેને પામવા છે તે સ્વરૂપે થજો. અને નવતત્ત્વને રોમેરોમમાં ઉતારી નવતત્ત્વ રૂપી નવસેરો હાર કંઠમાં ધારણુ કરજો, જેથી શિયલની નવ વાડો સ્પષ્ટ જણાઇ સાચવી શકાશે. અને નિજાતમ સ્વરૂપ ઝંખના-ચિન્તવન વડે લક્ષ-આદર્શને પામજો અગર તો લખને (લક્ષમાં આવે તે) કાપી અલખ (અગર અગોચર-લક્ષમાં ન આવી શકે તેવા) નિજાતમ સ્વરૂપમાં એકતાર બની રહેશો. તો શિર પર ચૌદ રાજલોકના સમ્રાટપણાનો વિજયમુકુટ મૂકાશે. દેવતાઓ ચામર ઢોળશે. અને આપણે ઘેર (આત્મા-

# સ્પષ્ટ ખુલાસો

## પૂ૦ મુનિરાજ શ્રી અભ્યુદયસાગરજી મહારાજ

જૈન પત્ર વર્ષ-૫૫ના અંક-૪ માં (તા. ૨૦-૧૦-૫૬ના અંકમાં) પૃષ્ઠ ૫૪૦ "हिन्दी जैन जगत" એ મથાળા નીચે બીજા કોલમના અંતિમ પેરેગ્રાફમાં "श्रमण समुदाय खुलासा करे" આ હેડીંગથી "मोदी करणसी जैन" ની સહીથી લખાણ છે, તેથી તેનો ખુલાસો નીચે મુજબઃ-

કોઈપણ પૂ. આચાર્ય, પૂ. ઉપાધ્યાય, પૂ સાધુ અગર સાધ્વીજી મહારાજજીના સદુપદેશથી કોઇ પણ જિનમંદિરનું નિર્માણ થાય, અથવા તેઓશ્રી દ્વારા અંજનશલાકા-પ્રતિષ્ઠાદિ થાય તેટલા માત્રથી તે મંદિરાદિ ઉપર તેઓશ્રીની માલિકી થઈ શકતી જ નથી; પણ શ્રી તીર્થંકર ભગવંત સ્થાપિત જૈનશાસનની માલીકીનાં અને શ્રમણપ્રધાન શ્રી ચતુર્વિધ શ્રી સકલસંઘના સંચાલનમાં આવે છે, અને તે તે મંદિરાદિના વહીવટ કર્તા શ્રી સ્થાનિકસંઘો પણ સુવિહિત-પૂર્વાચાર્ય-ભગવંતોપદિષ્ટ--પરંપરાગત નિતિ-રીતિથી જૈનાગમ-શાસ્ત્રાદિ-પરંપરાપૂર્વક વહિવટ વગેરે કરવાને બંધાયેલાં છે.

વિશેષતઃ શાસ્ત્રાદિ પરંપરા મુજબ ચાલુ વહીવટમાં પોતાની સ્વચ્છંદવૃત્તિથી કોઇને પણ કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાનો લવલેશ પણ અધિકાર નથી.

બારમી શતાબ્દિ પૂર્વેના પણ સુવિહિત પૂર્વાચાર્યોએ નિત્ય પ્રક્ષાલન સ્નપન વિલેપનાદિ પૂજા કરવાનું વિધાન સ્પષ્ટપણે શાસ્ત્રોમાં જણાવેલું છે. તેથી કરીને શ્રી નન્દીશ્વરદ્વીપાદિ જિનમંદિરોમાં પ્રક્ષાલનવિલેપનાદિ પૂજાઓ બંધ કરવી-કરાવવી તે રૂપ આશાતના છતી શક્તિએ કરવા-કરાવવાનો અધિકાર કોઈને પણ નથી.

"શ્રી જિનપૂજા પધ્ધતિ" નામની પુસ્તિકા આપણી પરંપરાગત ઐતિહાસિક દૃષ્ટિથી અને શાસ્ત્રીય દૃષ્ટિથી પણ અપ્રમાણીક છે, તેથી કરીને પુસ્તિકાના લખાણ તરફ શ્રધ્ધાળુ શ્રાવકોને ધ્યાન દેવાની લવલેશ આવશ્યકતા નથી, પરંતુ સૂરિપુરંદર પૂ૦ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ અને ન્યાયાચાર્ય પૂ૦ શ્રી યશોવિજયજી ઉપાધ્યાય મહારાજ જેવા બહુશ્રુતધરો નિત્યપૂજાની હકીકત પ્રતિપાદિત કરે છે, તો પછી તેવા મહાપુરૂષોનાં વચનો ઉપર અવિશ્વાસ કરનાર આપણે કોણ ?

આ પુસ્તિકા સંબંધીનો ભ્રમ જેમ બને તેમ જલ્દી દૂર થાય તેના ખુલાસા જાણવાની અભિલાષાવાળાને હવે પછી અમારા લેખો વાંચવાની-વિચારવાની ખાસ ભલામણ છે.

★

---

સુમતિના ઘેર) રંગ-વધાઇ ગવાશે, જયજયકાર થશે.

આ શુભ વીરત્વ ભરેલા (શુભવિજયજી મહારાજના શિષ્ય શ્રી વીરવિજયજી કહે છે કે) એવા હે આત્મા ! પ્રાણેશ્વર ! પછી તમે આપણે ઘેર (સુમતિને ઘેર-આત્મ સ્વરૂપમાં) આવશો તો આપણી પતિ-પત્ની તરીકેની સગાઇ વધુ દૃઢ થશે-દીર્ઘ કાળની થશે.

હે માનવભવના સુંદર સોદાગર ! આમ તમે અનર્ગલ દ્રવ્ય તમારા સોદામાંથી મેળવી ધન્ય બની જશો. મોક્ષ પામશો.

# જ્ઞાન અને કર્મ

શ્રી ભવાનભાઇ પ્રાગજીભાઇ સંઘવી-બોરડી.

મનુષ્યને જ્યારે પાકે પાકો નિશ્ચય થઈ જાય કે, મને જે દુઃખના ભોગ પ્રાપ્ત થાય છે તે મારા પોતાના જ કરેલા કર્મનું જ એ ફળ છે, તો પછી એ મારાં જ કરેલાં કર્મનું ફળ ભોગવવામાં મારે શા માટે ઉદ્વિગ્ન થવું? જેમ સુખભોગ પણ મારાં જ કર્મના ફળરૂપે છે, તેમ દુઃખના ભોગ પણ મારાં જ કરેલા કર્મના ફળરૂપે છે; તો પછી સુખમાં ફૂલાઇ જવા જેવું શું છે? અને દુઃખમાં મુંઝાઇ જવા જેવું શું છે? વળી સુઃખ-દુઃખ કંઈ સદાય રહેવાવાળાં નથી, એ તો ક્ષણુ-ક્ષણુમાં બદલાયા જ કરે છે, તો પછી સુખ-દુઃખ બન્ને પ્રત્યે હું સમાન ભાવ કેમ ન રાખું? આખરે તો સુખ અને દુઃખ બન્નેય મારી જ કૃતિ છે ને? તો પછી એક પ્રત્યે રાગ અને બીજા પ્રત્યે દ્વેષ શા માટે? આવી રીતે વિચાર કરતાં કરતાં જ્યારે એ સુખ-દુઃખના ભાવમાં સમતા આવી જાય છે, ત્યારે માનવી સંસારમાં પણ મુક્તિસુખની ઝાંખી પામે છે. એટલે જ જ્ઞાનીઓ કહે છે કે—

'इहैव तैर्जित: सर्गो येषां साम्ये स्थित मन:' એટલે કે જે માનવીનું મન સુખ-દુઃખના ભોગમાં સમતા જાળવી શકે છે, તેવાઓએ તો "इहैव" એટલે આ જન્મમાં જ અર્થાત્ આ શરીરે જ સંસારને જીતી લીધો છે, એટલે કે, જન્મ-મરણુના બંધથી મુક્ત થઇ જાય છે.

નિકાચિત કર્મનો એક સામાન્ય નિયમ એવો છે કે, 'नामुक्तं क्षीयते कर्म कोटीकल्पशतैरपि.' એટલે કે, કરોડો કલ્પો વીતી જાય તો પણુ ભોગવ્યા સિવાય નાશ પામતું નથી.

જેમ લૌકિક અગ્નિ, લાકડાનો ગમે તેવડો ગંજાવર ગંજ હોય, તેને બાળીને ભસ્મ કરી નાંખે છે, એ જ રીતે જ્ઞાનરૂપી અગ્નિ પણુ કર્મનો ગમે તેવડો મોટો ભંડાર હોય તેને ક્ષણુવારમાં બાળી નાંખે છે. ઘાસની ગમે તેવડી મોટી ગંજીઓ ભલેને માઇલોના વિસ્તારમાં પથરાયેલી હોય તો પણુ તે એક જ દીવાસળી ચાંપતાં ક્ષણુવારમાં જેમ ભસ્મસાત્ થઇ જાય છે તેવી જ રીતે અનેક જન્મોનાં શુભાશુભ કર્મ જ્ઞાનાગ્નિની ચિનગારી પડતાં બળીને રાખ થઇ જાય છે. પરંતુ જે જે કર્મના ફળ ભોગવવા માટે જીવે આ દેહ ધારણુ કર્યો છે તે દેહે તેણે તે ફળો તો ભોગવવા જ પડે છે આથી દેહનું એક અર્થ-સૂચક નામ 'ભોગાયતન' એવું કહેવામાં આવે છે, એટલે ગતજન્મોના શુભા-શુભ કર્મો ભોગવવાનું સ્થાન કહેવાય છે.

જીવને વર્તમાન દેહથી જે જે સુખ-દુઃખ ભોગવવાનું નિર્માણુ થઇ ચૂકયું છે, એ તો તેણે તે દેહે ભોગવ્યે જ છૂટકો છે. બાકી ભાવી જીવનનું નિર્માણુ. તે પોતાની ઇચ્છાસુજબ કરી શકે છે, પરંતુ નિર્માણુ થઇ ગયેલાં કર્મ ભોગવવામાં તેનાથી રજમાત્ર પણુ ફેરફાર થઇ શકે તેમ નથી. આ વિષય બહુજ સમજણુ-પૂર્વક સમજવાની જરૂર છે. તેના નીચેના એક દૃષ્ટાંત ઉપરથી સમજાશે.

ચોમાસાની શરૂઆતમાં મોટાં મોટાં રસદાર જાંબુ જેના ખાવામાં આવ્યાં છે એવા એક માણુસને જાંબુ ઉપર બહુજ લાલસા જાગી. તેથી તેણે તો એક જાંબુડો વાવવાનો નિશ્ચય કર્યો અને ચોમાસામાં એણે તો એક જાંબુનો ઠળિયો વાવી પણુ દીધો, ઠળિયામાંથી અંકૂર ફુટયો અને વૃક્ષ વધવા માંડયું અને યોગ્ય સમયે તેની ઉપર જાંબુ પણુ બેસવા લાગ્યા, જેમ જેમ મ્હોટા ખાવા લાયક જાંબુ થતાં

ગયા તેમ તેમ પેલો માણસ જાંબુ ઉતારીને ખાવા લાગ્યો. એમ કરતાં કરતાં બહુજ જાંબુ ખાવાથી, એ તો ઓકરાઇ ગયો, અને પછી તો એને જાંબુ ઉપર અરુચિ પેદા થઇ, પછી તે વિચાર કરવા લાગ્યો કે, હવે આ ઝાડ ઉપર કેરી થાય તો ? એ માટે તો એણે ઘણાં-એક માણસોને પૂછયું, પણ એવો કોઇએ ઉપાય બતાવ્યો નહિં. પણ ઉલટાં સૌ મશ્કરી કરવા લાગ્યા. એ એમ જેને તેને પૂછયા જ કરે છે કે- હવે 'આ ઝાડ ઉપર કેરી થાય તો ઠીક,' એમ કરતાં એક વિવેકી માણસે તેને સમજાવ્યું. કે, 'ભાઇ ! જાંબુડે તો જાંબુ જ આવે બીજું કોઇ ફળ તે ઝાડ પર બેસેજ નહીં, તારે જો કેરી જ ખાવી હોય તો તું એક આંબો વાવ અને તેને ફળ લાગે ત્યારે તે કેરી તું સુખેથી ખાજે. ત્યાં સુધી તો જાંબુ સિવાય તને કાંઈ મળે એવું નથી. જે વાવ્યું તેનાં જ ફળ મળે છે.'

એ રીતે ભાઇ ! જે સુખ-દુઃખ ભોગવવાનાં જે કર્મ આ દેહ માટે નિકાચિતપણે નિર્માણ થઇ ચૂકયા છે, એ તો આ દેહમાં જીવ છે ત્યાં સુધી તેણે ભોગવ્યે જ છૂટકો છે. બાકી ભાવી નિર્માણ કરવું એ એના હાથની વાત છે. તે પોતાની ઈચ્છામુજબ કરવા સ્વતંત્ર છે, અર્થાત્ આંબો વાવવો હોય તો તેમ કરી શકે છે, યા તો બાવળ વાવવો હોય તો તેમ પણ કરી શકે છે. પરંતુ ભૂતકાળ તેનાથી કોઇ પણ હિસાબે ફેરવી શકાય એમ નથી. બાવળ ઉપર લાખો પ્રયત્ન કરવા છતાં પણ કોઇ કાળે પણ કેરી ઉત્પન્ન થઈ શકે જ નહિ.' એ કર્મના અક્ષય ભંડારનો નાશ કરવા માટે જ્ઞાનાગ્નિ સિવાય બીજું કોઇ સાધન નથી, પણ "સદ્ગુરુ તથા શાસ્ત્રોનો આશરો લ્યો" જ્ઞાનચક્ષુઓથી તત્વ જોઇ સમજીને નૂતન નિર્માણ કરો તો અવશ્ય ઈચ્છિત ફળ પામશો.

એટલે એ હકીકત નિશ્ચિત થઇ કે-

૧ વર્તમાન જન્મમાં જીવ પોતાના આત્માના ઉર્ધ્વગમનનો પુરૂષાર્થ કરવામાં સર્વ પ્રકારે સ્વતંત્ર છે, તેને કોઈ રોકી શકે તેમ નથી.

૨ જે જે નિકાચિત કર્મનાં ફળ ભોગવવા માટે જીવે આ શરીર ધારણ કર્યું છે તેને જે નિર્માણ થયેલા છે તે સુખ-દુઃખ આવે તે સમભાવે ભોગવવાનાજ છે એમાં તો કોઇથી કશોય ફેરફાર થઈ શકે એવું નથી. બાકી ભાવીનું નિર્માણ જીવ પોતાની ઇચ્છા મુજબ કરી શકે છે, પરંતુ ભૂતકાળના નિર્માણને ફેરવી શકશેજ નહિ.

૩ નિકાચિત કર્મોનો જે અખૂટ સંચય છે એ અજ્ઞાનપણે અકામનિર્જરા દ્વારા ભોગવટાથી કોઇપણ રીતે ખૂટે એમજ નથી માટે જન્મ-મરણની જંજાળમાંથી છુટવું હોય તો હરકોઇ ઉપાયે જ્ઞાન-તત્વજ્ઞાન પ્રાપ્ત કરી લેવું જોઇએ જેથી એ જ્ઞાનાગ્નિથી તમામ સંચિત કર્મો બળીને ખાખ થઇ જાય.

મુખ્યત્વે સમજવાનું કે-જ્યાં સુધી જીવ કર્મવિરતિ પામે નહિં ત્યાં સુધી તો જીવને દેહ ધારણ કરવો પડે છે અને કર્માનુસાર સુખ-દુઃખ ભોગવવાં જ પડે છે. પણ માનવી શું નથી કરી શકતો ? સંસારની અસારતા સમજીને ભવભ્રમણમાંથી છુટવા માટેનો ઉત્તમોત્તમ માર્ગ એ છે કે-જે ચારે કષાયો ક્રોધ-માન-માયા-લોભ ટલ્યા, એટલે જીવભ્રમણ ટલ્યું સમજવું.

# ❁ સમાચાર૦સંચય૦ ❁

**'કલ્યાણ'માં જાન્યુઆ ૫૭'ના અંકથી તેના વાચકવર્ગની સતત માંગણીને અનુલક્ષીને નવો વિભાગ ઉઘડે છે. લગભગ ચાર પેજના આ વિભાગમાં જૈનસમાજમાં બનતા અનુમોદનીય આરાધનાના સમાચાર મુખ્યત્વે પ્રસિદ્ધ થશે, તદુપરાંતઃ મુનિવિહાર, દીક્ષા, પ્રતિષ્ઠા, ઉપધાન, ઉદ્યાપન, સંઘ, ધાર્મિક મેળાવડા, અનેકાનેક ધર્મપ્રવૃત્તિઓ જે હિંદભરમાં ન્હાનામાં ન્હાના ગામડાથી માંડી, શહેર સુધી પુણ્યપ્રવૃત્તિઓના ટુંકા સમાચારો, મુદ્દાસર શબ્દોમાં, વાંચનાર વર્ગને રોચક તથા ઉદ્બોધક બને તે રીતે પ્રસિદ્ધ કરવામાં આવશે.**

**સર્વ કોઇ 'કલ્યાણના શુભેચ્છક ધર્માનુરાગી મહાનુભાવોને અમારી નમ્ર અપીલ છે કે, દરમહિનાની ૨૫ મી તારીખ સુધીમાં, તમારી જાણમાં જે કોઇ સમાજ તેમજ શાસનના ઉપયોગી, આરાધનાના સમાચારો હોય, તે જેમ બને તેમ મુદ્દાસર શૈલીમાં, ટુંકાણમાં અને મહત્ત્વની હકીકતોવાળા અનુમોદનીય સમાચારો અમને અવશ્ય મોકલાવી આપશો.**

**કલ્યાણ સમાજનું છે, સર્વ કોઇનો અવાજ ઝીલવા અને તે દ્વારા ધર્મ, સમાજ તથા શાસનસેવા કરવા કાજે કલ્યાણ પ્રયત્નશીલ છે, કલ્યાણના વિકાસમાં તમે તમારો ફાળો આ રીતે એને સહાયક બનવા દ્વારા નોંધાવો !**

**—સંપાદક૦**

★

**પાટણ :** પૂ૦ પાદ આચાર્ય મહારાજ શ્રી વિજયભદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભનિશ્રામાં ઉપધાનતપની આરાધના ચાલી રહી છે. લગભગ ૧૫૦ ઉપરાંત ભાઇ-બ્હેનો તેમાં લાભ લઇ રહ્યા છે. પોષ વદિ પાંચમના માલારોપણ થશે.

**સુરત :** પૂ૦ પાદ આચાર્ય મહારાજ શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજ શ્રી તથા પૂ૦ પાદ આ૦ મ૦ વિજયધર્મસૂરીશ્વરજી મ૦ શ્રીની શુભનિશ્રામાં ઉપધાનતપની આરાધના ચાલે છે. પોષ વદિમાં માલારોપણ થશે. સારી સંખ્યામાં ભાઇબ્હેનો આરાધના કરી રહ્યા છે. આ ચાતુર્માસમાં ચૈત્યપરિપાટી તથા ચાતુર્માસ પરિવર્તન આદિ ધર્મકાર્યો સુંદર ઉજવાયા છે.

**મુંબઇ-દાદર :** પૂ૦ પાદ આ૦ મ૦ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ શ્રી તથા પૂ૦ પાદ આ૦ મ૦ શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભનિશ્રામાં ઉપધાનતપનો માલારોપણ મહોત્સવ માગશર સુદિ ૧૧ ના મંગલ મુહૂર્તે ઉજવાઇ ગયો. જેમાં ૧૦૦ ઉપર માળા હતી. દેવદ્રવ્યની આવક સારી થઇ હતી.

**ભીલડીયાજી :** માગશર વદિ ૧૦ પોષદશમીનો પ્રભુ શ્રી પાર્શ્વનાથ પરમાત્માનાં જન્મકલ્યાણકનો મેળો જે દર વર્ષે ભરાય છે, તેમ આ વર્ષે ભરાયો હતો. આજુ-બાજુના લગભગ ૨૫-ગામોના ભાઇઓ ઘણી મોટી સંખ્યામાં આવ્યા હતા. લગભગ ૬ થી ૭ હજાર ભાઈ-બ્હેનો આ અવસરે આવેલા, લીલાધર નિવાસી એક ભાઇ તરફથી વદિ નોમ, દશમ તથા અગીયારસ એમ ત્રણ દિવસ નવકારશીનું જમણ થયું હતું. પૂ૦ પં૦ મ૦ શ્રી ચરણવિજયજી મહારાજ તથા પૂ૦ પં૦ શ્રી કનકવિજયજી ગણિવર શ્રી આદિ મુનિવરો પધાર્યા હતા. ઉણ તથા ભાભેરના સ્વયંસેવક મંડળે અને બેંડે સારી સેવા બજાવી હતી. દેવદ્રવ્ય તથા અન્યાન્ય ખાતાઓમાં લગભગ રૂા. ૫ હજારની ઉપજ થઇ હતી.

**ભદ્રેશ્વરજી :** પૂ૦ પાદ આ૦ મ૦ શ્રી વિજયકનકસૂરીશ્વરજી મ૦ શ્રીની શુભનિશ્રામાં ગુરુમૂર્તિની પ્રતિષ્ઠાનો મહોત્સવ અહિં ઉજવાઇ ગયો. માગશર સુદિ ૧૧ ના શુભ દિવસે પ્રતિષ્ઠા થઈ હતી. કચ્છના બધા પ્રદેશોના ભાઇઓ સારી સંખ્યામાં આવ્યા હતા. રાધનપુરનિવાસી તપસ્વી કાનજીભાઈની મંડલી ક્રિયાઓ કરાવવા આવેલ. આઠે દિવસોમાં નવકારશી હતી.

**શંખેશ્વરજી :** મારવાડ-બેડા નિવાસી ભાઈ હિંમતલાલ વનેચંદ તરફથી શ્રી શંખેશ્વરજી તીર્થની શુભનિશ્રામાં પૂ૦ પાદ આચાર્ય મ૦ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીના વરદહસ્તે ઉપધાનતપની આરાધનાનો પોષ સુદિ ૧૩ થી પ્રારંભ થશે. ઉપધાનમાં ૫૦૦ લગભગ ભાઇ-બ્હેનો જોડાવાનો સંભવ છે.

**રાધનપુર :** પૂ૦ પાદ પં૦ મ૦ શ્રી કનકવિજયજી ગણિવરશ્રીની નિશ્રામાં શ્રી મેનાબાઇ જૈન પાઠશાળાનો પરીક્ષાનો મેળાવડો યોજાયો હતો. બાળાઓને તથા

બાળકોને લગભગ ૧૭૫ રૂ. ના પારિતોષિકો વ્હેંચાયા હતા, શિક્ષકોને પણ સન્માનવામાં આવ્યા હતા. પરીક્ષક શ્રી વાડીલાલભાઇની પ્રેરણા તથા પૂ૦ મહારાજશ્રીના ઉપદેશથી સ્નાત્રમહોત્સવની યોજનામાં રૂા. ૩૨૦ થયા હતા. આયંબિલખાતાની વ્યવસ્થા અહિં સારી છે, વર્ષ દરમ્યાન ૨૦ હજાર આયંબિલો થાય છે, તેમાં ૬ હજાર રૂા૦ ની ખોટ રહે છે. પૂ૦ પં૦ મ૦ શ્રીના ઉપદેશથી ૪ હજાર રૂા. શ્રી સંઘમાંથી થયા હતા. દરવર્ષે ચૈત્ર તથા આસોની શાશ્વતી ઓળી શેઠ જીવતલાલ પરતાપશીભાઈ તરફથી થાય છે. જેમાં ૩ હજાર આયંબિલો થાય છે.

**સુરેન્દ્રનગર :** પૂ૦ પાદ પં૦ શ્રી કાંતિવિજયજી ગણિવર શ્રી તથા પૂ૦ પાદ મુનિરાજ શ્રી રાજવિજયજી મ૦ શ્રી-બન્નેને વર્ધમાનતપની ૧૦૦ મી ઓળી ચાલુ છે. પારણું પોષ સુદિ ૧ નું આવે છે. મુંબઇથી પૂ૦ પાદ આચાર્ય મ૦ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભનિશ્રામાં તપશ્ચર્યાની નિર્વિઘ્ન પૂર્ણાહુતિનો ભવ્ય મહોત્સવ શ્રી સંઘ તરફથી ઉજવવામાં આવનાર છે. પૂ૦ પાદ આ૦ મ૦ શ્રી૦ મુંબઇથી વિહાર કરીને માહ સુદિમાં સુરેન્દ્રનગર ખાતે પધારશે તેમ જણાય છે.

**રાજપુર :** પૂ૦ મુનિરાજ શ્રી રાજવિજયજી મહારાજશ્રીની શુભનિશ્રામાં ઉપધાનનો માલારોપણ મહોત્સવ માગશર સુદિ ૫ ના સુંદર રીતે ઉજવાયો હતો. ૧૨૫ લગભગ માળાઓ હતી. એકંદરે ૧૫ હજારની ઉપજ થઈ હતી.

**થરા :** પૂ૦ પાદ આ૦ મ૦ શ્રીમદ્ વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભનિશ્રામાં માગશર સુદિ પાંચમના માલારોપણ મહોત્સવ ઉજવાયો હતો. માળાઓ ૭૫ લગભગ હતી. એકંદરે ઉપજ સારી થઇ હતી.

**સુરત :** શ્રી દેસાઈ પોળ જૈન પેઢીના પ્રમુખ તથા ટ્રસ્ટી ધર્મનિષ્ઠ ભાઇ શ્રી હીરાભાઇ નગીનભાઇ જરીવાળા જેઓ ઉદારદિલ અને ધર્મક્રિયામાં તત્પર સદ્‌ગૃહસ્થ હતા. તેઓ ચાલુ વર્ષના કાર્તિક સુદિ ૭ ને શનિવારના રાત્રે દસ વાગ્યે સમાધિપૂર્વક મૃત્યુ પામ્યા છે. તેઓ મહિનામાં ચાર પૌષધો, દરરોજ ઉભયકાલ પ્રતિક્રમણ, આદિ ધર્મક્રિયાના અનુરાગી હતા. તેઓએ પાલીતાણામાં શત્રુંજયવિહાર ધર્મશાળામાં રૂા. એક લાખ આપ્યા હતા. સુરતમાં કા. વદિ ૧૧ થી ઉપધાનતપનો પ્રારંભ થવાનો હતો તેમાં તેમની ભાવના પ્રવેશ કરવાની હતી. પણ ભવિતવ્યતા બલવાન છે. તેમની સ્મશાનયાત્રામાં સર્વ કોઇએ ભાગ લીધો હતો. તેમના ધર્મશીલ આત્માને ધર્મારાધના દ્વારા જ્યાં હો ત્યાં શાંતિ પ્રાપ્ત થાઓ! તેમના મૃત્યુથી તેમના પરિવારના દુઃખમાં અમે સમવેદના વ્યકત કરીએ છીએ. સુરતના શ્રીસંઘ તરફથી શોકસભા પણ થઇ હતી.

**નાકોડાજી :** રાજસ્થાન સરકાર તરફથી વિધાન સભામાં 'હિંદુ સાર્વજનિક ટ્રસ્ટ બીલ જે પાસ થયું હતું, તે કેટલીક ટેકનીકલ ખામીઓના કારણે ભારત સરકારના રાષ્ટ્રપ્રમુખે રદ કર્યું છે. છતાં તેની વિનાશકતા જોતાં સમાજ ઉપર જે ભય ઝઝુમી રહ્યો છે, તે જરાયે ઓછો થતો નથી. આ બીલની ધર્મસ્થાનોની પવિત્રતાને દરેક રીતે ભય મૂકનારી વિનાશકતા સમજી રાજસ્થાનની પ્રજાને તે માટે જાગ્રત કરવા પૂ. પાદ મુનિવર્ય્ય શ્રી ધર્મસાગરજી ગણિવરશ્રીની શુભ પ્રેરણાથી શ્રી નાકોડાજીતીર્થમાં રાજસ્થાનના અનેક સંઘોની મીટીંગ પોષ વદિ ૧૦-માગશર વદિ ૧૦ના મેળા ઉપર મળી હતી. જે સમયે યોગ્ય ઠરાવો થયા હતા.

**ભોયણીજી :** અમદાવાદ નજીક શ્રી ભોયણી મુકામે શ્રી મલ્લીનાથ પ્રભુજીની યાત્રાર્થે આવનાર જૈન યાત્રિકો ઉપર લેવાતા કર વિષે જૈનસમાચારમાં જે આંદોલનો ચાલી રહ્યાં છે. તેનું હજુ શુભ પરિણામ આવ્યું નથી. ભોયણી ગ્રામપંચાયતે તા. ૩૧-૧૨-૫૬ની મીટીંગમાં તા. ૧-૨-૫૭થી યાત્રાળુવેરો લેવાનો ઠરાવ કર્યો છે, આ અંગે જૈન સમાજના આગેવાનોએ તેમાંયે ભોયણીની નજીકના શ્રી અમદાવાદના જૈનસંઘે આ માટે વધુ સખ્ત વિરોધ પ્રદર્શિત કરવાની જરૂર છે.

**પુના શહેર :** પૂ૦ પાદ પંન્યાસજી મહારાજ શ્રી યશોભદ્રવિજયજી ગણિવરશ્રીની શુભનિશ્રામાં ઉપધાનતપની આરાધના સુંદર રીતે થઇ હતી. માળારોપણ મહોત્સવ ભવ્યરીતે ઉજવાઈ ગયો. દેવદ્રવ્યની ઉપજ

સારી થઇ હતી સમાજમાં ધર્મજાગૃતિ સુંદર થઇ છે.

**વાપી :** પૂ૦ પાદ પંન્યાસજી મહારાજ શ્રી પ્રવીણુવિજયજી મહારાજશ્રીની પુણ્યનિશ્રામાં ઉપધાન-તપની આરાધના સુંદર રીતે થઇ હતી. માળારોપણુ મહોત્સવ સુંદર રીતે ઉજવાયો હતો, દેવદ્રવ્યની ઉપજ સારી થઇ હતી. પૂ૦ પંન્યાસજી મહારાજશ્રીના શિષ્ય રત્ન પૂ૦ પાદ મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજશ્રીના સદુપદેશથી અત્રેના શ્રી સંઘે ધર્મારાધના માટે વિશાલ પૌષધશાળા–ઉપાશ્રય બંધાવવાનો નિર્ણય કર્યો છે.

**વિજાપુર** પૂ૦ પાદ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજશ્રીની વરદ છત્રછાયામાં ઉપધાનતપની આરાધના અનુપમ થઈ હતી. માલારોપણનો મહોત્સવ ભવ્યરીતે ઉજવાયો હતો. દેવદ્રવ્યાદિની ઉપજ સારી થઈ હતી. પૂ૦ આચાર્ય મહારાજ શ્રી તથા પૂ૦ મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજ આદિ અહિંથી વિહાર કરી સોલાપુર બાજુ પધાર્યા છે.

**કલકત્તા :** પૂ૦ પાદ આચાર્ય મહારાજ શ્રીમત્ ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભનિશ્રામાં ચાતુર્માસ આનંદપૂર્વક ધર્મારાધનમાં વ્યતીત થયું છે. શ્રી સમેતશિખરજી તીર્થના જીર્ણોદ્ધાર માટે પૂ૦ આ૦ મ૦ શ્રીની શુભ પ્રેરણાથી કાર્ય આગળ વધી રહ્યું છે. પૂ૦ મહારાજશ્રી તે બાજુ વિહાર કરી પધાર્યા છે.

**પાવાપુરી :** પૂ૦ પાદ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીના સદુપદેશથી ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવની અંતિમ દેશનાના પુણ્યસ્થળે લાખ્ખોના ખર્ચે ભવ્ય અને અલૌકિક જિનમંદિર તૈયાર થઇ રહ્યું છે, જેને અંગે પ્રતિષ્ઠા તથા અંજનશલાકા મહોત્સવ ખૂબજ શાનદાર રીતે પોષ મહિનામાં ઉજવાશે. પોષ વદિ ૬ તથા ૭ ના મંગલદિવસોમાં પ્રતિષ્ઠા મહોત્સવ થશે, તેમ સમાચાર પ્રાપ્ત થયા છે.

**પાલીતાણા :** તાજેતરમાં શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમની સ્થાપનાના પચાસ વર્ષનો સુવર્ણ મહોત્સવ શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઇની અધ્યક્ષતામાં ઉજવાઇ ગયો. જેમાં તે સંસ્થાના ભૂતપૂર્વ તથા વર્તમાનના વ્યવસ્થાપકોએ તથા વિદ્યાર્થીવર્ગે ઠીક ઠીક ઉત્સાહ દાખવી, અનેકાનેક કાર્યક્રમો ઉજવ્યા હતા.

**ગોરેગાંવ :** [મુંબઇ] નવું જિનાલય તૈયાર થઇ રહેલ છે. શ્રી પ્રભુ પ્રવેશ થઇ ગયો છે. દહેરાસરનું કામ અધુરૂં છે. પૈસા વિના અટકયું છે. દસથી પંદર હજાર રૂા. ની જરૂર છે તો શ્રીમંત મહાશયોને ઉદાર સખાવત કરવા વિનંતિ છે.

**અમદાવાદ :** શ્રી શાંતિચંદ્ર સેવા સમાજે માનવ સેવા અંગે કપડાં ઉઘરાવવાની પ્રવૃત્તિ હાથ ધરી છે. જે કપડાં એકત્ર થાય છે તે અમદાવાદની આજુબાજુ નિરાધાર માણસોને પહોંચાડવામાં આવે છે. કપડાં લગભગ પચાસ હજાર ઉપરાંત એકઠાં થાય છે.

**મુંબઇ :** જૈન ધાર્મિક શિક્ષણ સંઘે આજનાં બાળકોમાં વક્તૃત્વ અને લેખન શક્તિનો વિકાસ થાય એ માટે 'કળિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય અને ગૂર્જરેશ્વર કુમારપાળ' એ વિષય ઉપર હરિફાઇ યોજી છે. વધુ વિગત માટે મુંબઇના સીરનામે લખવું.

**ગોધરા :** [પંચમહાલ] શ્રી રિદ્ધિવિજયજી જૈન પાઠશાળાને પંચાવન વર્ષ પૂર્ણ થયા એ નિમિત્તે તા. ૨૩–૨૪ ડીસેમ્બર ૧૯૫૬ના રોજ જ્ઞાન સારસ્વત મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. બહારગામથી મહેમાનો સારા પ્રમાણમાં પધાર્યા હતા.

**ભાભર :** જૈન પાઠશાળાની પરીક્ષા મહેસાણાના પરીક્ષક શ્રી વાડીલાલ મગનલાલ શેઠે લીધી હતી. એ અંગે સંઘવી હરગોવીંદદાસ પરસોત્તમદાસના પ્રમુખપણા નીચે એક ઇનામી સમારંભ યોજવામાં આવ્યો હતો.

**વીશનગર :** ઉપાધ્યાયજી શ્રી ધર્મવિજયજી મહારાજશ્રી આદિની નિશ્રામાં જૈન પાઠશાળાની પુનઃ સ્થાપના થઇ છે, શ્રી વ્રજલાલ ભુદરભાઇ તરફથી ઇનામો અપાયાં હતાં.

**ભાવનગર :** શ્રી આત્માનંદ જૈન સભાના માનનીય સેક્રેટરી સ્વ૦ શ્રી વલ્લભદાસભાઇ ગાંધીના તૈલ ચિત્રની અનાવરણવિધિનો એક સમારંભ તા. ૨૯–૧૨–૫૬ ના રોજ પૂ૦ મુનિરાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજની નિશ્રામાં યોજવામાં આવ્યો હતો, બપોરના શેઠશ્રી ભોગીલાલ મગનલાલના પ્રમુખપણા નીચે મહુવાનિવાસી શ્રી હરખચંદ વીરચંદ ગાંધીનો સત્કાર–સમારંભ યોજવામાં આવ્યો હતો.




ઈસુનું ૧૯૫૬ મું વર્ષ પૂર્ણ થયું, અને અને ૫૭ મું વર્ષ આજે બેઠું, છતાં ઇસુને પયગંબર માની તેના નામે દુનિયામાં અનેકોને ડહાપણભરી શિખામણ દેનારી તેની પ્રજા, આજે યૂરોપ અને એશીયાના દેશોમાં જે દાનવલીલા આચરી રહેલ છે, તે તેની સભ્યતાને શરમાવનારૂં હીણપતભરેલું કાર્ય કહી શકાય. સૂએઝ નહેરને અંગે જે સામ્રાજ્યશાહી વર્તન ફ્રાન્સ તથા બ્રિટનના સત્તાધીશોએ ચલાવ્યું છે, તે છેલ્લે છેલ્લે તે બન્ને દેશોના માંધાતાઓના ડહાપણનું દેવાળું ઉઘાડે છોગે જણાઈ આવ્યું છે.

આજે અમેરિકાના દબાણથી તથા યૂનોની માધ્યસ્થીથી બ્રિટીશ સૈન્યો અને ફ્રાન્સનાં સન્યો પોત-પોતાનાં બિસ્તરાપોટલા લઇને પાછા વળવા માંડ્યા છે. જે જોર શોરથી તથા બેશરમપણે તેમણે ઈજીપ્તમાં સશસ્ત્ર સૈન્યોથી દખલગીરી કરી; હજારો માનવોને રંજાડ્યા, તે રીતે નાલેશીપૂર્વક તેમને પાછા ફરવું પડયું છે, આમાં બ્રિટન કે ફ્રાન્સના સત્તાધીશોની પ્રતિષ્ઠા કેટલી વધી? તે સમજી શકાતું નથી. કેવલ સત્તાના બેફામ ઉન્માદ સિવાય ઇજીપ્ત પરનાં આ આક્રમણમાં અન્ય કશું જ ન હતું એમ કહી શકાય!

પણ આ આક્રમણે કેટલું બધું દારૂણ પરિણામ આણ્યું છે, તે સત્તાવાર જ્યારે સમાચાર આવશે, ત્યારે બધું ચોક્કસ જાણી શકાશે, છતાં યુ. પી. આઇ. નો સંદેશો જણાવે છે કે ઈજીપ્ત પરનાં આ આક્રમણના પરિણામે એકલા પોર્ટસૈયદમાં ૬૫ હજાર માનવો ઘરબાર વિનાના બન્યા છે. ૭૫૦૦ માનવો ઠાર થયા, અને સૂએઝ વિસ્તારમાં ૧૫ હજાર માનવો ઠાર થયા, અને આર્થિક નુકશાની ૨૫ કરોડ પૌંડની થઈ, અને ૨૫૮૦ વિમાનોએ રાત-દિવસ પોર્ટસૈયદ, ઇસ્માઈલીયા વગેરે ઉપર ચાર દિવસ સુધી સતત બોંબમારો કર્યે જ રાખ્યો છે. ૩૯૦ યુધ્ધ જહાજોની વિનાશિકાઓએ ત્રણ દિવસ તોપમારો કર્યો હતો, અને આ આક્રમણમાં ૪ લાખની એંગ્લોફ્રેન્ચ સેના મેદાને પડી હતી,' આટ-આટલો વિનિપાત સરજવા છતાં એંગ્લો-ફ્રેન્ચ સૈન્યદળોનાં હાથમાં કશું જ આવ્યું નહિ, આબરૂ ગૂમાવીને બ્રિટન-ફ્રાંસે છેવટે યૂરોપની દુનિયામાં ઉભા રહેવા માટે પોતાનાં સૈન્યોને બોલાવી લીધા. જે માટે વ્યવહારમાં બોલાતી પેલી કહેવત પ્રમાણે 'સોના સાઠ' કરવા જેવું તે બન્ને દેશના સત્તાધીશોએ વર્તન કર્યું છે.

યૂરોપના એક ખૂણે જ્યારે સૂએઝનહેરનો પ્રશ્ન તંગ બન્યો છે, અને છેલ્લા ૪ મહિનાથી તેને અંગે બધા દેશો શસ્ત્રાસ્ત્રો ખખડાવવા મંડી પડયા છે, તેમ બીજી બાજુ રશીયાના માંધાતાઓ પણ સત્તાના નશામાં પાગલ બન્યા છે. હંગેરી તથા પોલેંડમાં રશીયાના વર્તમાન સત્તાધીશોએ ખરેખર ઉગ્ર દમન આચરી, ત્યાંની પ્રજાને ગૂંગળાવી નાંખવા ખૂબજ અત્યાચારો કર્યા છે. જેના પરિણામે ત્યાંની પ્રજાએ

બળવો પોકાર્યો છે. પોતાના સામ્યવાદની પકડમાં તે તે દેશોની પ્રજાને મજબૂત રીતે પકડી રાખવાની ગુલામશાહી મનોદશામાં રાચતા રશીયાના સૂત્રધારોને પોલેંડ કે હંગેરીની પ્રજા સ્વતંત્ર બનવા ઇચ્છે તે કેમ પોષાય ? હંગેરીમાં તો લગભગ ૬–૭ અઠવાડિયા સુધી રશીયન સૈન્યોના અત્યાચારો ચલુ રહ્યા ! પરિણામે ૨૫ હજાર હંગેરીયનો માર્યા ગયા છે, અને વળતા પગલામાં ૭ હજાર રશીયનો પણ માર્યા ગયા છે. આ જાહેરાત અમેરિકા જતાં પહેલાં ભારતની પાર્લામેન્ટમાં પં. જવાહરલાલજીએ કરી છે, જે રશીયાના સર્વસત્તાધીશોએ ભારતમાં પંચશીલ સિદ્ધાંતોની જાહેર ઉદ્દ્ઘોષણા કરી હતી, અને અમેરિકા, ફ્રાંસ, અને બ્રિટનનાં સામ્રાજ્યશાહી માનસની પેટપૂર ઝાટકણી કાઢી હતી, તે લોકો જ્યારે આજે પોતાના પગ નીચે રહેલા દેશોને ગુલામની જેમ દબાવી રાખવાની જે મેલી રમતો રમી રહ્યા છે, અને તેની ખાતર લાખ્ખો પ્રજાજનોને ક્રૂર રીતે દમવા અત્યાચારો આચરી રહ્યા છે, તે હાથીનાં દાંત જેવી દંભી રમત જ કહી શકાય. આજે યૂરોપના બધા દેશો એક જ માટીના ઘડાયેલા છે. એ સ્પષ્ટ થાય છે, કે–પ્રજાશાસન કે લોકશાસનની વાતો કરનારા આ બધા દેશો, પોત–પોતાની નાગચૂડમાં રહેલા ન્હાના દેશોને સ્વતંત્ર બનાવવા બિલકુલ તૈયાર નથી, પણ એ બ્હાને એક–બીજા પરસ્પર એક બીજાને ઉતારી પાડવા સિવાય કશું જ નક્કર પગલું પ્રજાશાસન કે લોકશાસનના શબ્દોચ્ચાર કરનારા આ દેશોને સૂઝતું નથી.

❀

વિશ્વના દેશો જ્યારે આ રીતે સત્તાશાહી માનસની મેલી રમતનો શિકારી દાવ ખેલી રહ્યા છે, ત્યારે ભારતમાં ૫૭ ના પ્રારંભમાં ચૂંટણીના તોફાનો મચી રહ્યાં છે. લાખ્ખો–ક્રોડો રૂ૦ આ ચૂંટણી પાછળ ભારત જેવા હજુ વિકાસના પહેલા પગથીયા પર પગ મૂકનારા દેશમાં ખરચાઈ જશે, મુંબઇ શહેરમાં ૧૬ લાખ રૂ૦ કોંગ્રેસપક્ષને ચૂંટણીના પ્રચાર માટે જોઈશે, તેવી ટહેલ મુંબઈની કોંગ્રેસ સમિતિના પ્રમુખ પાટીલે એક નિવેદન દ્વારા પાડી છે. આ રીતે ભારતના અનેક પ્રદેશોમાં, અનેક રાજ્યકીય પક્ષોને ચૂંટણી જીતવા જે ક્રોડોનો ધૂમાડો કરવાનો રહેશે, તે કેવલ સેવાના નામે સત્તાને હાથ કરવાના પ્રયત્નો જ કહી શકાય. આજના યુગમાં જ્યારે આટ–આટલા સાધનો છે, તે પરિસ્થિતિમાં સમગ્ર ભારતદેશનું તંત્ર એકજ પાર્લામેન્ટ કે સરકાર દ્વારા ખુશીથી ચાલી શકે, છતાં આજે સમસ્ત દેશમાં કેટ–કેટલી સરકારો, તેની અલગ–અલગ પાર્લામેન્ટો–વિધાનસભાઓ, તેની વ્યવસ્થા માટે લાખ્ખોના ખર્ચાઓ, તેની ચૂંટણી માટેના પ્રજાના હાથે થતા પારાવાર ખર્ચાઓ, આ બધું ખરેખર નાટક જ છે ને ? અનેક પ્રધાનો, અનેક નાયબ પ્રધાનો, તેના સેક્રેટરીઓ આમાં લગભગ ક્રોડો રૂ૦ વ્યવસ્થા પાછળ જ ખરચાઈ રહ્યા છે !

ભારતદેશમાં જ્યારે એક વ્યક્તિ દીઠ વાર્ષિક આવક ૨૨૫ રૂ૦ ની ગણાય છે, તે સ્થિતિમાં દેશની સેવા માટે ચૂંટણી જીતીને ચૂંટાઇ આવેલા પ્રધાનોનો માસિક પગાર ૧૧૦૦ રૂ૦ નો છે, એટલે દેશની માથા દીઠ આવક કરતાં સેવાભાવી પ્રધાનનો પગાર ૫૩ ગણો થયો, આ સ્થિતિ ભારતમાં છે, જ્યારે બ્રિટનમાં ત્યાંની સરકાર પોતાના પ્રધાનોને પગાર ફક્ત ૧૫ ગણો આપે છે, આમ આજે ભારત દેશના સરકારી તંત્રમાં પ્રાંતદીઠ પ્રધાનો, નાયબ પ્રધાનો,, સેક્રેટરી આદિના પગારોમાં કરોડો રૂ. ખરચાઇ રહ્યા

છે. છતાં દેશની વ્યવસ્થામાં કેટલીક વખતે સો મણુ તેલે અંધારા જેવું બને છે.

❀

**ભા**રત સરકારની બધી પ્રવૃત્તિઓ કરતાં યે તેની હિંસક પ્રવૃત્તિ ખૂબ જ ખતરનાક છે, એમ કહ્યા સિવાય ચાલતું નથી. હિંસાના તોફાનો કોંગ્રેસ સરકારે આટ-આટલા વધાર્યા છતાં, દેશનું કશું જ ભલું તેણે હિંસા દ્વારા સાધ્યું નથી, અને આ દેશની હવા, વાતાવરણુ તથા તેની સંસ્કૃતિ એ જાતની છે, કે હિંસા દ્વારા ભારતની પ્રજાનું સર્વાંગીણુ હિત કદિ સાધી શકાશે નહિ, છતાં કોંગ્રેસી તંત્રવાહકો આજે તો આંખો મીંચીને હિંસાની પાછળ પડયા છે અને તે તંત્રવાહકોને ખુશ રાખવા તે ધોળી ટોપીવાળાઓની જ્યાં જ્યાં વ્યવસ્થા હોય, ત્યાં ત્યાં બસ હિંસાની જ બોલ-બાલા હોય છે. તાજેતરમાં સુરતની મ્યુનિસીપાલિટીએ સુરત શહેરમાં એક ઉંદરને પકડી લાવનારને બે પૈસા આપવાની જાહેરાત કરી હતી, જેના પરિણામે ૨૦ હજાર ઉદરો પકડાયા હતા, અને તે ઉદરોને સુરતની મ્યુનીપાલિટીએ મારી નંખાવ્યા, કેટ-કેટલી નાપાક અને નિર્દય આ મનોદશા? આજે કોંગ્રેસીતંત્રમાં હિંસાવાદ જે રીતે ફાલ્યો-ફૂલ્યો બની રહ્યો છે, તે સાંભળતાં અને જાણુતાં જીવદયાપ્રેમી લાખો માનવોનાં કાળજા કપાઇ જાય છે, છતાં સત્તા તથા લોકપ્રિયતાના માદક નશામાં ચકચૂર રહેતા આ કોંગ્રેસમેનોનાં હૈયાને સ્હેજ ધીમો પણુ આંચકો નથી આવતો એ ખરેખર વિવેકભ્રષ્ટ આત્માઓનું પતન અનેક દિશાયેથી થતું રહે છે, એ કહેવત સાચી પડી જાય છે.

❀

**સ્વ**તંત્ર ભારતના સર્વસત્તાધીશ વડાપ્રધાન પં. જવાહરલાલજી, અમેરિકા, કેનેડા, બ્રિટન આદિ દેશોની ઉડતી મુલાકાત લઇને હિંદમાં પાછા આવી ગયા છે. અમેરિકાના પ્રેસિ૦ આઇઝન-હોવરે પં. જવાહરલાલજીને ખાસ માન આપ્યું છે. અને પોતાના અંગત નિવાસસ્થાને માન-પૂર્વક લઈ જઈ કલાકોના કલાકો સુધી મંત્રણાઓ કરી છે. ભારતસરકારની બિનઆક્રમણ-કારી નીતિ તથા કોઇ પણુ પ્રદેશ પર વગર અધિકારે કે વગર વિચાર્યે કબ્જો લેવાનો વિચાર સરખો પણુ નહિ, આ જ તેની મોટામાં મોટી પ્રતિષ્ઠા, આજે તેને દુનિયાના દરેક દેશોમાં માનપાત્ર સ્થાન આપી શકેલ છે. તદુપરાંત, પં. જવા-હરલાલજીનું કોઇપણુ દેશની અન્યાયભરી સત્તા-શાહી નીતિ પ્રત્યે પુણ્યપ્રકોપ પ્રગટ કરવા માટેનું સહૃદયી વલણુ પણુ દુનિયાનાં પ્રત્યેક દેશના સત્તાધીશોને આકર્ષણુ કરનારૂં છે. નૂતન ચીન, રશીયા, અમેરિકા, બ્રીટન, ઈજીપ્ત, કે યુગોસ્લો-વેકીયા, પોલેંડ, હંગેરી કે ઈઝરાયેલ ઇત્યાદિ પ્રત્યેક દેશો ભારતની તટસ્થ નીતિને બિરદાવી રહ્યા છે. ભારતનું આ સમાધાનકારક શાંતિપ્રીય વર્તન, તેની જુગ જુની પ્રાચીન સંસ્કૃતિ કે સભ્યતાને અનુરૂપ છે, એમ અતિશયોક્તિ વિના કહી શકાય! છતાં એટલું તો જરૂર ઉમેરવું જરૂરી છે કે.—સર્વપ્રિય બનવાની ઇચ્છા કે આકાંક્ષા ધરાવનાર ભારતદેશના તંત્રવાહકોએ પોતાના દેશમાં સત્તાદ્વારા જાણે-અજાણે ફેલાવાતા ત્રાસવાદ, દમન, કોઇપણુ વિરૂધ્ધ વિચાર ધરાવનાર વિરોધપક્ષ પ્રત્યેનું કિન્નાભર્યું વર્તન, હિંસા, ગોલીબાર, ઇત્યાદિ અરાજક તત્ત્વોને અવશ્ય ડામી દેવા જરૂરી છે. કોઇપણુ નિર્મળ સ્વચ્છ અને નિર્ભેળ પ્રજાશાસનમાં માનનાર લોકપ્રીય સરકારને માટે આ બધાં અનિષ્ટોથી પર બનવાની પહેલી જરૂર

છે, આજે જ્યારે દેશની ચોમેર ચુંટણી-પ્રચાર જોરશોરથી ચાલવાની તૈયારીઓ થઇ રહી છે, તે અવસરે વર્તમાન સત્તાધીશોને ફરી-ફરીને એક જ કહેવાનું રહે છે કે, ભારતદેશની નૈતિક, સામાજિક જે સંસ્કૃતિ પ્રવાહબધ્ધપણે વહેતી આવી છે, તેને ભૂલે-ચૂકે રૂંધવાના વિઘાતક પગલાં ભરતાં રોકાઇ જજો! ભારત-દેશની પ્રજાના ધર્મ કે ધર્મની પવિત્ર લાગણીની સામે ચેડા કરવાનું મહાપાતક રખે આચરતા! નહિતર દેશના કલ્યાણ, અભ્યુદય કે વિકાસના નામે તમારાજ હાથે દેશનું ભયંકર અહિત અચ-રાઇ જશે. એ રખે ભૂલતા! તા. ૩-૧-૫૭ :


शीघ्रता कीजिये ! **मूल्यमें भारी कमी** शीघ्रता कीजिये !!

अर्ध शताब्दी महोत्सवके उपलक्षमें चैत्र शुक्ला पूर्णिमा सं. २०१३ तक

# श्री अभिधान राजेन्द्र कोष

का पूरा सेट सातों भागका मूल्य १५५) के बजाय केवल १२५) लिये जावेंगे। इसके अतिरिक्त हमारे यहांसे निम्न लिखित पुस्तकें भी मंगाइये।

सूक्त मुक्तावली मूल्य रु. २) चन्द्रराज चरित्र (संस्कृत) मूल्य रु. २) द्रष्टान्त शतक मूल्य १।)गच्छाचार पयन्ना (हिं० अनु०) मूल्य रु. २) शांत सुधारस भावना मूल्य रु. १)

—: प्राप्तिस्थान :—

भूपेन्द्रसूरि जैन साहित्य समिति – आहोर (राजस्थान)

## 'વર્ધમાનતપ માહાત્મ્ય' પુસ્તક તૈયાર થઈ ગયું છે!

**આજે જ તમારો ઓર્ડર નોંધાવો!**

મહામંગલકારી શ્રી વર્ધમાનતપના મહિમાને તથા તેની ઉપકારકતાને દર્શાવનારા, પૂ૦ પાદ સુવિહીત વિદ્વાન મુનિવરોનાં સંખ્યાબંધ મનનીય લેખો, વર્ધમાનતપની વિધિ. તથા વર્ધમાનતપની આરાધનાનો ભૂતકાલીન ભવ્ય ઇતિહાસ, શ્રી ચંદ્રકેવલીથી માંડીને વર્તમાનકાલના વર્ધમાનતપની આરાધના કરનારા પ્રભાવશાલી આત્માઓનો પરિચય, સંખ્યા-બંધ પ્રાસંગિક ચિત્રો, સફેત ટકાઉ કાગળો ઉપર છાપકામ, લગભગ ક્રા૦ ૧૬ પેજી ૨૫ ફરમાઓ ઉપરાંતનું સાહિત્ય, ઓર્ડપટ્ટી પૂંઠું, આકર્ષક ગેટ અપ, દ્વિરંગી જેકેટ; છતાં વર્ધમાનતપધર્મના રસિકોને ઉપયોગી હોવાથી મૂલ્ય રૂ. ૩-૦-૦ (પોસ્ટેજ અલગ)

વર્ધમાનતપના મહિમાને તથા તપસ્વીઓના પરિચયને દર્શાવતું આ અપૂર્વ પ્રકાશન, સર્વ કોઇને ગમી જાય તેવું છે, આજે જ તમારો ઓર્ડર નોંધાવો!

લખો: **શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર પાલીતાણા.** (સૌરાષ્ટ્ર)

## —: નવા સભ્યોની શુભ નામાવલી :—

૧૧) શ્રી જતનબાઈ રાજનાંદગાંવ, શ્રી આશકરણુ કોચરની શુભપ્રેરણાથી.

૧૧) શ્રી નંદલાલ જી. ગાંધી હાવરાસાલકીયા

૧૧) શાહ ધનજીભાઇ ભુરાભાઈ આકરૂ, પૂ૦ મુનિરાજ શ્રી પૂર્ણભદ્રવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી.

૧૧) શ્રી દીપચંદભાઇ ડુંગરશી સુરેન્દ્રનગર

૧૧) શ્રી કીકાભાઇ છગનલાલ મુંબઇ–૪

શ્રી સેવંતિલાલ વી. જૈનની શુભપ્રેરણાથી.

પૂ૦ પંન્યાસજી શ્રી કનકવિજયજી મહારાજશ્રીના શિષ્યરત્ન પૂ૦ મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી થયેલા સભ્યોનાં નામો નીચે મુજબ.

૧૧) શ્રી કાંતિલાલ વરધીલાલ શાહ મુંબઇ–૪

૧૧) શ્રી સેવંતિલાલ હીરાલાલ જૈન ભાભર

૧૧) શ્રી જૈન સંઘ લોદરા [બનાસકાંઠા]

૧૧) શ્રી જેશીંગભાઇ કલ્યાણભાઇ થરાદ

૧૧) હરખચંદ નથુભાઈ સાવરકુંડલા, પૂ૦ મુનિરાજ શ્રી પૂર્ણભદ્રવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી.

શ્રી મેઘજીભાઇ રૂપશીભાઇ ન્યેરીવાળાની શુભપ્રેરણાથી થયેલા સભ્યોનાં શુભનામોઃ

૧૩) શ્રી હરખચંદ ચંદેરીઆ કીસી

૧૩) શ્રી દેવરાજ શીવરાજ નાઇરોબી

૧૩) શ્રી હરખચંદ હંસરાજ કીયામ્બુ

૧૩) મેસર્સ શાહ સીડર માર્ટ નાઇરોબી

૧૩) શ્રી લખમશી મેઘાભાઈ અરૂશા

૧૩) શ્રી વેલજી પેથરાજ નાઇરોબી

૧૩) શ્રી ચંદુલાલ લખમશી ,,

૧૩) મેસર્સ વેલજી એન્ડ કું. ,,

૧૩) શ્રી મોતીચંદ સોજપાળ ,,

૧૩) શ્રી કરમશી માયા મેરૂ

૧૩) શ્રી મણીલાલ બ્રધર્સ મોમ્બાસા, શ્રી ખીમજી દેવાભાઈની શુભપ્રેરણાથી.

૧૩) શ્રી ભગવાનજી ઠાકરશી જંગબાર, શ્રી દામોદરભાઇ આસકરણની શુભપ્રેરણાથી.

શ્રી દેવસીભાઇ જીવરાજ થીકાવાળાની શુભપ્રેરણાથી થયેલા સભ્યોના શુભનામોઃ

૧૨) શ્રી કંચનબેન નેમચંદ શાહ થીકા

૧૩) શ્રી લાધાભાઇ ખીમજી થીકા

૧૨) કોલો નીયલ પ્રોવાઇડર્સ લી. નાઇરોબી


## : શ્રી શત્રુંજય પટદર્શન :

પરમપુનિત તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજના પ્રતિકરૂપે શ્રી શત્રુંજય પટદર્શનને પૂ૦ આચાર્યદેવાદિ મુનિરાજોએ અનાદિકાળથી માન્ય કરેલ છે.

ગૂર્જર આર્ટ સ્ટુડીયોએ ધર્મભાવનાને પ્રધાનપદે રાખી બનાવેલ પટોમાં પાલીતાણા સ્ટેશનથી તલેટી સુધીનો દેખાવ, તલેટીમાં વરઘોડાનું દશ્ય, બાબુની ટુંક, ડુંગર ઉપર જવાનો રસ્તો, વિસામાકુંડ, નવટુંક, દાદાનો દરબાર, છગાઉનો રસ્તો, ભાડવો ડુંગર, તથા દૂર–દૂરમાં શેત્રુંજી નદી, કદંબગિરિ, તથા ગિરનારજી સુધીના દર્શન થાય છે.

અમોએ હાલમાં પ્રાચીન ઢબે તૈયાર થતા પટોમાંથી દર્શનભાવનાને લક્ષમાં રાખી દર્શનીય ભાગ અનામત રાખી બાકીના ભાગમાં સુધારો–વધારો કરી અર્વાચીન પદ્ધતિથી નેચર ઢબે અને નેચર–સ્કેલ નાખી, નવો જ પ્લાન તૈયાર કરેલ છે. જે દરેક સ્થળે પસંદગી પામ્યો છે.

શ્રી શત્રુંજય તીર્થપટ ઉમદા કેનવાસ ઉપર, પાકા રંગના પાણીથી ધોઇ શકાય તેવા સારા સોનાના વરખવાળા રચનાત્મક, દર્શનીય અને ગેરંટેડ બને છે.

**ગૂર્જર આર્ટ સ્ટુડીઓ, પાલીતાણા [સૌરાષ્ટ્ર]**

# રૂા પંદરમાં ત્રણ હજાર પેજનું વાંચન.

| | |
|---|---|
| મહાકવિ ધનપાલ | ૦—૮ |
| પવિત્રતાને પંથે | ૦-૧૨ |
| પ્રભુના પંથે જ્ઞાનનો પ્રકાશ | ૦—૮ |
| જૈનતત્ત્વ સારાંશ | ૦—૮ |
| શાંતિનો માર્ગ | ૦-૧૦ |
| પ્રશ્નોત્તરી બોધમાળા | ૧—૨ |
| રામબાણ ઉપાય | ૦—૮ |
| પ્રશમરતિ | ૦—૮ |
| શ્રાવકયોગ્ય આચાર—વિચાર | ૦—૮ |
| જૈનતત્ત્વપ્રવેશક જ્ઞાનમાળા | ૦—૮ |
| અમર બલિદાન | ૧—૪ |
| પ્રશ્નોત્તર—રસધારા | ૦—૮ |
| જૈન દૃષ્ટિએ યોગ | ૨—૮ |
| કાવ્ય સુધાકર | ૩—૦ |
| ભક્તિ ભામંડલ | ૧—૦ |
| શત્રુંજય દિગ્દર્શન | ૧—૦ |
| કુદરતી ઉપચારો | ૩—૮ |

આખો સેટ ખરીદનારને વીશ ટકા કમીશન કાપી આપીશું. પોષ્ટેજ ખર્ચ અલગ.

કુલ ૧૭ પુસ્તકો, ત્રણ હજાર પેજનું વાંચન, કિંમત રૂા. ૧૮-૧૨-૦ કમીશન કાપી રૂા. ૧૫-૦-૦

**સોમચંદ ડી. શાહ પાલીતાણા [ સો[illegible] ]**

—: મુદ્રક : હીરચંદ જગજીવન શેઠ, કલ્યાણ [illegible] પાલીતાણા :